

* ગુલાબદાસ બ્રોકર
* સુંદરમ્
* યશવંત પંડ્યા
* રમણલાલ સોની
* જેઠાલાલ ત્રિવેદી
* ચંદ્રવદન મહેતા
* ભોગીલાલ ગાંધી
* રમણલાલ દેસાઈ

—ઉમાશંકર જોષી

: ગુલાબદાસ બ્રોકર :

હાથમાં ખાદીની ટોપી અને એકાદ પુસ્તક. ખાદીનું ઝીણું ધોતિયું ને રેશમી પહેરણ. તીક્ષ્ણ કૌતુકવતી દૃષ્ટિ. પણ હસે ત્યારે તમારી ટીકા કરે છે કે શું એવું તમને થાય કદાચ. પોતે બ્રોકર કરતાં ગુલાબનું વિશેષ.

: સુન્દરમ :

પહેરણ ઉપર જાકીટ, ને કાખમાં છત્રી. વાત કરતાં પણ જાણે ધ્યાનમાં હોય એમ ઢળતાં પોપચાં. મોંગોલ જેવું ... કરતાં ... જાણે ગાતા હોય એવું.

હસે

શે
ગ
પ
કર
એ
સ

સ
હોય ...

: ભોગીલાલ ગાંધી :

અર્ધી બાંયનું કદાચ આખું હોય તો પણ અર્ધી ચડાવેલી બાંયનું પહેરણ, પણ એ ઉપરથી તમારી સાથે ઝઘડવા આવે છે એમ રખે માની બેસતા. અથવા તો ઘોઘરા અવાજે બોલે એથી પણ. પ્રાગ્યના પણ એમના એ જ ઇલાજ છે. ટૂંકી, સુકલ, ખડતલ, બરછટ આકૃતિ, એ જોઈ એમાંગ્ કવિતા માટે પસંદ કરેલા ઉપનામની સાર્થકતા એકદમ સમજાઈ જાય છે.

લ તા

●

[આઠ પ્રકરણમાં એક સળંગ વાર્તા]

લતા

(આઠ પ્રકરણમાં એક સળંગ વાર્તા)

: લેખકો :

ગુલાબદાસ બ્રોકર

સુન્દરમ્

યશવંત પંડ્યા

રમણલાલ સોની

જેઠાલાલ ત્રિવેદી

ચન્દ્રવદન મહેતા

ભોગીલાલ ગાંધી

રમણલાલ દેસાઈ

•

લતામંડપ

ઉમાશંકર જોષી

પદ્મ પ્રકાશન લિમિટેડ

— મુંબઈ —

કિંમત અઢી રૂપિયા

લતા

પ્રથમવાર : સપ્ટેમ્બર, ૧૯૪૪

: મુદ્રક :
વિ. આર. સાવંત
એસોશીએટેડ એડવર્ટાઇઝર્સ
એન્ડ પ્રિન્ટર્સ લિમિટેડ
૫૦૫, આરથર રોડ, તારદેવ
મુંબઈ ૭

: પ્રકાશક :
મોરારજી પદ્મસી
પદ્મ પ્રકાશન લિમિટેડ
લક્ષ્મી બિલ્ડિંગ, ત્રીજે માળે
ફિરોઝશાહ મહેતા રોડ, કોટ
મુંબઈ ૧

આ પુસ્તક વિશે......

'**લતા**'નો ઇતિહાસ જાણવા જેવો છે. સંવત ૧૯૯૨ના માહના 'પ્રસ્થાન'માં 'લતા શું બોલે ?' નામક શ્રી. ગુલાબદાસ બ્રોકરની ટૂંકી વાર્તા પ્રસિદ્ધ થઈ. એ વાર્તા સંપૂર્ણ અને સ્વતંત્ર જ હતી પરંતુ શ્રી. સુન્દરમ્ એ વાર્તાને પૂરી થતી હતી ત્યાંથી આગળ ચલાવવા લલચાયા અને એમણે 'સુરેશ બોલ્યો' નામનું પ્રકરણ લખી મોકલ્યું. બીજા મિત્રોને આ પ્રયોગ ગમ્યો અને એક પછી એક કુલ સાત પ્રકરણો લખાયાં. શ્રી. રમણલાલ દેસાઈએ છેલ્લું પ્રકરણ લખવાનું માથે લીધું હતું. કેટલી કુશળતાથી એમણે આ અત્યંત કઠિન કાર્ય પાર પાડયું છે તે વાચકો પોતે જ જોઈ શકશે.

આવો પ્રયોગ બંગાળી સાહિત્યમાં સફળતાથી થયો છે. ગુજરાતીમાં પણ આ અગાઉ 'ગુજરાત' માસિકમાં જુદા જુદા સુપ્રસિદ્ધ લેખકોએ આવી રીતે વાર્તા રચવા પ્રયાસ કર્યો હતો. પરંતુ પુસ્તકાકારે પ્રસિદ્ધ થતી આ પ્રકારની વાર્તા આપણા સાહિત્યમાં આ પહેલી જ છે.

આવા પ્રયોગની અનુકૂળતા કરી આપવા બદલ 'પ્રસ્થાન' માસિકનો તેમજ અદમ્ય ઉત્સાહથી એક પછી બીજા લેખકને આ પ્રયોગમાં રસ લેતા કરી એનો સફળ અંત લાવવામાં સહાયરૂપ થનાર 'પ્રસ્થાન'ના આદ્યતંત્રી અને આપણા સુપ્રતિષ્ઠિત કવિ, વાર્તાકાર અને વિવેચક શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠકનો ઉલ્લેખ અહિં આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે.

પણ 'લતા'ને અનુરૂપ 'મંડપ' આપી શ્રી. ઉમાશંકર જોષીએ પ્રયોગની નવીનતામાં અપૂર્વતા ઉમેરી છે. 'લતામંડપ'માં બધાયને બનાવી છેવટે 'લતા'ને તો તેઓ પોતાની સાથે જ લેતા જાય છે. 'પ્રવેશક'નો આ નૂતન પ્રકાર વાચકોને જરૂર આકર્ષશે એમ અમે માનીએ છીએ.

આથી વિશેષ તો વાર્તા પોતે જ કહેશે. આપણા સુપ્રસિદ્ધ લેખકોના સહસર્જનના ફળરૂપ 'લતા'ને પુસ્તકાકારે ગુજરાત સમક્ષ ધરતાં અમને હર્ષ થાય છે. સરસ કથા હોવા ઉપરાંત એક સફળ અને સુંદર પ્રયોગ તરીકે વાચકોને એ ગમશે એવી આશા રાખીએ છીએ.

અનુક્રમ

★

૧. લતા શું બોલે ?

સુરેશ અને નિરંજન બાલપણથી જ મિત્રો હતા. બન્ને સાથે જ રમ્યા હતા અને સાથે જ ભણ્યા હતા. કૉલેજમાંથી પણ બન્ને સાથે જ પસાર થયા હતા. અને એટલાં બધાં વર્ષોના સતત પરિચયે પણ તેમની મૈત્રીમાં અવજ્ઞા પેદા નહોતી કરી. બન્નેને અનેક સંબંધો બંધાયા હતા, જુદાજુદા વિષયોના રસને લઈને બન્ને જુદાંજુદાં મંડળોમાં પણ ભળ્યા હતા, પરંતુ તેમનો એકબીજા પ્રત્યેનો પ્રેમ જરા પણ ઓછો નહોતો થયો.

બેએક વર્ષ પહેલાં સુરેશનાં લતા સાથે લગ્ન થયાં. લતા એક સંસ્કારી છોકરી હતી. છસાત ચોપડી અંગ્રેજીનો તેણે અભ્યાસ કર્યો હતો. સંગીત સારું જાણતી. કંઠ મીઠો હતો. બધી સ્ત્રીઓ અતિસુંદર ન હોય અને લતા પણ અતિસુંદર તો નહોતી જ, પણ તેનામાં આકર્ષણ તો અદ્ભુત હતું. તેનો સુંદર અંગમરોડ, તેના સ્મિતનું લાલિત્ય અને નયનની ચપળતા ગમે તેને આકર્ષવા શક્તિમાન થતાં.

લતા મળતાવડી પણ બહુ જ હતી. બન્ને મિત્રોમાં તે ખૂબ જ ભળી ગઈ. તે લોકોને પોતાની મૈત્રીનું વર્તુળ જરી મોટું કરવું પડ્યું અને લતાને તેમાં સમાવવી પડી. હવે તે બે મટી ત્રણ મિત્રો બન્યાં.

ત્રણે ય સાથે જ ફરતાં, સિનેમાઓ સાથે જોતાં, અને ચર્ચાઓ પણ સાથે જ કરતાં.

* * *

નિરંજન સાહિત્યરસિક હતો. તેણે ખૂબ સાહિત્ય વાંચ્યું હતું. દેશદેશના સાહિત્યકારોએ સર્જેલું સૌંદર્ય તેણે માણ્યું હતું. અને જેમ દરેક સાહિત્યરસિકને હોય છે તેમ તેને પણ સરસ લેખકોની સુંદર કૃતિઓનો રસ પોતે પી બીજાને પાવાનો શોખ હતો. કોઈ સુંદર નવલકથા, ટૂંકી

વાર્તા કે કાવ્ય પોતે વાંચ્યું હોય તેનું વર્ણન તે સુરેશ અને લતા પાસે કરે જ, અને તેમને પણ પોતે અનુભવેલા રસના ભાગીદારો બનાવે. સુરેશ પણ રસિક હતો; આ બધું સમજી શકતો; પરંતુ તેને વધુ રસ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક વિષયોમાં પડતો. કોઈકોઈ વાર તે નિરંજનને આ બધા કલ્પનાના વિહારોમાંથી મુક્તિ મેળવી વિજ્ઞાન વિષે માહિતી મેળવવા ખૂબ સમજાવતો, પણ પેલાને તો સમર્થ સાહિત્યકારોએ કરેલા માનવસ્વભાવનાં નિરીક્ષણ અને નિરૂપણમાં એટલો રસ આવતો કે વૈજ્ઞાનિક વિષયોમાં ઊંડા ઊતરવાની તેને હોંસ જ પેદા નહોતી થતી. આવી ચર્ચાઓ વખતે લતા અચૂક નિરંજનનો પક્ષ ખેંચતી.

વિજ્ઞાન જેવા સુક્કા, લુખ્ખા વિષયમાં કોઈ રસ કેમ લઈ શકતું હશે તેનો ખ્યાલ જ લતાને નહોતો આવતો. અને સાહિત્ય તો તેને પહેલેથી ગમતું હતું. પણ છસાત ચોપડી બિચારી ભણી હોય, છોકરી જન્મી એટલે ઘેર કામકાજ કરવામાં પણ અમુક સમય વ્યતીત કરવો પડ્યો હોય, તેમાં તેણે સાહિત્ય કેટલું વાંચ્યું હોય? પોતાની ચોપડીઓમાં આવેલાં મોટાંમોટાં અવતરણો તેણે વાંચ્યાં હોય, બહુબહુ તો એકાદ શિક્ષિકાએ ખાસ ભલામણ કરેલી બેચાર જૂના લેખકોની ચોપડીઓ વાંચી હોય, અને ગુજરાતી સાહિત્યની ચોપડીઓ મળી શકી હોય તેટલી વાંચી લીધી હોય. તેમાં નિરંજન આવી જગતસાહિત્યની વાતો કરે; માનવસમાજના અને માનવસ્વભાવના અણઉકેલાયેલા કોયડાઓ કેવી રીતે ઉકેલાઈ રહ્યા છે તે પોતાની રસપ્રદ શૈલીથી વર્ણવે; લતાનાં ભણવાનાં પુસ્તકોમાં કે તેણે વાંચેલાં કલાપી વગેરેનાં કાવ્યોમાં ક્યાંય પણ દેખા ન દીધી હોય તેવી કવિતાસમૃદ્ધિની વિકાસકથા કહી બતાવે. આ બધામાં તેને રસ કેમ ન પડે? છેલ્લાં બેએક વર્ષમાં તો નિરંજનના સહવાસથી તે કંઈક વાંચતાં પણ શીખી હતી, અને મુનશી કે રમણલાલ કરતાં સારા વાર્તાલેખકો દુનિયામાં સેંકડોને હિસાબે પડ્યા છે તેનું જ્ઞાન પણ તેને થવા માંડ્યું હતું. અને આ બધા માટે તેણે નિરંજનનો જ ઉપકાર માનવાનો હતો. પછી તે સુરેશ અને નિરંજન વચ્ચેની ચર્ચામાં નિરંજનનો જ પક્ષ ખેંચે તેમાં નવાઈ શી?

લતા શું બોલે?

લતા સુરેશને ખૂબ ચાહતી. આવો પતિ પોતાને મળ્યો તેને પોતાનું અહોભાગ્ય માનતી. સુરેશ ભણેલ હતો, સંસ્કારી હતો, રસિક હતો. અત્યારના સ્ત્રીસ્વાતંત્ર્ય વગેરેના વિચારો તે પચાવી ગયો હતો અને લતાને દરેક વાતની છૂટ આપતો. તે ગમે તેની સાથે હરે, ફરે, બોલે, હસે તેમાં તે કંઈ પણ વાંધો નહોતો લેતો કે વહેમ નહોતો દાખવતો. લતા તેની ભલમનસાઈનો દુરૂપયોગ કરે તેવી પણ ક્યાં હતી? સુરેશનો બાંધો પણ સરસ હતો અને ધંધામાં પણ તે ઠીકઠીક પ્રગતિ કરી રહ્યો હતો. લતા અને સુરેશ વચ્ચે સ્વભાવ અને સંસ્કારનો પણ સુમેળ હતો, પછી લતા સુરેશને કેમ ન ચાહે?

છતાં કોઈ કોઈવાર લતાને લાગતું કે નિરંજનમાં કાંઈક એવું હતું જે સુરેશમાં નહોતું. તે કાંઈક શું હતું તે પોતે પણ કહી નહોતી શકતી. નિરંજનની વાતોદ્વારા જે ઊંચા રસપ્રદેશમાં વિહાર કરવાનું મળતું તે સુરેશની વાતોમાં નહોતું મળતું. નિરંજનની કાવ્યપ્રિયતા સુરેશની વિજ્ઞાનપ્રિયતા કરતાં વધારે રસમય નહોતી? આવાઆવા વિચારો લતાના મગજમાં આવતા અને પસાર થઈ જતા. એ વિચારો આવતાં જ તે પોતાને દોષિત માનતી અને તેવા વિચારો દૂર કરવા પ્રયત્ન કરતી. પરંતુ જ્યારે જ્યારે કોઈ સુંદર કાવ્ય ચર્ચાતું હોય, નિરંજન તે કાવ્યના રસ સાથે તન્મય બની કવિતા ઉકેલતો હોય, ત્યારે લતા તેની સામે જ જોઇ રહેતી. તે પોતે પણ નહોતી જાણતી કે એવી લાગણીઓનો અર્થ શો? નિરંજન કે સુરેશ તો જાણે જ ક્યાંથી?

નિરંજનને પણ લતા સાથે બહુ ગોઠતું. તે તેની પ્રિય શિષ્યા બની હતી. ઘણી વખત સુરેશ નિરંજનની મશ્કરી કરતો. તેણે બહુ વખાણેલા કોઈ કોઈ કાવ્યને અને તેના ભાવોને તે વેવલા કહેતો. ચર્ચા વખતે પણ સાહિત્યસેવીઓનાં વ્યાવહારિક અજ્ઞાન વિષે ટીકા કરતો. અને કોઈ કોઈ વાર મોજ મેળવવાની ખાતર પણ તે નિરંજનને પજવતો. લતા આમાંનું કશું નહોતી કરતી. તેને મન નિરંજનના સાહિત્યવિષયક અભિપ્રાયો છેવટના લાગતા. તેને વિષે તે દલીલ નહોતી કરતી. અને કોઈ કોઈ વાર તેને લાગતું કે પોતાનું અજ્ઞાન છુપાવવા સુરેશ નિરંજનની મશ્કરી કરી

તેને ઊડાવી દેવા માગે છે. કોઈક વાર જ આમ લાગતું, પણ લાગતું તો ખરું જ. કોઈવાર સુરેશને ઑફિસેથી આવતાં મોડું થયું હોય અને નિરંજન ત્યાં આવ્યો હોય ત્યારે લતા અને તે કાવ્યો સંબંધી જ વાતો કરતાં હોય અને કોઈ કોઈવાર સાથે કાવ્યો પણ વાંચતાં હોય.

પોતા વિશેનો અનુકૂળ અભિપ્રાય મનુષ્ય ઝટ સ્વીકારી લે છે. કોઇ આપણને વિદ્વાન માને તો આપણે—આપણે જાણતાં હોઈએ કે આપણે વિદ્વાન નથી છતાં—ખૂબ આનંદમાં આવી જઈએ છીએ. લતાના અભિપ્રાયોદ્વારા નિરંજનનું અભિમાન પોષાતું. તેને પણ કોઈ કોઈ વાર લાગતું કે સુરેશ જાણી જોઈને આડાઈ કરે છે.

કાવ્ય સમજાવતો હોય ત્યારે શિક્ષક શિષ્યોનાં મોં સામું જોઈ રહે છે. જો તેમાંથી તેને ઉત્તેજન મળે, સમજવાની અધીરાઈ અને ઉત્સાહ દેખાય, તો પોતે પ્રોત્સાહિત બની વધારે રસથી તે કાવ્ય સમજાવી શકે છે. નિરંજન પણ ઘણી વખત સુરેશ અને લતા પાસે કાવ્ય વાંચતો હોય ત્યારે તેમની સામે જોઈ રહેતો. લતાના ચહેરામાં તેને તે કાવ્ય સમજવાનો, તેના રસમાં ડૂબી જવાનો અવર્ણ્ય તલસાટ દેખાતો, અને તે તેની સામે જ જોઈ રહેતો. કોઈક વાર ઓચિંતાં જ તેને થઈ જતું કે આમ જોઈ રહેવામાં શિક્ષકની શિષ્યનો રસ માપવાની તટસ્થ વૃત્તિ જ હશે કે બીજું કાંઈ? સમજ નહોતી પડતી. તે ક્ષોભ પામી નજર પાછી ખેંચી લેતો, પણ નજર અજાણતાં પણ પાછી ત્યાં જ ચોંટી હોય.

બન્ને નિર્દોષ હતાં. બન્ને સુરેશ પ્રત્યેના પ્રેમથી રક્ષાયેલાં હતાં. છતાં કોઈકોઈ વખત બન્ને એકલાં બેઠાં હોય ત્યારે બન્નેને એકબીજાની બીક લાગતી.

* * *

સુરેશ અને નિરંજનનો એક મિત્ર લાંબા વખતથી બહારગામ રહેતો હતો. આજે સવારે તે આવવાનો હતો. તેને લેવા સ્ટેશને છએક વાગ્યા પહેલાં પહોંચવું જોઈએ. રાત્રે ખૂબ આનંદ કર્યો પછી ત્રણે મિત્રો જુદાં પડ્યાં હતાં. જતી વખતે સુરેશે નિરંજનને કહ્યું હતું :

'કાલે સવારે વહેલું ઊઠવું પડશે. હું કદાચ નહિ ઊઠી શકું. તું મને ઊઠાડવા આવજે. ભૂલીશ નહિ હોં!'

'ભલે.' નિરંજનનો જવાબ હતો.

સવારના પહોરમાં પાંચ વાગ્યામાં નિરંજને સુરેશનું બાર ઠોક્યું. સુરેશે તરત જ તે ઊઘાડ્યું અને નિરંજન અંદર ગયો. એક ખુરશી પર બેઠો. તે ખુરશી પાસે જ લતાની પથારી હતી. તે તો પથારીમાંથી બેઠી પણ નહોતી થઈ. પરંતુ આ બધા અવાજોને અંગે જાગી તો ગઈ હતી જ. તેણે ઓઢેલું હતું તે પોતાના શરીર આસપાસ ખૂબ લપેટી દીધું. માત્ર તેના ચહેરાનો થોડોક ભાગ જ બહાર દેખાતો હતો. સુરેશ તૈયારી કરવા ગયો.

'કેમ તમે ઊઠતાં નથી?' નિરંજને લતાને પૂછ્યું.

'કેમ કરીને ઊઠું? મને તાવ આવ્યો છે.' લતાએ કહ્યું.

'સાચે જ?' નિરંજને આતુરતાથી પૂછ્યું.

'ત્યારે ખોટું બોલતાં હઈશું?' જરા રીસ ચડી હોય તેમ લતાએ કહ્યું.

નિરંજને તેનો હાથ લંબાવ્યો, લતાનો તાવ જોવા. તેણે ઓઢેલું હતું તેમાંથી પોતાનો હાથ બહાર ન જ કાઢ્યો. નિરંજન કપાળ ઉપર હાથ મૂકવા ગયો પણ કપાળ પણ ઢાંકેલું હતું. નિરંજન જરા અચકાયો, પણ હિંમત કરી તેણે લતાના ગાલ ઉપર હાથ મૂક્યો. લતાએ આંખો બંધ કરી દીધી. તાવ છે કે નહિ તે તો જોવાઈ ગયું પણ થોડી પળો સુધી નિરંજને હાથ ત્યાં જ રહેવા દીધો. કોઈ કાંઈ બોલ્યું નહિ. નિરંજને હાથ પાછો ખેંચી લીધો.

'મશ્કરી જ કરો છો ને?' ગુસ્સો ચડ્યો હોય તેમ તે બોલ્યો.

લતા માત્ર હસી.

સુરેશ તૈયાર થઈ આવ્યો અને બન્ને મિત્રો સ્ટેશને ગયા.

આજે નિરંજનને ખૂબ ભય લાગ્યો. પહેલી જ વાર તેને ચોક્કસ ખ્યાલ આવ્યો કે લતા તરફ તે સાવ નિર્દોષ રીતે નહોતો વર્ત્યો. અત્યાર પહેલાં કોઈકોઈવાર તેને વિચાર આવતા કે તેની વર્તણુકમાં, તેના માનસમાં કંઈ દોષ રહ્યો હશે કે નહિ? પણ તેને તે હસી નાખતો. સુરેશ સાથે તે દગો રમે? લતા વિષે એવા ખ્યાલ કરે? બધું અસંભવિત લાગતું. પણ આજે તેને ભયનું ચોક્કસ કારણ મળ્યું હતું. અને લતા? તેણે ગાલ જ કેમ ખુલ્લો રાખ્યો? તેણે હાથ અડતાં આંખો કેમ મીંચી દીધી? કંઈ સમજ ન પડી. લતાના મનમાં દોષ હોય જ નહિ, એ તો પોતાનું દોષિત મન પોતાનો દોષ બીજામાં આરોપતું હતું. તે સાંજના, નિયમ પ્રમાણે તે સુરેશને ત્યાં ન ગયો પરંતુ એકલો એકલો ખૂબ આથડ્યો. તેના જીવને આજે ચેન નહોતું પડતું. નક્કી કર્યું કે મન ઉપર બરોબર જાપ્તો રાખવો અને તેને અજાણતાં પણ આડું જવા દેવું નહિ.

રાત્રે સુરેશને ત્યાંથી માણસ તેને તેડવા આવ્યો અને તે ગયો. ઘેરે સુરેશ હતો, લતા હતી. નિરંજન લતાની સામે ન જોઈ શક્યો. લતાએ પૂછ્યું :

'કેમ નિરંજનભાઈ, આજે સાંજે ન દેખાયા?'

એનો એ જ અવાજ, એની એ જ મીઠાશ અને નિર્દોષતા, તેમાં કોઈને કંઈ નવું ન લાગે; પણ નિરંજનને તેમાં આછો, જુદો થડકો સંભળાયો.

'આજે મારે જરા કામ હતું.' તેણે કહ્યું, પણ ઊંચું ન જોયું,

'આજે શું કામ આવી પડ્યું? સુરેશે પૂછ્યું.

શો જવાબ આપવો તેની નિરંજનને સૂઝ ન પડી. ગમે તેવું બહાનું શોધી કાઢ્યું. સુરેશની આગળ આજે પહેલી જ વાર નિરંજન જૂઠું બોલ્યો.

કલાકેક સુધી નિરંજન ત્યાં રોકાયો, પણ હમેશ જેવો મોજમાં આજે તે નહોતો દેખાતો. લતા તેની સામે જોઈ રહેતી હતી, પણ બન્નેની આંખો મળતાં કુદરતી રીતે જ બન્ને પાછી ખેંચી લેતાં.

અંતે મિત્રોને બહુ આનંદ આપ્યા સિવાય જ તે ઘેર ગયો. સુરેશ તેની ગમગીનીનું કારણ ન સમજી શક્યો.

* * *

લતા ગૂંચવણમાં પડી. નિરંજનને માઠું લાગ્યું હશે? મનના છૂપા વ્યવહારની તેને પણ ખબર નહોતી પડતી, પણ નિરંજનનો હાથ ગાલ પર અડતાં સ્ત્રીસુલભ જ્ઞાનથી તેણે હૃદયની ચોરી પારખી લીધી હતી. ખોટું થાય છે એમ લાગવા છતાં પણ તે હાથ ત્યાંથી ખસે તેમ તેણે ન ઇચ્છ્યું. તેને શંકા આવી કે નિરંજનને ખરાબ લાગ્યું હશે. સાંજે તે ન આવ્યો ત્યારે શંકા સાચી પડતી લાગી. રાત્રે સુરેશને કહી તેને બોલાવી મંગાવ્યો. તે ઓછું બોલ્યો, પોતાની આંખ મળતાં જ આંખો પાછી ખેંચી લીધી, વગેરે લતાએ બરાબર જોયું. તેણે પણ મનને મક્કમ કરી ફરી આવું બનવા ન જ દેવું તેવો ખાસ નિશ્ચય કર્યો.

લતાને ખૂબ વિચારો આવવા લાગ્યા. સુરેશ જેવા પતિને દગો દેવાય ? તે બિચારો કેટલો ભોળો હતો, કેટલો નિર્દોષ હતો, કેટલો શંકારહિત હતો ? અને નિરંજન ? નિરંજન પણ શું ધારે ? તેને પોતે કેટલી ખરાબ લાગી હશે ? પણ એમ તો, તેણે પણ પોતાનો હાથ જરા લાંબો વખત રહેવા નહોતો દીધો ? તેના હાથમાંથી પણ કોઈ જુદી જ લાગણીનો પ્રવાહ તેના ગાલ ઉપર નહોતો છૂટતો ?

* * *

ફરી પાછી તેમની મૈત્રી અસ્ખલિત પ્રવાહથી વહેવા લાગી. નિરંજન અને લતા પહેલાં જેટલું જ બોલતાં, હસતાં, કાવ્યરસનો આસ્વાદ કરતાં, પણ એકબીજાથી સાવચેત જરૂર રહેતાં. એકાંતમાં ન મળાય તેવી રીતે જ વર્તતાં. સમય વીતતો ગયો તેમ જૂનો ભય પણ નાશ પામવા લાગ્યો. અને પાછાં જૂની રીતે જ ભય કાઢી નાખી બન્નેએ મળવા માંડ્યું,

બન્નેનું આકર્ષણ દબાયું હતું પણ નાશ તો નહોતું જ પામ્યું. ફરી સમય જતાં એ જ આકર્ષણે જોર પકડ્યું. એની ખબર પડ્યા પછી નિરંજન હમેશાં નિશ્ચય કરતો કે હવે મારે સુરેશને ત્યાં ન જવું, ત્યાંથી દૂર રહેવું. પણ નિયત સમયે તે ત્યાં પહોંચી ગયો જ હોય. લતા પણ હમેશાં નિશ્ચય કરતી કે આ આકર્ષણને દબાવી દેવું, પણ તેનું બળ અદમ્ય હતું. છતાં બન્ને એકબીજાને પોતપોતાનાં મનોમંથનોની જાણ નહોતાં થવા દેતાં.

એક દિવસ ત્રણે જણાં બેઠાં હતાં. નિરંજન ઊભો થયો અને ઓરડામાં આંટા મારવા મંડ્યો. ટેબલ ઉપર શેલીનાં કાવ્યોનું પુસ્તક પડ્યું હતું. તેણે તે ઉઘાડ્યું અને જે લીટી નજરે પડી તે મોટેથી વાંચવા લાગ્યો :

" What are all these kissings worth
If thou kiss not me ? " *

આકસ્મિક તેની નજર લતા ઉપર પડી. લતાની નજર તેની ઉપર પડી. લતાના ઓષ્ઠ એક અતિ અસ્પષ્ટ છતાં અતિ સૂચક ચુંબનમાં મરડાયા. નિરંજનના પણ તેમજ મરડાયા. નિરંજને ફરવું ચાલુ રાખ્યું. સુરેશને કંઈજ ખબર ન પડી.

*   *   *

હવે તો અસ્પષ્ટ છતાં સૂચક ચુંબનઅભિનયદ્વારા બન્નેએ એકબીજા પ્રત્યેના આકર્ષણનો એકરાર કરી દીધો હતો. નિરંજનને તેનું અંતર બહુ ડંખતું, પણ ગમે તેવા નિશ્ચયો કરવા છતાં પણ તે સુરેશને ત્યાં જવું બંધ નહોતો કરી શકતો. લતાને પણ પોતાની ઊર્મિના અદમ્ય બળની ખાતરી થઈ ગઈ હતી, અને તેને દમન કરવાના પ્રયત્નો પણ બંધ કરી દીધા હતા.

છતાં નિરંજન બચવાનો પ્રયત્ન કરતો. લતા એકલી હોય ત્યારે સુરેશને ત્યાં ન જવાનો નિયમ તે બહુધા પાળતો. પણ એક દિવસે બપોરે તેના એક મિત્ર તરફથી ખાસ તાર આવ્યો. સુરેશને પણ તે તાર તાત્કાલિક બતાવવાની જરૂરત હતી. તે તરત સુરેશની ઑફિસે ગયો. સુરેશ ત્યાં નહોતો. 'આજે સુરેશભાઈ ઘેર જ રહેવાના છે,' ઑફિસમાંથી નોકરોએ જણાવ્યું. તે તરત સુરેશને ઘેર ગયો. લતા હતી. સુરેશ નહોતો. લતાએ કહ્યું :

'હમણાં જ ઑફિસે ગયા. બેસો ને ?'

'મારે તેનું ખાસ કામ છે. હું જાઉં છું.'

---

*આ ચુમ્બનોનો નવ અર્થ કાંઈ
જો તું મને ચુમ્બન ના કરે તો !

થોડીવાર પછી જજો. એવી બધી શી ઉતાવળ છે ?' લતાએ કહ્યું.

'નહિ, મારે જવું જ જોઈએ,' નિરંજને બેસતાં બેસતાં કહ્યું.

'એમ ? તો જાવ જોઈએ. મોટી ઉતાવળ આવી છે તે ?' કહી લતાએ બારણાનો આગળો વાસ્યો.

જે પળ ન આવે તે માટે હરઘડી તે સાવધ રહેતો હતો તે પળ આવી પહોંચી. તેણે ઊભા થઈ બારણું ઉઘાડી ચાલી જવા ઇચ્છા કરી પણ એથી વધારે સમર્થ ઇચ્છાએ તેને ત્યાં જ જડી રાખ્યો. જાણે સાતસાત મણની બેડીએ તેની કાયાને જકડી રાખી હોય તેમ તેને લાગ્યું. છતાં પણ મનને ખૂબ જ દૃઢ કરી તે ઊઠ્યો અને બારણા પાસે ગયો.

'ચાલો હટો, ઉઘાડવા દો.' તેણે લતાને કહ્યું.

લતાએ હસતાં હસતાં આગળો પકડી રાખ્યો.

'ઉઘાડો, તાકાત હોય તો.' તેણે કહ્યું.

નિરંજને આગળો ઉઘાડવા હાથ લંબાવ્યો. લતાએ આગળાને જોરથી પકડી રાખ્યો. એ રકઝકમાં બન્નેના હાથો એકબીજાને અડ્યા. અત્યારસુધી નિરંજને મન ઉપર મહા પ્રયત્ને મેળવેલો કાબૂ ઓસરી ગયો. અકથ્ય ઊર્મિના અદમ્ય આવેગે તેને આખો ને આખો વીંટી લીધો. બારણું ઊઘડ્યું જ નહિ.

* * *

કલાક પછી તે ઘેર ગયો, સામાન બાંધ્યો અને સાંજની જ ગાડીમાં તે ગામ છોડી હંમેશને માટે ચાલી નીકળ્યો. મિત્રને તે દગો દઈ ચૂક્યો હતો. તેની સાથે જ રહી હરહંમેશ તેને દગો દેવાની તેનામાં હિંમત નહોતી; અને ત્યાં રહે તો વારંવાર દગો દીધા વિના પોતે રહી શકવાનો નથી તે પણ તે જાણતો જ હતો.

સુરેશે તેની બેત્રણ દિવસ સુધી ઘેર રાહ જોઇ, પણ તે તો આવ્યો જ નહિ. સુરેશ વિચારમાં પડ્યો. શું થયું હશે ? કંઈ માંદગી તો

નહિ આવી હોય? ત્રીજે દિવસે લતાને સાથે લઈ તે નિરંજનને ઘેર ગયો. આજુબાજુ તપાસ કરતાં તેમને ખબર મળી કે નિરંજન તો બેત્રણ દિવસથી ઘર ખાલી કરી ક્યાંક બહારગામ ચાલી ગયો હતો.

સુરેશને કંઈ સમજ ન પડી. કેમ ચાલી ગયો હશે? ક્યાં ચાલી ગયો હશે? વગેરે પ્રશ્નો અણઉકેલ્યા જ રહી ગયા. તેણે લતા સામું જોયું અને પૂછ્યું:

'લતા, નિરંજને આવું કેમ કર્યું હશે?'

લતા શું બોલે?

૨૪૫૬૯

૨. સુરેશ બોલ્યો

લતા ન બોલી, ન ચાલી.

લતાએ કંઈ જવાબ ન આપ્યો. સુરેશ બારણું ધકેલી ઓરડામાં પેઠો. નિરંજન વિના ઓરડો નિર્જીવ લાગ્યો. આમ તેમ નજર નાખી તે ખિન્ન હૃદયે બારણા તરફ વળ્યો. તેણે જોયું કે લતા પણ અંદર આવી હતી અને ઉત્સુકતાથી આમતેમ જોતી હતી.

'અહીં હવે કંઈ નથી, ચાલો.' સુરેશે કહ્યું; અને બારણા બહાર ગયો. પણ લતાને કોઈ ગુપ્ત આશા પ્રેરતી હતી. તેણે ગોખલાના ખૂણા તથા હાટિયાનાં ખાનાં જોવા માંડ્યાં. અને એક ખાનામાંથી કોઈ પ્રેમપત્ર કરતાં પણ કીમતી વસ્તુ મળી આવી. એ હતી કાગળની એક લાંબી કાપલી. અને તેના ઉપર લતાનું નામ કેટલી યે વાર લખાયેલું હતું. અક્ષરો નિરંજનના જ હતા.

લતાને રોમાંચ થયો, અને તેના મનને કોરી રહેલી એક શંકા નીકળી ગઈ. પોતે જેટલી આતુરતાથી નિરંજનને ઝંખ્યો હતો તેટલી જ આતુર ઝંખના નિરંજનમાં પણ હતી. પોતાને કોઈ ચાતકની પેઠે ઝંખે છે ખરું! તેનું હૃદય ઉલ્લાસ પામ્યું. પણ બીજી જ પળે ત્યાં એક શિલા ઊતરી. નિરંજન ક્યાં? લતાનું મન અનેક અમંગલ શંકાઓ કરી રહ્યું. એ કદી ય હવે ન આવ્યો તો? અને સુરેશને આ ખબર પડી તો? નવી જ દિશામાંથી ભયે તેના પર આક્રમણ કર્યું. પણ લતાને લાગ્યું કે એની સામે રક્ષણ કરવાની ઘણી શક્તિ પોતામાં હતી. ખરી મૂંઝવણ તો જેની સામે કશું કરી ન શકાય તેવા નિરંજનના નાસી જવા વિષે હતી. એને ખોળવો ક્યાં? હવે નિરંજન વિના? નિરંજન હતો તો જ જીવનમાં કંઈક મીઠાશ, ભીનાશ અને મધુરપ આવી હતી.

'ચાલ, લતા!' સુરેશનો ધીમો અવાજ આવ્યો. તે અવાજમાં હંમેશાં મજાક રહેતી, પણ તે કદી કડવો બનતો નહોતો. પણ લતાને તે

આજે કડવો, અળખામણો લાગ્યો. જાણે તેને કોઈ અપ્રિય પ્રદેશમાં ન ખેંચી જતું હોય તેમ ફરીથી અવાજ તેના મનમાં રણક્યો, 'ચાલ, લતા!' તેને થયું, જો મારી પાસે જાદુ હોય તો અહીંથી જ ઊડીને નિરંજન પાસે ચાલી જાઉં.

કાપલીને ગજવામાં ખોસી લતા નીકળી. સુરેશ હાથમાં ટોપી રમાડતો ઊભો હતો. તેણે પૂછ્યું, 'શું હતું?'

'કશું નહિ.'

'ત્યારે આટલો વખત શું કરતી હતી?'

લતાએ જવાબ ન આપ્યો. તે સુરેશ સાથે આ પહેલાં કદી જૂઠું બોલી નહોતી. તેને થયું કે પોતે રડી પડશે. તેણે મન કબજે રાખ્યું, ડોક ટટાર કરી, અને બોલી: 'કશું નહિ; ચાલો.'

'તળાવ પર જઈશું ને?'

'ના, ઘેર.'

પત્નીને નારાજ ન કરવી જોઈએ એ વાત સુરેશના મનમાં જાણે નવેસરથી ઊગી. પોતે ઘરથી કંટાળ્યો હતો, ત્રણત્રણ દિવસ નિરંજન વિના શુષ્ક રીતે ગાળ્યા હતા, છતાં તે ઘર તરફ વળ્યો. એ હૃદયમાં અસ્વસ્થતા અનુભવી રહ્યો. 'નિરંજન ક્યાં ગયો હશે? શા માટે જતો રહ્યો હશે?' અને નિરંજન જાણે મૃત્યુ પામ્યો હોય તેટલો શોક તેને થયો.

લતા ઘેર આવીને સૂઈ ગઈ. થોડા વેપારના કાગળો લખી સુરેશ તેની પાસે આવ્યો. ધીરેથી તેણે લતાના ગાલને સ્પર્શ કર્યો. શરીર ગરમ લાગતું હતું. વધારે ખાતરી કરવા તેણે લતાના હૃદયને સ્પર્શ કર્યો. લતાના ગજવામાં તેને કંઈક ખૂંચ્યું. સહજ કુતૂહલથી તેણે તે તપાસ્યું. અંદરથી એક કાપલી અને નિરંજનના અક્ષરોમાં લતાની નામમાળા! લતા ઊંઘતી હતી. પ્રશ્ન પૂછતો હોય તેમ તે તેના મોં તરફ જોઈ રહ્યો.

ઊંઘમાં લતા કેવી મનોહર લાગતી હતી! આવી દ્વિધાભરી મનોદશાથી તેણે લતાને પહેલાં કદી નિહાળી નહોતી. લતાનાં ચંચળ નેત્રો

અને મરકતા હોઠ શાંત બની ગયાં હતાં. તેનાં ભવાં ઊંઘમાં ખેંચાતાં હતાં, જાણે કોઈ પ્રબળ આવેગને તે દાબી રાખતી ન હોય. અને તેને નિરંજન યાદ આવ્યો. તેની અને લતાની વચ્ચેના હાસ્યવિનોદ, તેમની ગંભીર ચર્ચાઓ, તેમની ખેંચાખેંચીઓ તેને યાદ આવ્યાં. તેને સહસા ભાન થયું કે આ બધામાં તેનો પોતાનો કેટલો ઓછો ભાગ હતો. પોતે તો તેમની આ પ્રવૃત્તિની આજ લગી ઉપેક્ષા, અવગણના, અવમાનના જ કરી હતી.

અને લતાએ તથા નિરંજને પોતાને માટે સુરેશથી અલગ એક જુદું જીવન ઉપજાવ્યું હતું. નિરંજનની ગેરહાજરીથી એનું મહત્ત્વ હવે સ્પષ્ટ સમજાવા લાગ્યું. રસ્તા પર ચાલતાં જાણે લતાએ તેનો હાથ ઝાલ્યો હતો, અને તેની ગતિ મંદ દેખતાં તેનો હાથ છોડી નિરંજન સાથે ચાલવા લાગી હતી. પોતે જાણે બંનેથી પાછળ પડતો ગયો હતો અને તે આગળ ને આગળ વધ્યે ગયાં હતાં.

એ સ્થિતિનું શું પરિણામ આવે? તેણે જાગૃત થવું જોઈએ. લતાની આકાંક્ષાઓ અને આવશ્યકતાઓને સમજી તેને પૂરી પાડવી જોઈએ. નહિ તો क्षुधातुराणां न भयं न लज्जा એ ન્યાયે શું ઘટનાઓ ઘટી ન જાય?

લતા ઊંઘતી હતી. સુરેશ પેલી કાપલીને જોઈ રહ્યો. નિરંજન લતાનું નામ રટે છે! અને લતા? એ પ્રશ્નનો જવાબ ખોળવાને કે પામવાને તે તૈયાર નહોતો. તેણે કાપલી ધીરેથી લતાના ગજવામાં મૂકી દીધી. લતા સળવળી.

'લતા, શરીર સારું નથી?'

'સારું છે. મને ઊંઘવા દો.'

સુરેશને લાગ્યું, લતા જાણે તેની નજીક જવાના પોતાના પ્રયત્નને તરછોડી રહી હતી. તેણે પોતાનો હાથ ખેંચી લીધો.

ડૉક્ટરને બોલાવ્યો, અને લતા તરફ વધારે ધ્યાન આપવાને તેની વિવેકબુદ્ધિ તેને શિખામણ દઈ રહી.

નિરંજનના ગયા પછી લતામાં ઝડપી ફેરફાર થવા લાગ્યા. તેની શારીરિક બીમારી તો થોડા જ દિવસમાં મટી ગઈ. પણ તેની પ્રસન્નતા અને ઉલ્લાસ જતાં રહ્યાં. સુરેશ નિરંજન સાથે તે શું વાંચતી તે પૂછતો. તેની સાથે પુસ્તકો વાંચવા પ્રયત્ન કરતો. સુરેશ પુસ્તક ઉઘાડી થોડુંક વાંચે અને લતા કહેતી:

'રહેવા દો, હવે કંટાળો આવે છે.'

સુરેશ નિરાશ થઈ પુસ્તક મૂકી દેતો, અને લતા સામે જોતો. લતા તેના તરફ ઘડી જોઈ નજર ફેરવી લેતી.

સુરેશના આવા પ્રયત્નોના જવાબમાં લતાનું ઉદાસ મોં તેને કહેતું લાગતું, 'તમે બહુ મોડા પડ્યા છો.'

તેઓ ફરવા જતાં તો ત્યાંથી લતા જલદી પાછી ફરવા ઇચ્છતી. નવાં મંગાવેલાં પુસ્તકો વાંચ્યા વિના પડી રહેતાં. નિરંજન હતો ત્યારે જે દિલરુબા તે રોજ વગાડતી તેને હવે અડતી જ નહોતી. નિરંજન સાથે અતિ રસપૂર્વક વારંવાર વાંચેલી ચોપડી તેની ગેરહાજરીમાં વાંચતાં લતાને સાવ નીરસ લાગતી એ તો સુરેશને પણ સમજાતું. નિરંજનની અંદર જ કંઈ એવું હતું જે પુસ્તકોને જીવતાં કરી શકતું, ફરવા જવાનાં સ્થળોને ઉલ્લાસમય કરી શકતું. તેની સાથેની પ્રત્યેક ક્ષણ નવી રંગ પ્રગટાવતી હતી. લતા આ વસ્તુઓને મૂંગીમૂંગી અનુભવી રહી હતી. સુરેશને નિરંજનની ખોટ પૂરી પાડવાના પોતાના પ્રયત્નો વધારે ને વધારે અસફળ દેખાવા લાગ્યા. તેને લાગ્યું, પોતે લતાને કદી પહોંચી શકશે નહિ. તેને મોટો ભય તો એ હતો કે લતા તેના પોતાના જીવનની ગતિ જ કદી રોકી તો નહિ પાડે?

બાહ્ય સગવડો વધારી તેણે લતાને રાજી રાખવાના પ્રયત્નો કરવા માંડ્યા. ઘરમાં નવું ફરનિચર આવ્યું, મોટું ઘડિયાળ, આખા આરસા આવ્યા, ગ્રામોફોન આવ્યું, અને વસ્ત્રો તથા ભૂષણો પણ આવ્યાં. છતાં લતા એની એ રહી, ઉદાસ અને વિમુખ.

આ સંજોગોમાં સુરેશે એક બીજી વસ્તુ જોઈ. નિરંજનનો તે જ્યારે ઉલ્લેખ કરતો ત્યારે લતા ચિડાતી. તેની આંખોમાં શંકા અને ભય સુરેશ વાંચી શકતો. આમ શા માટે? નિરંજનના કંઈ કાગળ તો નહિ આવતા હોય? કંઈ ગંભીર બન્યું તો નહિ હોય? પણ લતાની ચોકી કરવા જેટલી કૃપણતા તે કેળવી શક્યો નહોતો. તેને લાગ્યું, લતા પોતાનાથી દૂર ને દૂર ચાલી જાય છે અને તેને રોકવાનો એકે ઇલાજ તેની પાસે હવે નથી.

દિવસેદિવસે અસહ્ય થતી જતી પરિસ્થિતિમાં કંઈ વિવિધતા આવે એ દૃષ્ટિએ સુરેશે આબુ જવાનો વિચાર કર્યો અને લતાને તે જણાવ્યો.

'મારે ક્યાં ય જવું નથી.' કોઈ પ્રબળ ભાવિની સામે આડ બાંધતી હોય તેમ લતા બોલી.

'પણ આબુ તો તને ખૂબ ગમે છે. જો ને કેવી થઈ ગઈ છે તું!'

જવાબમાં લતા પોતાના પીળા થતા જતા હાથ તરફ નજર નાખી બોલી: 'બધું ગમતું કરવા દેવાની ટેવ મને ના પાડશો.'

આખરે સુરેશના આગ્રહથી લતા તૈયાર થઈ. આબુનું નામ સાંભળી તેને છૂપો આનંદ તો થઈ રહ્યો પણ કોઈ અરોચક અગમ્ય ભાવ તેના હૃદયને ગભરાવી રહ્યો.

સુરેશની સજ્જનતા તેને વસમી લાગવા માંડી હતી. નિરંજન તરફ ધસ્યે જતા હૃદયને તે બળપૂર્વક પાછું ખેંચતી હતી. તે વિચારતી: 'સુરેશ, તું જરા દુષ્ટ બન. મને રસ્તો સૂઝે.' અને તેનું મન નિરંજનને શોધવા જતું. આકાશમાં ઊડતો નિરંજન હાથ જ આવતો નહોતો. તે હતાશ બની કપાળ કૂટતી.

* * *

તીવ્ર આવેગથી ઘર છોડી નાઠેલા નિરંજનને ક્યાં જવું તેની જ કશી ખબર પડી નહિ. ટ્રેન આવી પહોંચી છતાં તે કશું નક્કી ન કરી શક્યો. ત્યાં એક અકસ્માત બન્યો. તેનો એક મિત્ર હવા ખાવા આબુ જઈ રહ્યો હતો. તેની સાથે તેની માસી અને તેમની દીકરી હતાં. તે મિત્રે

તેને આગ્રહ કરી સાથે લઈ લીધો. મિત્રની સાથે તેને બધી સવડ આબુમાં મળી રહી. એ આરામભરી દશામાં તેનું ચિત્ત વધારે નવરૂં પડ્યું, અને લતા સાથે બની ગયેલી ઘટના તેના મનમાં વંટોળિયા પેઠે ચકરાવા લાગી.

જીવનમાં સ્ત્રીની સાથે આ તેનો પહેલો પ્રસંગ હતો. મનની શિથિલ ક્ષણોમાં જે વિચારને તેણે પોતાના પર સવાર થવા દીધેલો તે છેવટે ઘટનારૂપે બની ગયો! જીવનમાં જે સ્નેહનું સ્વર્ગ તે કલ્પતો હતો તે એક ઘડી પૃથ્વી પર ઊતરી આવ્યું હતું. વંટોળિયો આવીને પાંદડાંને ઊપાડી જાય, ત્યાં ઘુમાવે અને છેવટે નીચે નાખી દે, તેમ આ બની ગયું હતું. અને પરિણામે?

એક બાજુ હૃદય એને ડંખ્યા કરતું હતું અને બીજી બાજુ એ જ અનુભવને માટે તેનું આખું ઉરતંત્ર ઝંખતું હતું. સુરેશની અને લતાની સાથેના લાંબા મીઠા સંબંધનો આવો જ અંત? પોતાનું હૃદય તેને ઘણીવાર અક્ષમ્ય દોષયુક્ત લાગતું અને સુરેશને પત્ર લખી બધી વાતથી તેને માહિતગાર કરી દોષમુક્તિ મેળવવા તેને મન થતું. પણ તરત જ તેને લતાનો ખ્યાલ આવતો. એમાં લતાની કેટલી કફોડી સ્થિતિ થઈ જાય? એ જાણ્યા પછી સુરેશ તેના તરફ ક્રૂર બન્યો તો? તેને માટે જીવતું નરક ઊભું કરી દીધું તો? વળી લતાના આ કૃત્ય માટે તેની પોતાની જવાબદારી પણ ક્યાં ઓછી હતી? એવી ઝંખના લતામાં પ્રગટી તેનું કારણ શું પોતે જ નહોતો? તો એ જવાબદારીનાં પરિણામ પોતે જ વેઠવાં જોઈએ. પણ બધી જવાબદારી પોતે લઈ લે છતાં લતાની સ્થિતિ સુરેશના ઘરમાં ચિંતાજનક જ રહે. લતાને માટે બીજું આશ્રયસ્થાન શોધ્યા પછી જ સુરેશની સાથે આ ઘટનાનો સ્ફોટ કરી શકાય.

આ કાર્યની યોગ્યતાઅયોગ્યતાનો તેણે ઘણો વિચાર કર્યો. સુરેશને આ બાબતથી અજાણ તો ન જ રાખવો જોઈએ એમ તેના મનમાં દૃઢ થવા લાગ્યું. પણ સુરેશને જણાવતા પહેલાં લતાને પૂછી લેવું જોઈએ. અને લતા શું કહેશે? લતાને લખવું કે ન લખવું? એ પ્રશ્નની ગડમથલમાં તેણે દિવસો કાઢ્યા. આમ કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય કરવામાં તેની બુદ્ધિ

ગૂંથાયેલી રહેતી, ત્યારે તેનું હૃદય, આજુની શાંત સંધ્યાઓમાં અને મીઠી રાત્રિઓમાં લતાને પૂર જોરથી ઝંખી રહેતું. તેવે વખતે, સુરેશ ચંદ્રના તેજમાં શુક્ર ઢંકાય તેમ તેના હૃદયઆકાશમાં ઢંકાઈ જતો, અને લતા સોળે કળાએ પ્રકાશી રહેતી. જગતમાંથી બધો ભૂતકાળ લુપ્ત થતો. એની ભાવનાઓ, એના કર્તવ્યાકર્તવ્યના ખ્યાલો, પવિત્રતાઅપવિત્રતાના વિચારો લુપ્ત થતા, અને એક એકલ જીવ બીજા જીવને ઝંખી રહેતો. નિરંજનનું જીવન કોઈ ઊંચો ગગનગામી હીંચકો લેતું અને આખી દુનિયા તેના ખાડાટેકરા સાથે ઊંડા અવકાશમાં સરી જતી.

પણ એમ દુનિયાને સદાની ઠેલી શકાય તેમ નહોતું. તેનો હીંચકો જ્યારે નીચે ઊતરતો ત્યારે તે સુરેશનું ઘર, પોતાની હસીને મશ્કરી કરતો સુરેશ, આકર્ષક બનતી જતી લતા, અને તેમના કુટુંબી જેવો પોતે—બધું તેને યાદ આવતું. શું આવી મિત્રતામાં વિષવૃક્ષ રોપાવાનું હતું?

તે વળી વિચારતો, લતા પોતાના તરફ શાને આકર્ષાઈ? એક ક્ષણની એ ચંચલ મનોવૃત્તિ હતી કે કોઈ જીવનવ્યાપી પ્રબળ ઝંખના હતી? ચંચલતાનો તો વિચાર જ ન કરવો ઘટે. પરપોટા પેઠે એને ઊઠીને શમતાં વાર ન લાગે. પણ જો પ્રબળ ઝંખનાએ લતાનો કબજો લીધો હોય તો? તો તો એ મહાગંભીર પ્રશ્ન થઈ પડે. અને તે પ્રશ્ન તેણે તથા સુરેશે બંનેએ મળી ઉકેલવો જોઇએ, જો બંને ખરેખરા લતાના કલ્યાણકામી હોય તો. પણ લતામાં ચંચલ મનોવૃત્તિ હતી કે દૃઢ ઝંખના હતી તે કોણ નક્કી કરે? લતા જ. અને એનો ઉકેલ? કોક જાણે બોલ્યું, 'એ પણ લતા જ કરે!'

પણ નિરંજન આટલો બધો તટસ્થ બની લતાના કલ્યાણનો જ વિચાર ન કરી શકતો. તેની પોતાની લાગણીઓ પણ તેની પાસે જવાબ માગતી. તેના પોતાનામાં ચંચલ–ક્ષણિક વૃત્તિ હતી કે ઊંડી અનિવાર્ય ઝંખના? લતાની સાથેના સંબંધનો આખો પટ તેના મન આગળ ઊકલતો. નાનામોટા પ્રસંગો તાજા થતા. ક્ષિતિજને સામસામે

છેડે ઊભેલાં બે કેવી રીતે અન્યોન્યની નજીક આવતાં ગયાં હતાં, તે બધાં પગથિયાં તેને સ્પષ્ટ થયાં. નિરંજનને પોતાની સર્વ ઝંખના લતામાં પરિસમાપ્ત થતી લાગી. પણ લતાને મન શું? એનો જવાબ તેની પાસે નહોતો. પોતાને ખાતર તે કશું કરવા તૈયાર નહોતો. તેમનાથી છૂટો રહી તે એકલ વિચરવા ઇચ્છતો હતો. પણ વિધિ તેને માટે નવી સાંકળો તૈયાર કરી રહ્યો હતો.

*　　　*　　　*

આબુમાં આવેલાં સુરેશ અને લતા, ઉતારામાં સામાન વગેરેની વ્યવસ્થા કરી સાંજે ફરવા નીકળ્યાં. નવો પ્રદેશ તેની નવીનતાથી જૂના જગતને ઘડીવાર ભુલાવતો હતો. લતા નવાં ઝાડ, ઊંચાનીચા રસ્તા, અને પર્વતનું સૌંદર્ય જોઈ રાજી થતી હતી. તેઓ ફરતાં ફરતાં એક નાની ખીણની ટોચે આવ્યાં અને થંભ્યાં. કોઈ ઝરણું વહી જતું હોય તેવું એક મધુર ગીત નીચેથી આવતું હતું. તેમણે નીચે કેટલાંક માણસોને બેઠેલાં જોયાં. તેઓ ઊતરવા લાગ્યાં. દૂરથી એક નાનો ઝરો પણ વહી આવતો હતો, અને પેલું ગીત સ્પષ્ટ થતું જતું હતું.

સુરેશ થંભ્યો: 'અવાજ ઓળખીતો લાગે છે.'

લતા પણ થંભી. તેના શરીરમાં કંપ આવી ગયો.

'નિરંજન તો ન હોય?' તેને વિચાર આવ્યો.

તેઓ આગળ ચાલ્યાં.

'અરે, આ તો નિરંજન જ!' સુરેશ બોલી પડ્યો. તેના પગ રોકાઈ પડ્યા. અજાણ્યો ભય તેના હૃદયમાં વ્યાપી રહ્યો.

'અહીં પણ નિરંજન? નસીબ સાત ડગલાં આગળ ને આગળ.' પણ તે વધુ વિચાર કરે તે પહેલાં તેઓ બંને ચાલતાં ચાલતાં પેલી ટોળી પાસે આવી પહોંચ્યાં.

ગીત અટકી ગયું. આ નવાં આવનાર તરફ બધાં ફર્યાં. નિરંજને બંનેને ઓળખ્યાં. તે સહેજ ફીકો પડ્યો. સુરેશ જ બોલ્યો, 'નિરંજન! તું અહીં!'

'હા,' નિરંજન એટલું જ બોલી લતાને જોઈ રહ્યો. આ બેનું અચાનક આગમન તેને અસ્વસ્થ કરી રહ્યું. અને એટલા બધા વિચારો તેના મનમાં આવી ગયા કે પોતે શું અનુભવી રહ્યો છે તેની જ ખબર ન રહી. તેણે પ્રયત્નપૂર્વક સ્વસ્થતા મેળવી અને નવા મિત્રોની નિરંજને પરસ્પરને ઓળખાણ કરાવી.

'આ સુધાકર, મારો બાળપણનો મિત્ર, આ તેનાં માસી રેવાબહેન, અને આ કુસુમ તેમની દીકરી.'

કુસુમ સુરેશ સામે જોઈ રહી, અને પછી લતા પર નજર ફેરવી રહી—જાણે પોતાથી કઈ બાબતમાં આ ચડિયાતી કે ઊતરતી છે તે નક્કી કરતી ન હોય!

સુધાકરનો ઉતારો તેમની નજીક જ હતો. નિરંજનને પોતાને ત્યાં આવી રહેવાનો સુરેશે આગ્રહ કર્યો. પણ તે સુધાકરને ત્યાં જ રહ્યો. બધાં એકબીજાને ત્યાં જતાં આવતાં, સાથે ફરવા જતાં, રમતો રમતાં, ગપ્પાં હાંકતાં. પણ સુરેશ જોઈ શક્યો કે નિરંજન પહેલાંની મોકળાશથી હળતોમળતો નહોતો. નિરંજન શા માટે અચાનક ચાલ્યો ગયેલો તે અર્થના પોતાના પ્રશ્નનો જવાબ આપતાં તો તે કેવો ફીકો થઈ ગયો હતો! અને હવે જાણે તેમનાથી ભાગતો ફરતો હોય તેમ તે લાગતો.

પણ તેમ છતાં સુરેશને નિરાંત રહેવા લાગી. લતામાંથી ઉદાસીનતા અને ગ્લાનિ ઓછી થવા લાગી હતી. નિરંજન તો મળતો જ. સુધાકર પણ એની સાથે આવતો. આ સુધાકર ચર્ચાનો અને પુસ્તકોનો ભંડાર હતો. ઉદ્દામમાં ઉદ્દામ વિચારો તે પોતાના હોય તેમ જાહેર કરતો. અને દરેક બાબતમાં કોઈ નવું જ દૃષ્ટિબિંદુ તે રજૂ કરતો. એ ચર્ચાઓ, પુસ્તકો, સુધાકર, અને નિરંજન વગેરેમાં લતા જાણે મગ્ન થઈ ગઈ સુરેશના હૃદયે આરામનો શ્વાસ લીધો, લતાને સારી કરીને ઘેર લઈ જવાય તો જગ જીત્યા!

લતાની જિજ્ઞાસા અને નવા વિષયોમાં રસ લેવાની શક્તિ જોઈ સુધાકર રાજી થયો. 'લતા પોતાની શિષ્યા છે,' એમ કહી નિરંજન

ગૌરવ લેતો. એ ગૌરવ પચાવી પાડવાનું સુધાકરે નિરંજનને ચૅલેંજ કૈંક્યું, અને રોજ તે નવાંનવાં પુસ્તકોમાંથી કાંઈક અલબેલું કાઢવા લાગ્યો.

કુસુમને થોડા દિવસ નિરંજન ખૂબ ગમ્યો હતો, પણ પાછળથી તે તેનાથી કંટાળવા લાગી. રેવામાસીને છોકરીની આ ગાંડાઈની બીક લાગી હતી. પણ પછી તેમને નિરાંત થઈ. કુસુમને ક્યાંક સારે ઘેર ઠામ પાડવાની તો હતી જ, પણ નિરંજન સાથે તો નહિ જ; તેનું કુળ, પૈસો, વગેરેની વાત સુધાકર પાસેથી જાણી લીધા પછી નિરંજનને તેમણે આદર્શ વર તરીકે નાપાસ કર્યો. અને સુધાકરને તો તે કુંવારો રહે એવો જ શાપ આપતાં. તેમને તો જોઈતો હતો પૈસાવાળો, ઠરેલ અને નિરંજનના જેવી કશી લપછપ વિનાનો, સાદો, સીધો, કુસુમને વહુ કરીને જ રાખે એવો માણસ. આ નવા જમાનાનાં છોકરાંનાં ગાંડાં તેમને ન ગમતાં. અને કુસુમ એવું કદી કરતી ત્યારે તે કહેતાં 'બેસ, બેસ, ડાહ્યલી. જરા ભારમાં તો રહે. વહુ થઈને જવાનું છે તારે. આપણાથી કંઈ વંઠી જવાવાનું છે?'

રેવામાસીએ સુરેશને જોયો ને તેના પર તેમની નજર ઠરી ગઈ. 'કેવો ઠરેલ છોકરો! પણ પરણેલો છે!' રેવામાસીએ કપાળ કૂટ્યું. સુરેશ દિવસેદિવસે તેમને વધારે ને વધારે ગમતો ગયો. તેમણે મન સાથે નક્કી કર્યું, 'સુરેશ હા પાડે તો કુસુમને શોક્ય ઉપર પણ નાંખવી.' પણ એમની આકાંક્ષાઓ તેમને પોતાને જ ભારે લાગી. 'આજનાં છોકરાં માબાપનું શેનાં માને હવે?' અને સુધાકર ખૂબ ઉત્સાહથી એક ચોપડી વાંચતો તે તેમને યાદ આવી—'પેલી બાયડીની અદલાબદલીવાળી.' પહેલાં જ્યારે એ વાત સાંભળી ત્યારે તો તે મોં ફાડીને જોઈ જ રહ્યાં. 'શું કહે છે, તું સુધાકર! એવું તે બને?'

'હા, માસી રોજ બને છે. પચીસ વરસ પછી જોજોને આપણે ત્યાં ય એવું થશે.'

'ઓ બાપ! ભાયડાને સૂતો મેલી બાયડી બીજાને ચાલી જાય! હડહડતો કળજુગ!' તેમનો સતયુગમાં રહેનારો જીવ ગભરાયો. તેમની

કલ્પનામાં ઘડીભર એકેએક ઘર ખાલી થતું લાગ્યું. પરણેલી કે કુંવારી, કોઈ કશાનો વિચાર કરતી નહોતી. એમાં પોતાની કુસુમ અને પેલી લતા પણ ચાલી જતાં દેખાયાં. તેમનું હૃદય જાણે બેસી ગયું. 'કુસુમ! મારી કુસુમ નાસી ગઈ એમ કહેવાય? હું શું મોઢું લઈને જીવું?' ત્યાં કલ્પનાએ બીજી બારી ખોલી. 'એ લતા ચાલી!' સુરેશનું ઘર ખાલી પડ્યું! 'કુસુમ, એ કુસુમ, ચાલ.' જાણે સ્વપ્નમાં ઉતાવળે કુસુમને પાનેતર ઓઢાડવાનું પોતે કરે છે. પણ ત્યાં તો કુસુમ નાઠી! ક્યાં? કોની સાથે? એ રામ! શો જમાનો? કોણ કોનું સગું રહેશે? ભગવાન એ દહાડો ન બતાવે તો સારું. 'અલ્યા સુધાકર!' તેમણે બૂમ પાડી. સુધાકર પણ ઉચ્છૃંખલ માનવજાતિ પેઠે જતો રહ્યો હતો. તેમણે વિચાર ઓથારને બળાત્કારે હઠાવ્યો, અને ધ્રૂજતે હાથે માળા ફેરવવા માંડી. રામરામ! આ એક મણકો નવો ખાંડો થઈ ગયો!

* * *

'અલ્યા નિરંજન, તું શું કાલે જાય છે?' અંબાજીના વાઘની પેઠે સુરેશે નિરંજન પર તરાપ મારી.

સુરેશને ઉતારે ખુરસીમાં પત્ર લઈને બેઠેલો નિરંજન તેના સામે જોઈ રહ્યો. તે જરા હસ્યો ને બોલ્યો: 'કોણે કહ્યું?'

'કોણે? તે તારી કાકીએ!' અહીં કોઈ નિરંજનની કાકી હતી નહિ. સુરેશના અવાજમાં મજાક હતી કે રોષ હતો તે તેને સમજાયું નહિ. તેણે માત્ર રેવામાસીને જ વાત કરી હતી. લતાની સાથે બે દિવસ પર, જ્યારે બધાં અંદર પત્તાંની રમતમાં પડ્યાં હતાં, ત્યારે બહાર કૂવા પર જે બીના બની ગઈ તે જોતાં અહીંથી હઠી જવું જ તેને સલામત લાગ્યું. પોતાના મિત્રનું ઘરભંગ થતું, અને તે પોતાને જ હાથે, તે કદી સહન કરી શકે તેમ નહોતું. નીકળી જવાનો નિશ્ચય કરી લે મળવાને બહાને લતાનું છેલ્લું દર્શન કરી લેવા સુરેશને ત્યાં આવ્યો હતો. લતા અંદર જ બેસી રહી હતી. પણ સુરેશના મોટા અવાજથી તે બહાર

આવી, અને બારણામાં, છબીમાં મઢેલા ચિત્ર જેવી, ઊભી રહી. નિરંજન તેને જોઈ રહ્યો અને સુરેશને સંબોધી બોલ્યો: 'જાઉં પણ ખરો!'

'તો અહીં જમવા નહિ આવે?' સુરેશે શાંતિથી કહ્યું.

'તારા એકલાને નોતરે હું કેમ કરી આવી શકું?' નિરંજને કહ્યું. તેના મનમાં થયું, પોતે કેટલો જૂઠો છે? જેનું નિમંત્રણ મોંથી માગતો હતો તેનું તો સોગણું નિમંત્રણ હતું.

'આવો ને!' લતા ધીમેથી બોલી. અને તેણે બંને પુરુષો તરફ જોયું. નિરંજને સુરેશ અને લતા સામે જોયું.

'આવીશ,' તેણે હા પાડી. અને રેલ્વે ટ્રેનના ટાઇમ અને મોટર-બસની ચર્ચા ચાલી રહી.

સુરેશને ત્યાં સુધાકર, કુસુમ, રેવામાસી અને નિરંજન બધાંનું જમણ થયું. જમી કરીને ખૂબ ગપ્પાં હંકાયાં. સુધાકર કોકનું ગ્રામોફોન લઈ આવેલો તે વગાડ્યું. 'ચંડીદાસ' અને 'દેવદાસ'માં આવતાં સાઇગલનાં ગાયનો તો કેટલીય વાર વાગ્યાં.

'પ્રેમનગરમેં બનાઉંગી ઘર મેં'ની રેકર્ડથી મોડી રાતે મહેફિલ પૂરી થઈ. ખાવામાં પ્રેમ અને પીવામાં પ્રેમ, પ્રેમ ઓઢવાને અને પાથરવાને એવા અર્થની કડીઓ ઉપર સુધાકરે મજાક પણ ઠીક ઉડાવી. છતાં સંગીતની માદક અસર બધા પર ફરી વળી હતી. વાતાવરણમાં પ્રેમના સૂર ગુંજતા રહ્યા અને બધાં વેરાયાં.

મોડી રાતે સુરેશ જાગ્યો ત્યારે લતાની પથારી તેણે ખાલી જોઈ. જરા રૂમ બહાર ગઈ હશે માની તે ઊંઘી ગયો. પા કલાકે ફરી તેની આંખ ઝબકી. હજી પણ પથારી ખાલી જ હતી. તેના હૃદયમાં એક આશંકા આવી ગઈ. તેનું મગજ ચકરાયું. માથે હાથ દઈ તે ઘડી વાર પડી રહ્યો. પછી ધીરેથી બેઠો થયો અને આંગણામાં ફરવા લાગ્યો. 'ક્યાં ગઈ હશે?'

મકાન પાછળથી તેને અવાજ આવતા સંભળાયા. તે ધીરેથી ભીંતને ખૂણે વળ્યો. તારાના પ્રકાશમાં બધું સ્પષ્ટ હતું. એક ઝાડની નીચે બે

આકાર ઊભા હતા. અવાજ લતા અને નિરંજનના જ હતા. લતાનો અવાજ કદીકદી ઊંચો થઈ જતો. પણ નિરંજન શાંતિથી બોલતો હતો.

'નહિ ચાલે, નિરંજન, નહિ ચાલે,' લતાનો અવાજ ઊંચો થતો જતો હતો. જાણે તે હમણાં ચીસ પાડી દેશે.

'પણ...' નિરંજન બોલતો સંભળાયો. તેના શબ્દો સુરેશ સાંભળી શક્યો નહિ.

'ગમે તે થાય, મને લઈ જાઓ. નહિ તો...' લતા આર્દ્રભાવે બોલતી હતી. તે રડતી હતી તેમ સુરેશને લાગ્યું. લતા બેસી પડી.

નિરંજન દૂર જ ઊભો રહ્યો હતો.

'લતા, દુનિયામાં રહેવું છે આપણે. ગાંડાઈ કેમ ચાલે?' નિરંજન લતાને સમજાવવા મથતો લાગતો હતો. લતાને અહીં મળ્યા પછી લતાની વૃત્તિઓને શાંત કરવા તે પ્રયત્ન કરતો હતો તેમ તેમ લતા વધારે આતુર બનતી જતી હતી.

'એમ જ હોય તો ભલે. દુનિયામાં તમે રહો. હું ડાહી બની જઈશ,' લતા બોલી, 'મસાણની રાખ જેવી કે કબરના પથ્થર જેવી. પણ હવે જીવતાં મરેલી નહિ રહું.'

સુરેશમાં એક કંપ વ્યાપ્યો. નિરંજન કેટલીય વાર ચૂપ જ રહ્યો. લતા બેઠીબેઠી ડૂસકાં લેતી રહી. વ્યથાથી પીડાતો હોય તેમ નિરંજને હાથની મૂઠી વાળી અને બોલ્યો: 'લતા, સાંભળ; આપણે ગમે તે કરીએ, સુરેશને જણાવ્યા સિવાય હું કંઈ જ નહિ કરી શકું.'

'જણાવો, ઢોલ પિટાવો.'

'ના, ના, એકલા સુરેશને જ!'

'તમે જાણો. પણ...' લતા કંઈક બોલી. તે સુરેશથી ન સંભળાયું.

'તો લે આ કાગળ. જાતે વાંચજે. તને સૂઝે તે અંદર ઉમેરજે અને સુરેશને આપજે. અને પછી...' નિરંજનનો અવાજ ધીરો પડી ગયો. તેણે લતાને કંઈક આપ્યું.

રાતની શાંતિમાં ઝાડનાં પાંદડાં ફરફરી રહ્યાં. કેટલીય વાર તેઓ મૂંગાં રહ્યાં. છેવટે નિરંજન બોલ્યો, 'લતા, પૂરું વિચારીને જે કરવું હોય તે કરજે. આખી દુનિયા ભલે મને દોષ દે, તું મને ના દેતી. નહિ તો તે ઘડીથી મને તું મર્યો જ સમજજે. તારે ખાતર...' નિરંજન કંઈક અસ્પષ્ટ બોલ્યો. અને તરત લતા તરફથી ફર્યો.

'નિરંજન!' લતાએ બૂમ પાડી. પણ નિરંજન ચાલ્યો જ ગયો. જાણે તેને પકડવા જતી હોય તેમ લતાનો હાથ હવામાં ઊંચો રહી ગયો.

મકાનની બીજી બાજુથી નિરંજન ચાલ્યો ગયો. લતા રૂમ તરફ ચાલવા લાગી. પોતાને લતા જુએ તે પહેલાં જ સુરેશ પોતાની પથારીમાં આવીને સૂઈ ગયો.

સુરેશને માટે ઊંઘવું અશક્ય હતું. લતા આવીને પોતાની પથારીમાં સૂતી. સુરેશની વિચારમાળા માથે દબાયેલા સાપના શરીર જેવા વળ ખાતી હતી. 'એમ ત્યારે, છેવટે આ જ પરિણામ? પોતામાં શું ઓછું હતું ને નિરંજનમાં શું વિશેષ હતું? કે પછી આ નર્યો સ્વચ્છંદ હતો? ના, ના, નિરંજન કેટલો સ્વસ્થ અને વિચારશીલ હતો? માત્ર લતા, જેને ખાતર એ પોતે બનતું બધું કરી ચૂક્યો હતો, તે જ નિરંજનને ફરજ પાડતી હતી જાણે. પણ આટલો વખત આમ શાંતિથી જીવન ગાળતી લતામાં એકાએક આ શું? કે આ શાંતિ ઉપરઉપરની જ હતી? શું નિરંજનનું સાંનિધ્ય જ એને શાંતિ અને પ્રસન્નતા આપતું હતું? હા, લતા જ્યારથી આવી ત્યારથી જ નિરંજન ઘરમાં હતો. નવા વિદ્યાર્થીને ઉત્સાહી શિક્ષક સંભાળી લે તે રીતે તેણે લતાને સંભાળી લીધી હતી. તેના મનમાં દુષ્ટ હેતુ હોય જ નહિ. ત્યારે લતા જ દુષ્ટ ને? ના, ના, જીવનમાં છુપાયેલી ઝંખનાઓની એ બિચારીને પણ ક્યાંથી ખબર? એની જાગેલી ભૂખ અત્યારે તો નિરંજનને ઝડપી રહી હતી. પોતાને જાણે એ કશા લેખામાં જ ગણતી નહોતી. ક્યાંથી ગણે? પોતે એના પતિ થવા સિવાય બીજું શું કર્યું હતું? પણ બીજું શું થવું જોઈએ?' જવાબમાં સુરેશના મનમાં નિરંજન ખડો થયો—એના સ્વાભાવિક સ્મિતથી હસતો, અને

પછી એકાએક કરમાઈ જતો. શાને? મિત્રદ્રોહના ભાનથી? સુરેશને વિચાર આવ્યો: 'પોતે નિરંજન થઈ શકે તેમ નહોતું. લતાએ પોતે છે તેવો જ તેને સ્વીકારવો જોઈએ. નહિ તો...'

'નહિ તો શું? ન સ્વીકારે તો સ્વીકારાવવું જોઈએ. બળથી? જબરદસ્તીથી? બળાત્કારથી? મારપીટથી? પુરુષ તો નાથ છે. જેની સ્ત્રી બીજાને જાય તેનો સત્યનાશ જ છે! લતા શું સમજે એના મનમાં? એને શા માટે પૂરી ન રાખવી?' સુરેશનું મન જૂની કેડીએ ચડી ગયું. અને એક અનિચ્છાભરી સ્ત્રીને વશ રાખવાના ઇલાજોની ચિત્રાવલિ તેના મનમાં પ્રગટ થઈ રહી. લતાને પથારીમાંથી ઢંઢોળી બેઠી કરી બધું પૂછવાનો તેને આવેશ આવ્યો. તે બેઠો થયો.

લતાની પથારી બે હાથ જ દૂર હતી. તે બીજી બાજુ પડખું ફરીને સૂતી હતી. તેની સમુદ્રની લહર જેવી ઊંચીનીચી થતી દેહરેખા આછા વસ્ત્રમાં ઢંકાયેલી હતી. ખુલ્લી આંખે લતાને જોતાં તેનો આવેશ ઓસર્યો.

'હું શું કરવા જાઉં છું?' સુરેશ મનમાં બોલ્યો. 'હું માણસ મટી જવા તો નથી માગતો ને?' હાથની મુઠ્ઠીથી મગજને દાબતો તે પથારીમાં ઢળ્યો. 'જીવતા મડદાને ઘરમાં રાખીને તું શું કરીશ?' તેને કોઈ કહી રહ્યું. અને નિંદાપ્રિય દુનિયાની આંગળીઓ તેના તરફ ચિંધાવા લાગી. 'આ પેલો...એની બૈરી...' મગજમાં આવતા વિચારોને અટકાવવા તેણે માથાને બે હાથમાં દાબ્યું. પણ વિચારો ઊમટતા જ રહ્યા. 'ભલે જાય...' છટકવા કરતી પોલાદની કમાનને વધારે વાર દબાવી શકવાની અશક્તિ જોતાં માણસ હાથ ખેંચી લે તેમ સુરેશના મનમાં ઉદ્‌ગાર પ્રગટ્યો. દબાયેલી કમાન ઊછળીને છટ કરતી દૂર પડી. લતા ચાલી...ચાલી.

સુરેશનું થાકેલું મગજ ઘેનમાં પડ્યું. વિચારમાળા ભયભરેલાં સ્વપ્નો ઉપજાવતી હતી. જીવન ખાલી થતું જતું હતું. ત્યાં બુઝાવા માંડેલો દીવો પાછો તેલ પુરાતાં તેજ થાય તેમ ત્યાંથી તેને શાંતિ મળવા લાગી. 'જો એમ જ હોય કે પોતાને અનુકૂળ સાથી દરેક શોધી શકે તો પછી કોણે

ગભરાવાનું રહ્યું ? શું મારી સાથે જીવનનો આનંદ લેવા ઇચ્છનાર કોઈ નહિ મળી રહે ? હવે જરા વિચારીને પગલું ભરવું એ શીખવાનું. નવા જીવનના નવા ગણેશ ! કયા ઘા રૂઝાતા નથી ? પૃથ્વી પર વિજ્ઞાને પ્રગતિ કરી છે. નહિ કરી હોય તો કરશે.' સ્વપ્નો, વિચારો, તરંગો, ભયો, આછાં આશ્વાસનો સુરેશના ઊંઘતા જીવને ચગડોળે ચડાવી રહ્યાં. તે ઘડીભર શૂન્ય થઈ ગયો.

* * *

સુરેશ વહેલો ઊઠીને ચાલ્યો ગયો, અને આખો દિવસ ઇરાદાપૂર્વક બહાર રહ્યો. સાંજે આવ્યો ત્યારે ઉતારાનું બારણું ખાલી વાસેલું હતું. બારણું ઠેલી અંદર પેઠો. રોજ અવ્યવસ્થિત રહેતો ઓરડો અત્યંત વ્યવસ્થિત હતો. વચ્ચેના ટેબલ પર લવંડર રંગનું લતાના હાથનું ગૂંથેલું ટેબલક્લોથ હતું. તેના પર એક બંધ કાગળ હતો, અને તે પર હંસના આકારની પીતળની ચળકતી કાગળદાબણી હતી. સુરેશ ખુરસીમાં બેઠો. ટેબલની આજુબાજુની ખુરસીઓ ખાલી હતી. આ જ ખુરસીઓ ભરાયેલી રહેતી; લતા, નિરંજન, સુધાકર, કુસુમ અહીં બેસતાં. અહીં કલ્લોલ થઈ રહેતો. હવે...?

કાગળમાં શું હતું તે તે જાણતો હતો. કાગળને બદલે તે દાબણીના હંસને નિહાળી રહ્યો. દમયંતીને લગ્નનું નોતરું દેવા જનારો હંસ આજે શાની કંકોતરી લાવ્યો છે ? સુરેશ મ્લાન રીતે હસ્યો. એને હૃદય પરથી ભાર હળવો થતો લાગ્યો. હંસને ડોકું પકડી તેણે દૂર બેસાડ્યો અને કાગળને વાંચ્યા વિના જ ખિસ્સામાં મૂક્યો. હંસ તરફ જોઈને તે પાછું મ્લાન સ્મિત કરી રહ્યો. તે ઊઠ્યો અને ચંપલ પહેરતાં તે ઓરડાને જોઈ રહ્યો. શું આ વ્યવસ્થા લતાનું છેલ્લું ગૃહિણીકાર્ય હતું ? હૃદય તેને ખાલી થતું લાગ્યું. ચક્કર ખાતા મગજને શાંત થવા દેવા તેણે બારસાખ ઝાલી લીધી. મગજ શાંત થયું, અને જે વિચારને તેણે પાસે આવવા દીધો નહોતો તેને હવે તેણે આવકાર્યો. ખાલી હૃદય તેને કશાકથી ભરાતું લાગ્યું. તે સુધાકરના ઉતારા તરફ ચાલ્યો.

રેવામાસી ગૌમુખીમાં માળા ફેરવતાં હતાં. સુરેશ તેમની પાસે આવીને બેઠો. જૂની વત્સલતાથી રેવામાસીએ તેને બોલાવ્યો : 'આવો, સુરેશ.'

'એક વાત કહેવા આવ્યો છું.' માથાની ટોપીને હાથમાં રમાડતાં સુરેશે કહ્યું.

'કહો ભાઈ.'

સુરેશની જીભ અચકાઈ. કાગળ વાંચ્યા વિના નિર્ણય કરવામાં પોતે કંઈ ભૂલ તો નથી કરતો? રાતની ઘટના સાચી ન હોય તો? લતા ઘેર આવી ગઈ હોય તો? તોય શું? હવે ઘટનાનાં ચક્રો પાછાં ફેરવાય તેમ ક્યાં હતું? ઘાયલ થયેલો માણસ દૂઝતા ઘાને દબાવતો, દાક્તર તરફ જે સ્મિત કરે તેવા પીડાભર્યાં કઠોર સ્મિતથી સુરેશે 'વાત' કહેવા માંડી.

'કોઈ કન્યાની શોધમાં રહેજો, માસી. પણ આપણે...'

સુરેશ આવ્યો તે પૂર્વે રેવામાસી માળા ફેરવતાં ફેરવતાં સુરેશની ગૃહિણી તરીકે કુસુમને કલ્પતાં આનંદ અનુભવી રહ્યાં હતાં. એક વાર પણ સુરેશને કાને વાત નાખી હોય તો? ત્યાં જાણે તેમનો જ બોલાવ્યો આવતો હોય તેમ સુરેશ સામે દેખાયો. હાથમાં માળા થંભી ગઈ. સુરેશ તરફ તે મીઠાશથી જોઈ રહ્યાં. અને સુરેશે તરત જ વાત કહેવા માંડી.

રેવામાસીના મનમાં ઘણા પ્રશ્નો આવ્યા. તે બોલવા ગયાં, પણ તેમને ગળે આનંદનો ડૂમો ભરાયો. અને તેટલામાં હાથમાંની ટોપીને માથા પર દાબીને સહેજ વાંકી મૂકીને સુરેશ જ આગલા વાક્યની ધીમેથી પૂર્ણાહુતિ કરતો, તેમના તરફ જોઈને બોલ્યો:

'પણ આપણે સાવ સાધારણ. હાં!'

૩. લતા ચાલી

નિરંજન નીકળી પડ્યો. જાણે કોઈ ભયંકર નાગની ચૂડમાંથી છટકીને એનાથી એ દૂર ને દૂર નાસતો હોય તેવી તેનાં પગલાંમાં ત્વરા હતી. મૂઠીઓ વાળીને એ ઘડી ચાલતો, ઘડી દોડતો હતો. આમ ને આમ તેણે કેટલો પંથ કાપ્યો હશે તેનો તેને ખ્યાલ નહોતો. વચ્ચે કેટલો સમય વીત્યો હશે, તે પણ તે કહી શકે તેમ નહોતો. તારાઓના ઝાંખા તેજને હરી લેતી મહાવડની છાયા આવી ત્યારે એ ઊભો રહ્યો. એને ખાતરી થઈ કે આણુ અને સ્ટેશન વચ્ચે આવતા વિશ્રામસ્થાનની નજીક એ આવી ગયો હતો. આમતેમ નજર નાખી અને કોઈને જ્યારે ન જોયું ત્યારે તેના મોંમાંથી 'હા...શ' એવો શબ્દ સરી પડ્યો. તેને શાન્તિ થઈ કે લતા એટલી હદ સુધીની સ્વાર્થીલી ન નીવડી કે પોતાની માફક સ્વજનોને સૂતાં રાખી, કોઈને કહ્યા કારવ્યા વિના, કોઈ અદીઠા અને ન્યારા રાહને ખાતર સર્વસ્વ ઝુકાવી દે.

આ વડના થડની આસપાસ રૂપાળો એવો ચોતરો હતો. દુખિયાં ને દુભાયેલાંનો એ વિસામો ગણાતો. કંઈ સ્ત્રીપુરુષો એની નીચે તનની ને મનની મીઠાશ અનુભવતાં. નિરંજન પણ આજે એને આશરે આવી પહોંચ્યો હતો. કુદરતી રીતે જ એ ચોતરા પાસે ગયો અને ધૂળ ઝાપટીને બેઠો. એનું મગજ અનેકાનેક વિચારોથી રુંધાતું હતું, પણ વાતાવરણ એટલું આહ્લાદક હતું કે કલાકોના કલાક સુધી ત્યાં બેસી રહેવાનું બને તોય અણગમાને અવકાશ નહોતો.

પહેલી પળે નિરંજનને પોતા પ્રત્યે તિરસ્કારની લાગણી પ્રગટી: અલ્યા નિરંજન, તું શું હતો ?—શું થઈ ગયો ?—શું થવા સરજાયો છે ? લતા ને સુરેશનાં જીવન જે સાંકળે જોડાયાં હતાં તેના પવિત્ર અંકોડા જેવો તું હતો. તેં ધાર્યું હોત તો તેમના દામ્પત્યજીવનમાં સુખની રેલમછેલ કરી મૂકી હોત. જગત ઈર્ષ્યા કરતું કરતું એ જોત ને જાણત કે સ્થળે-

સ્થળે વિષના ઘૂંટડા ભરવાના નથી હોતા, ક્યાંક ક્યાંક અમૃતનાં છાંટણાં ય અનુભવાય છે, અને એથી જ જગતમાં જીવવા જેવું રહ્યું છે. પણ નિરંજન, તેં તો ઊલટું જ કર્યું.

ડાળી પરથી એકાદ પંખી પાંખો ફફડાવતું અને ચીસો પાડતું ઊડી ગયું. જેમ એ પંખી નિદ્રામાંથી જાગી ગયું તેમ નિરંજન પણ વિચાર-તંદ્રામાંથી જાગી ગયો. ચોતરાની કિનારી પર તે બેઠો હતો તેને બદલે હવે લાંબા પગ કરીને, વડના ઘુમ્મટમાં નજર પરોવીને ઉઘાડી આંખે સૂતો. તારાઓનું તેજ ત્યાં ચળાઈચળાઈને એટલું ઓછું આવતું હતું કે સામાન્ય જીવનમાં કદીક અને ઘડીક જ આવતી સુખની ક્ષણોનું એથી સ્મરણ થતું. પશ્ચાત્તાપના પૂરમાં તણાયેલો નિરંજન પણ એનાથી પર ન રહી શક્યો. આંખોમાં જરાક ઘેન આવ્યું અને એને લતા સાંભરી, લતા સાથેનો સહવાસ સાંભર્યો. લતા સાથેના સહચારના સ્મરણે એ વિહ્વળ બની ગયો. જળ વિનાની માછલીની જેમ લતા વિનાના નિરંજનને નખશિખ કંપારી આવી ગઈ અને આમતેમ લતાને તે શોધવા લાગ્યો. પણ હવે અહીં લતા કેવી? દૂર દૂર, ભલે ને નાંખી નજર ન પહોંચે એટલે દૂર એ નિહાળે તોય લતાને નિહાળવાનો સંભવ નહોતો. તેને શબ્દ સાંભર્યો 'નિરંજન!' જે લતાથી છૂટા પડતાં તેણે છેલ્લો સાંભળ્યો હતો. ત્યારે લતા શું તેને એવા પરમ પ્રેમથી ચાહતી હતી કે સુરેશને ભૂલીને, સુરેશને મૂકીને ય એ આખર પોતાની સાથે નાસી છૂટી હોત?

જરૂર. નિરંજનને લાગ્યું કે જે બળ પોતે એક વેળા લખેલી લતાની નામમાળામાં હતું એથી અનેકગણું બળ લતાના આ એક શબ્દમાં હતું. તો પછી શા સારૂ એ ન સાંભળ્યું કરી પોતે નાસી છૂટ્યો? સુરેશ પ્રત્યે એની જે ફરજ હતી તે તો તે એવી રીતે ભૂલ્યો હતો કે કોઈ કાળે સુધારી સુધરે એમ નહોતી. આવી ભારે ભૂલમાંથી લતા પ્રત્યેની ફરજ એણે ઊભી કરી હતી. એ પણ હવે ભૂલવા માગતો હતો? એ ભૂલ્યે પહેલી ભૂલનું પ્રમાણ જરા જેટલુંય ઘટે એમ હતું? એ અશક્ય હતું. તો પછી લતાને સાથે લઈ લીધી હોત તો? અરે, લતાને સાથે લેવાની ય

નહોતી: એ આવવા ચાહતી હતી. નિરંજનની આંખ આગળ બરાબર દૃશ્ય ખડું થયું: લતા આગળથી એ ચાલી નીકળ્યો ત્યારે બિચારીએ નિરાધારીથી હાથ ઊંચો કર્યો હતો, જેને પોતે પડછાયામાં દીઠો હતો અને તો ય જેની પરવા કરી નહોતી. હૃદય પર રહેલાં હાથનાં આંગળાં નિરંજનના કપાળ પર પહોંચ્યાં. એ ગણગણ્યો: 'નિરંજન, તું મિત્રદ્રોહી કે મૂર્ખ?'

એ આડું પડખું ફર્યો. પાસે એક ગાય વાગોળતી બેઠી હતી અને એના પડખામાં પડી હોય તેમ એની વાછડી શાન્ત સૂતી હતી. નિરંજનને એમની ઈર્ષ્યા આવી. જગતમાં બીજાં પ્રાણી આટલાં સંતોષી અને સુખી અને માત્ર માનવીને માથે દુ:ખનાં ઝાડ!

આવા આડાઅવળા વિચારોથી એ ગૂંગળાઈ જવાની અણી ઉપર આવ્યો ત્યાં કેટલેક દૂર જમીન પરનાં પાંદડાં ખડખડ થયાં અને હોંશભર્યો નિરંજન સફાળો બેઠો થઈ ગયો. કોઈકનાં ઉતાવળાં પગલાંનો એમાં અવાજ હતો. નિરંજને માની લીધું કે લતા હોવી જોઈએ. હા, લતા વિના નિરંજનની દુનિયામાં રહ્યું હતું કોણ? નિરંજન રાજી થઈ ગયો. આનું નામ નારીહૃદય! પ્રેમમાં પડતાં અને પડ્યા પછી એમાં પાર ઊતરતાં એને જ આવડે છે. પુરુષ તો પતંગિયાં છે.

સાચું પૂછો તો નિરંજન એવા અજબ આનંદમાં આવી ગયો હતો કે વીજળીની ત્વરાથી એના વિચારો વહેતા અને બદલાતા હતા. એકને શબ્દનું રૂપ આપે એ પહેલાં તો અનેકનું આક્રમણ આવતું! લતાએ નિરંજનનો પત્ર સુરેશને સોંપ્યો હશે? સોંપ્યો હશે ત્યારે જ આમ તરતોતરત નીકળી ગઈ હશે ને? પોતે તો પત્રમાં બને તેટલી, બલ્કે બને તેથી ય વિશેષ સ્પષ્ટતા કરી હતી અને સુરેશની વળીવળીને ક્ષમા ચાહી હતી. પણ આ પછી સુરેશ સાથે લતા રહે એ અશક્ય હતું, અસહ્ય જ હતું.

નિરંજનના હૃદયના ઊંડાણમાં સોનેરી આશા કોતરાઈ ગઈ. પોતે અને લતા આખર એક થશે કે શું? તો તો જગતમાં બીજું જોઈએ પણ શું?

પાંદડાં એટલાં પાસેથી ખડખડ્યાં કે નિરંજન એકદમ ઊભો થઈ ગયો. આવનાર વ્યક્તિ પણ એ જોઈ એટલી ગભરાઈ ગઈ કે તેના કંઠમાંથી કારમી ચીસ નીકળી ગઈ. નિરંજન ડઘાઈ ગયો. અરે, આ સાદ લતાનો નહિ!

ત્યારે એ કોણ હતું? નિરંજને આંખો ચોળી. પેલી વ્યક્તિએ સ્વસ્થતા મેળવી. આશ્ચર્ય અને આતુરતાથી એકમેકની આગળ આવતાં બન્ને એકબીજાને ઓળખી શક્યા.

'અહો નિરંજનભાઈ? અહીં? અટાણે?'

'હા.' ઉત્તર આપવાની અનિચ્છા છતાં નિરંજને આટલો અધૂરો ઉત્તર આપ્યો ખરો. ક્યાં લતાની કલ્પના અને ક્યાં લલિતમોહનનો અનુભવ? મુસાફરી વખતે કે હવા માટેના સ્થળમાં સાથે રહેવાનું સાંપડતાં ઘણી વેળા જે જબ્બર પિછાન જેવું રચાઈ જાય છે તે નિરંજન અને લલિતમોહન વચ્ચે આબુમાં રચાઈ ગયું હતું. પરંતુ આવી પિછાન પ્રાસંગિક હોતાં સ્થળસમય પલટાયા પછી તેની કદર કે ગરજ કોઈકને જ રહે છે. નિરંજને પણ એ અનુભવ્યું. નખી તળાવ પર સંધ્યાસમયે સાથે તડાકા મારવાનું મળતું એ સમજ્યા જાણે: પણ ભલા, લલિતમોહન, અહીં, આવે વખતે કંટાળારૂપ થવાનું કારણ? નિરંજનને એનું અપમાન કરી નાંખવાનું મન થયું. પણ એ પહેલાં તો પ્રશ્ન છૂટ્યો: 'નિરંજનભાઈ, તમે ભલી કરી. અઠવાડિયામાં ઓછામાં ઓછું સાત શેર વજન વધ્યું લાગે છે. ખોટું હોય તો કહો એ હારી જવા તૈયાર છું.'

નિરંજનની મુસીબત વધી પડી. લલિતમોહને આગળ ચલાવ્યું: 'વજન કેમ ન વધે? છે કાંઈ અમારી જેમ બૈરાંછોકરાંની ફિકરચિંતા?'

નિરંજન વાસ્તે આ પ્રશ્ન નહોતો, કારી ઘા હતો; છતાં એ સહેવાનો હોય તેમ તે મૂંગો રહ્યો. મનમાં તો ઘણું થયું કે ઓ અબૂધ, બૈરાં-છોકરાંની જ આ ફિકરચિંતા છે, એ નથી એની જ આ ઉપાધિ છે.

લલિતમોહને ખીસામાંથી કવર કાઢ્યું. નિરંજનને પળભર થઈ ગયું કે લતાએ પત્ર પાઠવ્યો હોય તો કેવું સારું? એને ભાને ય ન રહ્યું કે એ શક્ય શી રીતે હતું? 'જુઓ ભાઈ, આ તાર આવ્યો અને રાતોરાત

નીકળવું પડ્યું. અમારે અરવિંદને ઓરી વરતાણાં છે એવો ઘરમાંથી તાર કરાવ્યો છે.'

નિરંજનને સહાનુભૂતિના બે શબ્દ સરખા સૂઝ્યા નહિ.

'પણ ભાઈ, તમે કઈ તરફ?'

નિરંજનના મનમાં આ બાબત ઘોળાતી હતી. કઈ તરફ જવું? પાછા ફરવાનું ઘણું મન થયું. લતાને મળાય, સુધાકર અને કુસુમની રીતસરની રજા લેવાય અને જે કાંઈ થાય તે જોઈ વિચારીને થાય. પણ લતાએ સુરેશને પત્ર આપ્યોજ નહિ હોય તો? પોતે એવી રીતે એને અળગી કરીને નીકળી ગયો હતો કે લતા વાસ્તે ઉત્તમ માર્ગ સુરેશની સેવાનો રહ્યો હતો. મનને મનાવીને કે મારીને એણે એ ગ્રહણ કેમ ન કર્યો હોય? વળી કુસુમ અને સુધાકર સાથે પૂરેપૂરો વિવેક ન વપરાયો તોય શું?

એટલે નિરંજને પાછું ફરવાનું મન માંડી વાળ્યું. ત્યારે હવે?

'નિરંજનભાઈ, ચાલો મારી સાથે. આનંદ આવશે.'

જે લલિતમોહન પ્રત્યે નિરંજને જુદીજુદી જાતની માઠી લાગણી અનુભવી હતી તેને વાસ્તે આખરે એને થોડુંક માન થયું. બાકીની બધી દિશાઓ પોતાને માટે બંધ હતી. એક ટંક લલિતમોહન સાથે ગાળી નાખવામાં તેની સવડ પણ સચવાતી હતી. મુંબઈ માટે રાતની ગાડી મળે એ વચ્ચેના વખતમાં એ કોઈને મળવા માગતો નહોતો. એટલે, જાણે ઉપકાર સ્વીકારતો હોય તેમ, માથું નમાવી તેણે લલિતમોહનને સંમતિ સૂચવી.

* * *

બપોરના બાર વાગ્યા હતા. માનવીના પડછાયા એમના પગ નીચે રમતા હતા. આવે સમયે લતા પણ જાણે પોતાના આત્માને પગ નીચે કચરીને સ્ટેશન પર આમથી તેમ આંટા ફરતી હતી. એણે આખુ ખોયું હતું. આજની સવારે એણે જોઈ લીધું હતું કે સુરેશના વર્તનમાં અજબ પરિવર્તન થઈ ગયું હતું. લતા ચા તૈયાર કરીને લાવી પછી

કેટલી યે વાર સુધી સુરેશ કપને અડકયો નહોતો. પછી એ અડકયો ત્યારે પાણી પીતો હોય તેમ આખો કપ એ ગટગટાવી ગયો હતો. લતાને શંકા પેઠી કે સુરેશને ઝાઝી નહિ તો જરા જેટલી પણ વાતની ગંધ આવી ગઈ હોવી જોઈએ. અને જો એમ જ હોય તો આ હકીકત તો એવી હતી કે એમાં ઝાઝું શું અને જરા જેટલું શું!

લતાએ સુરેશને છાપું આપ્યું અને એ જ્યારે તેણે વાંચ્યા વિના નીચે મૂકી દીધું ત્યારે લતાનાં ગાત્ર ગળી ગયાં. સુરેશ ભયંકર તો નહિ બની બેસે?

સુરેશ મૂંગોમૂંગો ઊભો થયો અને હળવે પગલે લતા પાસેથી, જમીનમાં જોતો, પસાર થયો. લતાને જાણે ઘાત ગઈ.

એક ખભે કોટ લટકતો રાખી, ટોપી અડધે માથે મૂકી, સુરેશ ઉતારા બહાર નીકળી ગયો. લતા સાથે એ શબ્દ સરખો બોલ્યો નહોતો. જાણે જીવનભરના અબોલા લેવા એ તૈયાર હોય એટલી દૃઢતા એના ધ્રૂજતા નીચલા હોઠમાં જણાતી હતી.

લતા દિઙ્મૂઢ બની ગઈ. એનું હૃદય એટલું ધબકધબક થતું હતું કે એનું શરીર આખું એથી ધ્રૂજતું હતું. બેબાકળી બનેલી લતાએ માંડમાંડ નિરંજનનો પત્ર વાંચ્યો અને વાંચ્યો એવો ફાડી નાખ્યો. એમાં જે કહ્યું હતું તે તો સુરેશે જાણ્યું હતું. એ જાણ્યું નહોતું તો અન્ય કયા કારણે સુરેશનું દિલ આમ ઉશ્કેરાય એમ હતું?

લતાને લાગ્યું કે હવે સૌથી સારું એ કહેવાય કે સુરેશથી અળગા થઈ જવું. સુરેશની જીભે એ કહ્યું નહોતું, પરંતુ એનું હૃદય એ માગતું હતું એ સ્પષ્ટ હતું. લતાથી સુરેશની કશી સેવા થઈ શકે એમ હોય તો તે આટલી જ હતી—કે તેની નજર આડે આવ્યા કરવાને બદલે દૂર દૂર ચાલ્યા જવું. એ અમલમાં મૂકવું આકરું હતું; પરંતુ એથી જો સુરેશનું જીવન ઓછું અકારું થાય એમ હોય તો એણે એ અવશ્ય કરવું જોઈતું હતું.

એટલે નછૂટકે લતાએ ત્યાંથી નીકળી જવાનો નિર્ધાર કર્યો. નિરંજને પત્રમાં પેલા ન બનવા જોઈતા પણ બની ગયેલા પ્રસંગોની

કબૂલત કરી હતી એટલું જ નહિ પણ અપ્રાસંગિક એવો હવે પછીનો તેનો કેટલોક કાર્યક્રમ પણ જણાવ્યો હતો. એટલે નિરંજનને પકડી પડાય એમ હતો. લતાને સમજાયું કે કદાચ એ લોભે જ નિરંજને આ બધું જણાવ્યું હશે.

અને લતા ચાલી. ઝાઝી તૈયારી કરવી તેણે યોગ્ય ન ધારી. સુરેશ કદાચ પાછો આવી જાય તો વળી બાજી બગડી જાય. અંતરના અકથ્ય તરફડાટમાં તણાતાં તણાતાં એણે આટલું લખી નાખ્યું:

'હું જાઉં છું: મારું કર્મ મને ઘસડી જશે ત્યાં.—લતા.'

કાપલી કવરમાં બીડીને વચ્ચેના ટેબલ પર કાગળદાબણી નીચે મૂકી દીધી. અને હાથમાં ખાદીની થેલી લઈને તે ચાલી નીકળી. થેલીમાં એક જોડ કપડાં અને અંદરની રકમ જાણ્યા વિનાના પાકિટથી વિશેષ તેણે કશું ન લીધું.

આમ ને આમ એ સ્ટેશન પર પહોંચી અને આમથી તેમ આંટા ફરવા લાગી. થોડી વારે ટ્રેન આવી. સ્ત્રીઓના ડબા તરફ તેણે નજર નાખી, પણ તેમાં બેસવાનું માંડી વાળ્યું. એને ખબર હતી કે ત્યાં સંસારના ને કુટુંબના એવા ફૂટ પ્રશ્નો પુછાય છે કે પોતાની વર્તમાન સ્થિતિમાં તેના ઉત્તર અશક્ય હતા. એટલે એ પુરુષોના ડબામાં ચડી. રજાઇને બેવડી કરીને આખા પાટિયા પર પાથરીને લગભગ પચાસે પહોંચેલા એક ખાદીધારી ભાઈ બારીએ અઢેલીને કંઈક વાંચતા હતા. લતાની બંગડીના રણકારે એમની આંખો પુસ્તકની ક્ષિતિજને વટાવીને ઉપર આવી. કોઈ સ્ત્રીને જોતાંવેંત એમના લંબાયેલા પગ ટૂંકા થયા. નમસ્કાર કરવા માટે પુસ્તકને નીચે મૂકવું પડ્યું.

લતાએ સામેથી નમસ્કાર કર્યા અને રજાઇને અડધા પાટિયા સુધી સંકેલીને પોતે ખાલી કરેલી જગા પર ગોઠવાઈ ગઈ.

પડખેના પાટિયાવાળાને તો જાણે નાટક જોવાનું મળ્યું હોય તેમ બધા એકીટશે અહીં જોતા હતા. કેટલાક સામસામી આંખો મીંચતા હતા. એકબે વળી અંદરઅંદર તાળી દેવા લાગ્યા. થોડી જ વારમાં શાન્તિ

પથરાઈ ગઈ. પ્રાણુલાલભાઈએ પુસ્તક ઉઘાડ્યું. લતા પાકિટ ઉઘાડીને પૈસા ગણવા લાગી. ખૂબીની વાત એ થઈ કે એક બાજુ લતાના પાકિટનો બંધ થવાનો ટિક અવાજ આવ્યો અને બીજી બાજુ પ્રાણુલાલભાઈના પુસ્તકનાં અડધિયાં એકમેક સામે અથડાયાં. એ બન્નેને પણ એનું આશ્ચર્ય થયું હોય તેમ પલવાર તેઓ સામસામું જોઈ રહ્યાં અને આખરે લગીર હસી પડ્યાં.

પ્રાણુલાલભાઈમાં આથી હિંમત આવી. એમણે સીધો સવાલ કર્યો: 'બહેન, તમારું નામ?'

લતાને આંચકો લાગ્યો. અત્યારના સંજોગો એવા હતા કે પોતા વિષે કોઈને કશું સાચું કહેવામાં શી શોભા હતી?

લતાએ નામ ન કહ્યું એથી પ્રાણુલાલભાઈ નિરાશ ન થયા. એમણે પોતાની ઓળખાણ આપવી શરૂ કરી. 'હું પ્રાણુલાલ. ઓળખતાંપાળખતાં લાડથી મારા નામ પાછળ ભાઈ શબ્દ લગાડે છે. મારું નામ તો તમે સાંભળ્યું હશે.'

લતાને નિરાંત થઈ. પ્રાણુલાલભાઈને ઓળખવામાં એને કશો વાંધો નહોતો. એણે આતુરતા દેખાડી પૂછ્યું: 'કયા પ્રાણુલાલભાઈ?'

આછા મલકતા હાસ્ય સાથે ઉત્તર આવ્યો: 'ન ઓળખ્યો? ગુજરાતના કાર્યકર્તાઓમાં પ્રાણુલાલ ક્યાં ઝાઝા છે? મારે હસ્તક ચાલતા ગ્રામસેવાસંઘનું નામ નથી સાંભળ્યું?'

'સાંભળ્યું છે.'

'બસ એ જ. એને મેં મારું જીવનધન કર્યું છે. અભણ અને અકિંચન ગામડિયાંનાં જીવનને ઉચ્ચ કક્ષાએ લઈ જવાનો મારો આદર્શ છે. એમને શિક્ષણ આપી શકાય એટલા સારુ આજે દોઢ મહિને નાણાં ઉઘરાવીને હું પાછો ફરું છું.'

લતાને આશ્ચર્ય થયું કે જ્યારે પોતાને પૈસાની તાણ હતી ત્યારે પ્રાણુલાલભાઈ પાસે પોતા ઉપરાંત પારકા માટે પણ જોગવાઈ હતી.

એમણે આગળ લંબાવ્યું: 'મારે જરૂરત હોય તો કેવળ એકનિષ્ઠ સેવકોની. એ મળે તો હું શું શું ન કરું?'

લતા લલચાઈ. નિરંજન ન મળે તો પછી આ શું ખોટું હતું? પણ આ સેવાસંઘમાં સ્ત્રીઓને સ્થાન હશે? હશે તો શી શરતોએ?

વળી વાગ્ધારા વહેવા લાગી: 'દેશને કામ છે તમારા જેવા મૂંગા સેવકોનું. પડખે રહેતો પાડોશી પણ ન જાણતો હોય કે શી શી પ્રવૃત્તિઓમાં તમે સક્રિય ફાળો આપી રહ્યાં છો.'

લતાને એક બાબત ચોકસાઈથી સમજાઈ. દેશની સેવા વિષે તો તેનાં નીવડ્યે વખાણ થાય એમ હતાં; પણ મૂંગી તો એ જરૂર હતી જ.

પણ હવે એને ઉમળકો આવ્યો; એનાથી પૂછી જવાયું: 'તમારા સંઘમાં બહેનોને પણ સ્થાન છે?'

લતા આ પહેલાં એટલું પૂછવું ભૂલી ગઈ કે મૂંગા સેવકોનું મૂલ્ય સમજનાર જાતે બહુ બોલકણા કેમ હતા!

'બહેનોને શા સારુ સ્થાન ન હોય? છે જ. જગતમાં સર્વત્ર એમને સ્થાન છે તો અમારા સંઘમાં કેમ નહિ? હા; એટલા પૂરતું અમે બંધન સ્વીકાર્યું છે કે જે કોઈ બહેન દાખલ થાય તેમના પતિ પણ સાથોસાથ દાખલ થવાના હોય તો તેઓને અમુક નિયમો પાળવા પડે.'

આ નિયમો કયા હતા તે લતા પૂછશે એવી પ્રાણલાલભાઈને આશા હતી. લતાને જાણવાનું મન પણ હતું; પણ પૂછીને જાણવા જેટલું નહિ.

આવી વાતો થતી હતી ત્યાં મોટું સ્ટેશન આવ્યું અને લતા કૂદીને બારી પાસે પહોંચી. નિરંજનના પત્ર પ્રમાણે આ ગાડીમાં અહીંથી એ બેસવાનો હતો અને મુંબઈ પહોંચી સીધો આફ્રિકા ભણી ઊપડી જવાનો હતો. આ કાર્યક્રમમાં નિર્વાહ કરતાં બીજો ઉદ્દેશ મુખ્ય હતો—એ કે આમ દૂર જાય એટલે લતા અને સુરેશનો છિન્નભિન્ન થયેલો સંસાર, વખત વીતતાં, ફરી સ્થિર અને સુખી થાય.

ગાડી સ્ટેશનમાં દાખલ થઈ કે તરત લતાએ નિરંજનને દીઠો. એણે ઇશારત કરી દીધી કે મળે ત્યારે મૂંગો રહે.

તોય નિરંજનથી મૂંગા ન રહેવાયું: 'હું તો ધારતો હતો કે તું સ્ત્રીઓના ડબામાંથી નીકળીશ. એટલે છેક છેડે ઊભો હતો.'

લતા કંઈક કહે એ અગાઉ પ્રાણલાલભાઈએ ઝુકાવ્યું: 'આજના યુવાનોની આ જ મોટી ભૂલ છે. પોતાને એકવીસમી સદીના મનાવે છે અને પોતાની પત્નીઓને પિંજરનાં પંખી માને છે.'

નિરંજનને સમજ ન પડી. એની આંખો કૂદાકૂદ કરવા લાગી. લતાએ શું પહેલેથી નિરંજનને પતિ તરીકે ઓળખાવી લીધો હશે? મનમાં અનેક ઊભરાઓ આવતા હતા. પણ રખે ઊંધું વળી જાય એ બીકે બધું બળપૂર્વક તેણે દાબી દીધું.

લતા થેલી લઈ ડબા બહાર આવી. નિરંજન જેવી બીક તેના મનમાં પણ પેઠી હતી. એટલે એણે નિરંજનને આઘો લઈ જઈ સ્થિતિ સમજાવવાનું ઉત્તમ ધાર્યું. ડબાથી થોડેક દૂર, પણ સાવ સામે, એક બાંકડો હતો ત્યાં બન્ને ગયાં અને વાતોએ વળગ્યાં. પ્રાણલાલભાઈને એક પ્રસંગ સાંભર્યો. જેલમાં એમનાં પત્ની મુલાકાત માટે આવતાં ત્યારે આવું જ કંઈક રચાતું. પણ ત્યારે એમનું પાત્ર પ્રેમાળ પતિનું રહેતું: અત્યારે લૂખાસૂકા પોલીસનું હતું!

લતા અને નિરંજન મળ્યાં. લાંબી વાતો કરવાનો સમય નહોતો એટલું તેઓ સારી રીતે સમજતાં હતાં. તરત તેમણે નક્કી કરી નાંખ્યું કે થયું એ થઈ ગયું માનીને આવતી કાલનો માર્ગ આજ ને આજ, અત્યારે ને અત્યારે, તેમણે ઘડી લેવો ઘટે. લતાએ સેવાસંઘનું સૂચન કર્યું. નિરંજનને થયું કે થોડા દહાડા માટે એ અખતરો ખોટો નહોતો, એને માટે એક જ બાબત આવશ્યક હતી: પતિપત્ની તરીકે તેઓ ન ગણાવે તો રમત બરાબર ગોઠવાતી નહોતી.

ગ્રામસેવાસંઘ નાનકડી સંસ્થા હતી. છાપાંઓમાં મોટાં મથાળાં નીચે અઠવાડિયે એકવાર અચૂક, એની વિધવિધ પ્રવૃત્તિઓના અહેવાલ આવતા

તે જો ખોટા નહોતા તો સાચા પણ નહોતા. જે સભા ગંજાવર રીતે ભરાયેલી ગણાવાતી તેમાં ક્યારેક પ્રાણલાલભાઈ, એમનાં પત્ની રતનબહેન અને બીજાં એકબે જણ હાજર હોય. ઠરાવો સઘળા સર્વાનુમતે પસાર થતા અને સંઘનું કાર્ય નિર્વિઘ્ને ચાલ્યે જતું !

નિરંજન સંઘને છાપાંઓદ્વારા ઓળખતો હતો. એણે માન્યું કે ઊતરવાને સ્ટેશને આજે લોકોની ઠઠ જામી હશે અને 'પ્રાણલાલભાઈની જય'થી વાતાવરણ ગાજી ઊઠશે. સ્ટેશન આવ્યું એ પહેલાં નિરંજને આ વાત લતાને કાનમાં કહી અને બન્ને ઈર્ષ્યાની નજરે પ્રાણલાલભાઈ સામું જોઈ રહ્યાં. આશ્ચર્યની વાત ગણો કે ન ગણો, પણ પ્રાણલાલભાઈની મુદ્રામાં એક કરચલીનો પણ ફરક નહોતો પડ્યો.

ગાડી ઊભી રહી, સ્ટેશન સેવાભાવીઓથી સૂનું હતું. એક મજૂર આવ્યો તેણે પ્રાણલાલભાઈને સલામ ભરી. એમણે એ સંતોષથી ઝીલી.

લતાએ નિરંજનને કહ્યું: 'શી સાદાઈ!'

નિરંજને લતાને કહ્યું: 'ખરેખર!'

સંઘનું સ્થળ એકાદ માઈલ દૂર હતું. પ્રાણલાલભાઈ ચાલવા લાગ્યા એટલે લતા અને નિરંજન માટે બીજો ઉપાય નહોતો. બન્નેએ સામસામાં મોં મચકોડ્યાં.

સંઘમાં પહોંચ્યાં ત્યાં રતનબહેન સામાં મળ્યાં. પ્રાણલાલભાઈએ ઉત્સાહપૂર્વક ઓળખાણ કરાવી આપી અને પોતે ઘણા દિવસથી પડેલી ટપાલ વાંચવામાં પરોવાયા. જરાવારે રતનબહેન રાંધણિયામાં ગૂંથાયાં. લતા અને નિરંજન ઓરડામાં એકલાં પડ્યાં.

જે એકલતા બન્નેએ બહુ બહુ ઝંખી હતી તે આવી મળતાં બન્ને અવાક્ થઈ ગયાં. નિરંજને લતા સામે જોયું તો તેની આંખમાંથી દડદડ આંસુ ખરતાં હતાં. આમ કેમ? વળી શું થયું? લતા હજુ શું સુરેશને ચાહતી હશે? તો પછી તે પોતાની પાછળ કેમ આવે? રાત્રે તો તે જ આવવાનું કહેતી હતી! અને અહીં જાણે એ લતા જ નહિ!

નિરંજન અકળાયો. લતા સાથે શી રીતથી શરૂઆત કરવી તે તેને ન સૂઝયું. બોલવું શું તેની ગમ પડતી નહોતી. સ્પર્શથી શાન્તિ આપવાની તેનામાં હિંમત નહોતી. આશ્વાસનના શુભ આશયથી અડકાડેલા હાથ સામે પણ લતા વીફરી બેસે તો? નિરંજન ઊભો થયો અને આંટા મારવા લાગ્યો. એથી પણ જ્યારે એ થાકી ગયો ત્યારે લતાથી બને તેટલું નજીક પણ ભૂલથી ય અડકી ન જવાય એટલે દૂર બેઠો અને બસ બેસી જ રહ્યો.

લતાએ આંસુ લોહ્યાં અને દયામણે ચહેરે નિરંજન સામે નિહાળ્યું. એનો ચહેરો પણ ફિક્કો પડી ગયો હતો. બન્નેનાં હૃદયના ફટકી ગયેલા રંગનાં પ્રતિબિંબ જાણે ત્યાં પડતાં હતાં.

થથરતી જીભે લતાએ પૂછ્યું: 'નિરંજન! આપણને આ શું સૂઝયું?'

નિરંજનના અંતરના ઉકળાટને આથી જરા ટાઢક વળી. આખરે લતા બોલી! સારું થયું. વાતચીતથી હવે જાણી શકાશે કે લતાના મનમાં શું શું રહ્યું છે. એ આશાથી નિરંજને ઉત્તર વાળ્યો: 'અવળું સૂઝયું.'

લતાએ પૂછ્યું: 'હવે શું કરવું?'

'સુખ શોધીએ છીએ અને મુશ્કેલીઓ મળતી જાય છે. અહીંથી નીકળીએ નહિ ત્યાં લગી આપણે પતિપત્ની મટી શકીએ એમ નથી.'

લતાના અંગમાંથી જાણે વીજળી પસાર થઈ ગઈ. એ ધ્રૂજી ઊઠી. નિરંજનના ખભા સાથે તે ઓચિંતી અથડાઈ ગઈ. બન્નેએ એથી ત્રાસની લાગણી અનુભવી.

•

ચારે જણ જમવા બેઠાં. પ્રાણુલાલભાઈનો ઉત્સાહ સાગર સમો હતો. રતનબહેનમાં હોંસ નહોતી એમ તો ન કહેવાય. લતા અને નિરંજન તો બેસવું જોઈએ એટલે બેઠાં હતાં. એમના ચહેરા પરની ફિક્કાશ એમની જીભ પર પણ આવી વસી હતી. લતાને તો જમીને ઊઠતાં ઊલટી ય થઈ.

પછી પ્રાણુલાલભાઈએ નિરંજનને પોતા પાસે બોલાવ્યો અને રતનબહેનને કહ્યું: 'તમે જરા બહેનને મેં કહી હતી તે હકીકત સમજાવશો?'

એ હકીકત એમણે નિરંજનને કહી. જાણે કેવડો મોટો પથ્થર માથા પરથી ખસી ગયો હોય તેમ નિરંજને નિરાંતનો શ્વાસ લીધો.

રવેશમાં બે ખાટલા પાથરેલા હતા. તેમાં પ્રાણલાલભાઈ અને નિરંજન પડ્યા.

'ભાઈ, માફ કરજો. પણ બ્રહ્મચર્યપાલન આ સંસ્થાના ઉદ્દેશોની પહેલી કલમ છે.'

નિરંજને હસીને કહ્યું: 'બહુ સરસ વાત છે.'

પાંચેક મિનિટમાં પ્રાણલાલભાઈનાં નસ્કોરાં વાતાવરણની શાન્તિ હરી લેવા લાગ્યાં. નિરંજનને આટલી જલદી ઊંઘ આવે એમ નહોતી. ખાટલા પરથી ઊભો થઈ એ પગથિયે મૂકેલી માટલીમાંથી પાણી પીવા ગયો ત્યારે અંદર થતી વાતોના શબ્દો એને સંભળાયા. પગથિયાં ચડી એ ભીંત પાસે પહોંચ્યો અને બારીએ કાન દઈ સાંભળવા લાગ્યો.

લતા પૂછતી હતી: 'રતનબહેન, તમે પરણ્યાં ત્યારથી આમ જુદાં છો?'

'શું કરું, બહેન? અમારે એમની વાત નોખી છે. હું તો બીજીવારની છું અને કપાળે ટીલી લખાવતી આવી છું. આગલી તો રૂપાળી બે છોડીઓ મૂકતી ગઈ છે અને એ છોડીઓને ઘેર પણ છોકરાં છે!'

નિરંજન ચિડાઈ ગયો: આનું નામ બ્રહ્મચર્યપાલન? આનું નામ ગ્રામસેવા? પોતાનું ઘર સળગતું રાખીને કોઈનાથી પારકું ઘર ઠારી શકાવાનું હતું? આના પર નિરંજન વિચાર લંબાવી શકે એ પહેલાં અંદરની વાતો આગળ વધી.

'બહેન, તમને પરણ્યાં કેટલો વખત થયો?'

'બે વરસ.'

'એકે બાળક ખોટું થયું?'

'ના, ના.' લતાએ બીતાં બીતાં બોલી નાખ્યું.

'પણ તમને તો માગશો ત્યારે મળી રહેશે. માત્ર મને...'

બાકીના શબ્દો રતનબહેને ઉચ્ચાર્યા વિનાના રાખ્યા. આ વખતે પ્રાણલાલભાઈને ઉધરસ આવી અને નિરંજન પોતાના ખાટલામાં જઈ સૂઈ ગયો.

સવાર પડી ત્યારે પ્રાણલાલભાઈએ બીજી માફી માગી. અહીંઆં ચાની મનાઈ હતી. એને બદલે તાજું દૂધ મળતું. એ પીને વળી લતા ને નિરંજન એકલાં પડ્યાં.

નિરંજનને રાતની વાતચીત સાંભરી આવી. એને આધારે લતાની મશ્કરી કરવાનું તેને મન થયું. એટલે પૂછ્યું: 'લતા, બાળક માગ્યું મળતું હશે?'

લતાને ફાળ પડી. નિરંજને બધી વાતચીત સાંભળી હશે તો? સાંભળી હોય કે નહિ, પણ હવે છૂપી રાખીને શું કરવું હતું?

લતાએ હળવેથી પણ હિંમતથી કહ્યું: 'હા, મળે.'

નિરંજનને હસવું આવ્યું, પછી હેતથી પૂછ્યું: 'લતા, તો તને ક્યારે મળશે?'

લતા ગંભીર બની ગઈ. કહેવું કે ન કહેવું? પણ કાં ન કહેવું? એટલે એણે કહ્યું: 'મને તો માગ્યા પહેલાં મળી ગયું લાગે છે.'

નિરંજનને પોતાનો લતા પરનો માલિકીહક્ક સરી જતો જણાયો. તેણે તાબડતોબ પૂછ્યું: 'કોણે કહ્યું?'

'રતનબહેને કાલે મને જોઈ એથી એમને શંકા ગઈ હતી. રાતે કેટલીય પૂછપરછ પછી ખાતરીથી કહ્યું.'

નિરંજન હતાશ થઈ ગયો.

એટલામાં પ્રાણલાલભાઈ ત્યાં આવી પહોંચ્યા. આવીને તરત તેમણે શરૂ કર્યું: 'મારે તમારી ત્રીજી માફી માગવી છે. મને ખબર પડી છે કે તમે બ્રહ્મચર્ય પાળો કે ન પાળો તે સરખું છે. એવી સ્થિતિનાં સભ્યો સેવાસંઘ સ્વીકારી શકે તેમ નથી. અમારી પહેલી જ કલમનું એથી ઉલ્લંઘન થાય છે. એટલે સાંજ સુધીમાં અહીંથી નીકળી જશો તો સંસ્થા પર ઉપકાર થશે.'

અને ઉત્તરની અપેક્ષા વિના પ્રાણલાલભાઈ ત્યાંથી નીકળી ગયા.

'નિરંજન, શું કરીશું?'

નિરંજન શો ઉત્તર આપે? તેણે સામો પ્રશ્ન કર્યો: 'લતા, તારે ક્યાં જવું છે?'

લતાની બુદ્ધિ કહ્યું કરતી નહોતી. એવી હદ આવી પહોંચી હતી કે જેથી આગળ વધવાની તેનામાં હિંમત કે હોંશ નહોતી. તો પછી શું સુરેશને શરણે પાછા જવું? એના અંતરની એ ઇચ્છા હતી. પણ સુરેશ તેને સ્વીકારશે કે કેમ? એ હેતાળ હૃદયને એણે કેટકેટલું દુઃખમાં ડુબાડ્યું હતું? એ આખું ભૂલી જઈને સુરેશ શું એને 'આવ' એમ કહેશે? લતાને લાગ્યું કે પોતે સુરેશને અન્યાય કરવામાં સીમા નહોતી રાખી. એટલે સુરેશ જે કંઈ સામેથી કરે તે તેણે મૂંગે મોંએ સાંખી લેવું જોઈતું હતું. સુરેશને મળવા જાય અને એને જોતાં વેત સુરેશ બારણાં બંધ કરી દે તો તે સહન કરવાની તૈયારી પણ તેનામાં હોવી જોઈએ. પણ સુરેશ શું એટએટલો ક્રૂર કદી થઈ શકે એમ હતો? ના, ના.

નિરંજને ફરી પૂછ્યું: 'લતા, મન ક્યાં જવાનું કહે છે?'

'બીજે ક્યાં? બાળકના પિતાને ત્યાં!'

'સાચી વાત. તમારા છૂટા પડેલા અંકોડા એ સાંધી આપશે.'

લતાના હૃદયમાં કંઈક હામ આવી.

'અને તારે ક્યાં જવું છે?'

'ગમે ત્યાં, જગતમાં ઊભા રહેવાની જગા મળે ત્યાં. માત્ર એક સ્થળે નહિ—સુરેશ અને લતા હોય ત્યાં નહિ.'

લતા ન બોલી શકી, ન કાંઈ ભાવ બતાવી શકી.

'કેમ કબૂલ છે ને, લતા? તો સુરેશને તાર કરીએ.'

લતાએ નાનો શો શબ્દ ઉચ્ચાર્યો: 'ભલે.'

અને નિરંજન તરત તાર ઑફિસ તરફ નીકળી પડ્યો. લતાની આંખોમાંથી ફરી દડદડ આંસુ ખરતાં હતાં.

૪. કુસુમ! તું યે સાવ સાધારણ નથી!

બીજી જ પળે સુરેશ ચૂપ થઈ ગયો, એનો અવાજ પણ ઊંડેઊંડે ઊતરી ગયો. 'કન્યાની શોધમાં રહેજો' સાંભળીને રેવામાસીનું હૃદય તો આનંદથી પુલકિત થઈ રહ્યું હતું એટલે સુરેશનો અવાજ વાક્ય પૂરું કરતી વખતે એકદમ ઊતરી પડ્યો એ એમના લક્ષમાં આવ્યું નહિ. ઇપ્સિત વસ્તુ હાથમાં આવવાના હર્ષના આવેશમાં સુરેશ શા સારુ પોતાને માટે કન્યા શોધવાનું કહે છે તેનું કારણ પણ તેમણે પૂછ્યું નહિ.

પણ પોતાનો આનંદ એટલી ઉતાવળથી શબ્દોમાં પ્રકટ કરી દે એવાં એ નહોતાં. તે સ્થિરતા જાળવી વડીલપણાના ભાનપૂર્વક બોલ્યાં: 'તું તો મારા પોતાના દીકરા જેવો છે, ભાઈ! એમાં કહેવું નહિ પડે. તમારો સંસાર આટલો ચાલ્યો અને કશો વધારો જોવા પામ્યાં નહિ, તે કંઈ મને નહિ લાગતું હોય! હં, આ આપણી કુસુમ. પગથિયે પહોંચી; પણ એમ કંઈ ડોકે પાણો બાંધી ગમે ત્યાં પધરાવી દેવાય? પેલા કંચન ગોળવાળાનો દીકરો વકીલ થયો છે, એના કાકાનો કાગળ છે કે અમારો જરા વિચાર કરજો. અને, કુસુમના મામા તો એક કહેતાં એકવીસ વર લાવી ખડા કરી દે એવા છે. પણ મેં કહ્યું: ના. એમાં મારી કુસુમનું પોસાણ થાય એવું એકે ઘર નથી. જો ભાઈ, મારે તો જેવું કુસુમનું જોવાનું છે તેવું હવે તારું જોવાનું છે.'

રેવામાસી બોલ્યે જતાં હતાં અને માળાના મણકા એક પછી એક ફેરવ્યે જતાં હતાં. માળાની ખાતર તે સુરેશ સામું જોતાં નહોતાં; પણ જોતાં હોત તોપણ પોતાના સ્વાર્થના આવેશમાં તેમને સમજાત નહિ જ કે સુરેશનું તેમના તરફ ધ્યાન નહોતું. તે તો તેણે પોતે પ્રથમ ઉચ્ચારેલી વાતના આઘાતમાં જ લગભગ શૂન્યમનસ્ક થઈ ગયો હતો!

એકાએક કંઈ યાદ આવ્યું હોય તેમ માસીએ બૂમ મારી: 'કુસુમ, બેટા, આજે પૂજામાં નાળિયેર વધેર્યું હતું તેની શેષ તો સુરેશને આપ. સવારની રાખી મૂકી છે, તે.'

સત્તરઅઢાર વરસની કુસુમ પચરંગી સાડીમાં ઝગમગતી બારણામાં આવીને ઊભી રહી. સુરેશે મોં ઊંચું કરી એની સામે જોયું. આ એ કુસુમ! જે પોતાના હૃદયમાં ખાલી પડેલું સ્થાન પૂરવા આવે એમ એને લાગ્યું! રોજે કુસુમને તેણે જોઈ હતી, અનેક પ્રકારે વાતોચીતો, હાસ્યવિનોદ ને ઠઠ્ઠામશ્કરીઓ એની સાથે કર્યાં હતાં; પણ આજે કેમ એને જોઈને એની જીભ બંધ થઈ ગઈ?

સુરેશે એક બળવાન પ્રયત્ન કર્યો, પણ કંઈ બોલી શક્યો નહિ, તેમ નજર પણ ખસેડી લઈ શક્યો નહિ.

'ઓહો! સુરેશભાઈ! આજે તો આખો દિવસ કંઈ દેખાયા જ નહિ! બોલો, એની શી સજા કરું?' આમ કહી કુસુમે નાળિયેરની શેષ હથેલીમાં લઈ માથું ડોલાવતાં ડોલાવતાં કહ્યું: 'ચાલો, મોં ફાડો, મોં ગળ્યું કરાવું.'

એકદમ જાણે કોઈએ આંચકો મારી ઉછાળી મૂક્યો હોય તેમ સુરેશ ટટાર થઈ ગયો. એકવાર માસી તરફ ને પછી કુસુમ તરફ ઝડપથી તેની નજર ફરી ગઈ. ખોળામાં સૂતેલી ટોપી માથે ચડી ગઈ ને તે ઊભો થઈ ગયો.

'માસી, કુસુમ! હું જાઉં છું.'

માળા એક તરફ મૂકી ઊભાં થવાનું કરતાં માસી બોલ્યાં: 'બેસને, એવી શી ઉતાવળ છે!'

પણ સુરેશે કંઈ જવાબ દીધો નહિ. તેણે જવા માટે બે ડગલાં ભર્યાં. પાછળથી કુસુમે બૂમ મારી: 'ઊભા રહો, નથી જવાનું.'

'તો શું અહીં રહેવાનું છે?' સુરેશથી બોલી જવાયું.

'આ પ્રસાદ લેતા જાઓ.'

માસીને શી ખબર, કેવી રીતે એકાએક કંઈ કામ સાંભર્યું, કે 'હું યે મૂઈ કેવી ભૂલકણી છું ; હજી તો મારે—' કહી અધૂરું વાક્ય મૂકી બરાબર આ જ પળે સાંભરી આવેલું 'કામ' કરવા તેઓ બીજા ઓરડામાં ચાલ્યાં ગયાં.

સુરેશે પ્રસાદ લેવા બોલ્યા વગર જ હાથ લાંબો કર્યો.

'મને દાન આપતાં નથી આવડતું. હું એ શીખી નથી.' કુસુમે કહ્યું.

'તો શું આવડે છે?'

'પહેલાં તો આ ખુરસીમાં બેસો, પછી આમ ઊંચું જુઓ ને બત્રીસે દાંત દેખાય એમ મોં ફાડો એટલે કહું.' કુસુમે મસ્તીમાં કહ્યું.

'કુસુમ! તને રોજે મશ્કરી સૂઝે છે!' સુરેશે સહેજ હોઠ દાબી કહ્યું. પણ તેના અવાજમાં કઠોરતા સાથે કરુણા મિશ્રિત થઈ ગઈ હતી. કુસુમ તે જોઈ શકી નહિ.

'હા, મને મશ્કરી સિવાય ક્યાંયે કશું સૂઝતું નથી.'

'તે ભલે, પણ કૃપા કરી મારી મશ્કરી હવે કરીશ નહિ.'

'ઓહો, એ જ ને! પણ બેસો તો ખરા. પછી તમારી અરજનો વિચાર કરું.' કુસુમે હસતાં હસતાં કહ્યું.

સુરેશ પાસેની ખુરસીમાં બેસી પડ્યો. ક્ષણભર કોઈ બોલ્યું નહિ. કુસુમનું ધ્યાન સુરેશના મુખ પર આ વખતે બરાબર સ્થિર થયું. એ નવાઈ પામી ગઈ! સુરેશ સામાન્ય રીતે બહુ ઓછું બોલતો પણ તેને વાતો કરતાં નહોતી આવડતી એવું નહોતું. પણ આજે તો તે જાણે હોઠે આવતા શબ્દોને બળપૂર્વક અંદર ધકેલી દઈ શાંત રહેવાનો પ્રયત્ન કરતો હોય એમ સ્પષ્ટ દેખાતું હતું.

કુસુમને સુરેશની આ સ્થિતિ અસ્વાભાવિક લાગી. એટલી બધી અસ્વાભાવિક લાગી કે તેને એકદમ હસવું આવી ગયું. છતાં પણ જ્યારે સુરેશે તેની સામું જોયું નહિ, ત્યારે તેને ખરેખર મશ્કરી કરવાનું મન થઈ આવ્યું. તે ઊઠી. નાળિયેરની શેષ રકાબીમાં પાછી મૂકી દીધી. પછી

પાસેના ગોખલામાંથી રેશમી પૂંઠાવાળી એક ચોપડી લાવી ધીરેથી સુરેશના હાથમાં મૂકી દઈ બોલી: 'લ્યો, વાંચો. હજી ગઈ કાલે જ ટપાલમાં આવી છે. આખી યે ચોપડી વિજ્ઞાનપ્રયોગોથી ભરપૂર છે. તમારા બોઝ રામન તે શું?'

વિજ્ઞાનનું નામ સાંભળી સુરેશની આંખ ચમકી. તેણે ચોપડીનું પૂઠું ઉઘાડી નામ વાંચ્યું: 'ચોરાશી વૈષ્ણવની વારતા.'

કંઈ પણ બોલ્યા વગર ચોપડી બંધ કરી ધીમેથી નીચે મૂકી દઈ કુસુમ સામે પળવાર એક સ્થિર નજર કરી લઈ સુરેશ પહેલાં જેમ જ મૂંગો થઈ ગયો.

કુસુમ ખડખડાટ હસી પડી, નાચી ઊઠી. ઓરડાની દીવાલો સુધ્ધાં જાણે એ હાસ્યમાં ભળી હોય એમ સુરેશને લાગ્યું.

ખરેખર મશ્કરી! સુરેશનો ધૂંધવાયેલો જીવ હવે ન સહી શક્યો. 'હવે તો લેશોને આ શેષ?' કહી કુસુમ રકાબી લઈ પાસે આવી. રકાબીને જોરથી એક ધક્કો મારી સુરેશ ઊભો થઈ ગયો. કુસુમના હાથમાંથી રકાબી ખણણણ અવાજ સાથે દૂર જઈ પડી. રકાબીમાંની શેષ ભોંય પર ચિત્રવિચિત્ર રીતે વેરાઈ પડી. કુસુમનું મસ્તીનું ઘેન પલકમાં ઊતરી ગયું. સુરેશ કંઈ પણ બોલ્યા વગર મક્કમ પગલે ત્યાંથી ચાલી નીકળ્યો.

'સુરેશભાઈ! સુરેશભાઈ! કાલે...' કુસુમે દોડી બારણા ભણી જઈ બૂમ મારી પણ તેનું વાક્ય પૂરું થયું નહિ; કારણ કે સુરેશ તે સાંભળવા થોભ્યો નહિ.

કુસુમ ઓરડામાં પાછી આવી. એનું અભિમાન ઘવાયું હતું. તેને લાગ્યું કે સુરેશે આજે જાણી જોઈને તેનું અપમાન કર્યું છે. પણ એ શા સારુ અપમાન કરે? અપમાન તો પોતે જ એનું કર્યું હતું. એ ગમગીન હતો, વિચારલીન હતો, છતાં પોતે શા સારુ એની મશ્કરી કરવા ગઈ? એ શું અત્યાચાર નહોતો?

પાલવ વડે આંખો લૂછી નાખી કુસુમ ઊભી થઈ ત્યારે ઓરડામાં અંધારું જામી ગયું હતું. એને લાગ્યું, અંધારામાં બારણા આગળ ઊભેલું

કોઈ ઘરમાં જતું રહ્યું. શું તે સુધાકર હશે? મારી આ દશા જોઈ એણે શું ધાર્યું હશે?

રકાબી ને શેષ ભોંય પર જેમનાં તેમ પડ્યાં હતાં. અંધારે અંધારે કુસુમ ઓરડો સાફ કરવા લાગી ગઈ.

*   *   *

બીજે દિવસે કુસુમની જન્મગાંઠ હતી. રેવામાસીએ સુરેશને ત્યાં જમવાનું કહેવા તેને મોકલી હતી. બેસવાના ઓરડામાં પ્રવેશ કરતાં તેણે જોયું તો ઓરડો ખાલી હતો. ટેબલ ઉપર એકબે નહિ, પણ સાતઆઠ ચોપડીઓનો ઢગલો હતો. સુરેશ લતાને આનંદમાં રાખવા માટે ઘેરથી લેતો આવેલો તે બધાં જ પુસ્તકો જાણે 'મને જુઓ, મને જુઓ' કરતાં બેઠાં હતાં. એમાં કાવ્યનું એક પુસ્તક હતું, નવલકથા પણ હતી ને ફિલસૂફીનાં પણ એકબે પુસ્તકો હતાં. કાવ્યનું ને વાર્તાનું પુસ્તક અડધું ઉઘાડી ઊંધું મૂકેલું હતું. ફિલસૂફીના પુસ્તકને બરાબર વચ્ચેથી પહોળું કરી હંસદાબણી મૂકેલી હતી.

પાસેના ટેબલ પર લૅમ્પ હજી બળતો હતો. દિવસ આટલો ચઢ્યો છતાં હજી તેને હોલવવાની કોઈને ફુરસદ નહોતી મળી એ શું? બત્તી હોલવી નાખી તેણે બૂમ મારી:

'ભાભી!'

જવાબમાં ભીંતે ભેરવેલી સ્વામી વિવેકાનંદની છબી પાછળથી એક ચકલી પાંખો ફફડાવી ઊડી ગઈ.

કુસુમે શરમાતાં સંકોચાતાં અંદરના ખંડમાં ડોકિયું કર્યું; પણ બીજી જ પળે તે આભી બની ગઈ. અંદર કોઈ નહોતું?

કુસુમ પળવાર સ્થિર થઈ ઊભી રહી. પછી તેણે અંદર પ્રવેશ કર્યો. ઓરડા વચ્ચોવચ્ચ એક—એક જ પથારી કરેલી પડી હતી. કુસુમ તે પથારી ભણી જોઈ જ રહી. આખી રાત પથારીમાં કોઈ સૂતું હોય એમ લાગ્યું નહિ. ચાદરના ચારે છેડા ચસોચસ ખેંચાયેલા હતા. માત્ર ઓશીકું

વાંકુંચૂકું ગમેતેમ મૂકેલું હતું. અને એ ઓશીકા પર ઇંડીપેન પડેલી હતી! ઇંડીપેન સુરેશની જ હતી, એ ઓળખવું અઘરું નહોતું. આખી રાત સૂતા વગર સુરેશે પથારીમાં બેઠાંબેઠાં શું લખ્યા કર્યું હશે? સુરેશની આ એકસામટી વિચિત્રતાઓ જોઈ કુસુમનું મન વિચારે ચડી ગયું; તેને કંઈ સમજ પડી નહિ. આ વિચિત્રતા અને ગઈ કાલની સુરેશની ગમગીનીને પણ કંઈ સંબંધ છે કે નહિ તે તેને સૂઝ્યું નહિ.

પથારીની બીજી તરફ એક છબી ઊંધી પડી હતી. કુસુમે તે ઉપાડી જોઈ. સુરેશ અને લતાએ લગ્ન પછી તરત જ પડાવેલી તે છબી હતી. પણ એ તો રોજ પણે બારી ઉપર ટિંગાડેલી રહેતી. આજે અહીં ક્યાંથી? અને એનો કાચ ક્યાં? જોયું તો ઓરડાને એક ખૂણે કાચનો ઢગલો પડ્યો હતો. કુસુમે ધાર્યું, કદાચ છબી પડી જવાથી કાચ ફૂટી ગયો હશે, પણ પેલી ભીંત પરથી છબી આ ખૂણામાં આવી કેવી રીતે પછડાઈ ભાંગી શકી? ત્યારે શું કોઈએ જાણી જોઈને તે ભાંગી નાખી હશે? સહેજ ધ્યાનપૂર્વક જોતાં કુસુમને જણાયું કે છબીમાંથી લતાના ફોટાવાળો ભાગ ઉખાડી નાખવાનો કોઈએ પ્રયત્ન કર્યો હશે, પણ પછી આખી છબી ફાટી જશે એવો ભય લાગવાથી એ પ્રયત્ન પડતો મુકાયો હશે.

કુસુમે છબી હતી તેમ મૂકી દીધી.

પાસે જ રસોડું હતું. ઊઠીને તે જોવાનું તેને મન થયું. તે ઊઠી. રસોડામાં પગ મૂકતાં જ તેને ખબર પડી કે ઓછામાં ઓછા બેત્રણ દિવસથી અહીં કોઈનો પગ પડ્યો નથી એટલે જ આટલી ધૂળ ચડેલી છે. વાસણકૂસણ વગેરે બરોબર જેમનાં તેમ ગોઠવેલાં હતાં. લતાભાભીની જ એ ગોઠવણ હતી.

તે પાછી આવી. આ વખતે તે પથારી પર બેસી પડી. બીજી જ પળે તે સહેજ આડે પડખે થઈ ગઈ. સવારના પહોરમાં નોતરું દેવા આવેલી તેને આમ એકાએક પારકી પથારીમાં આડે પડખે થવાનું મન ક્યાંથી થઈ આવ્યું તેનો વિચાર આવતાં તેનો ચહેરો ફિક્કો પડી ગયો. તેને પોતાની જાત પર જાણે ક્રોધ ચડ્યો. તે એકદમ સફાળી બેઠી થઈ ગઈ;

હોઠ દાબી મનમાં ને મનમાં બોલી: પોતે તો અહીં સુરેશ વગેરેને નિમંત્રણ કરવા આવી છે; હવે જલદી પાછા જવું જોઈશે. તે ઊભી થઈ ગઈ. પણ સુરેશ તો હતો નહિ. ફરવા ગયો હશે. તે આવે ત્યાં સુધી થોભવું પડશે. થોભવાનું જ છે, તો પછી શા સારુ આ અવ્યવસ્થામાં થોડી વ્યવસ્થા આણવી નહિ એવો એક વિચાર તેના મનમાં ત્વરાથી પસાર થઈ ગયો.

તેણે પથારી વાળવા માંડી. પથારીનો ઓશીકા તરફનો છેડો જરા ઊંચકતાં જ તેની નીચેથી ફાડેલા કાગળની મોટી મોટી કાપલીઓ નીકળતી જોઈ તેને અચંબો થયો. શાની કાપલીઓ હશે તે જાણવાનું તેને મન થયું. પારકાના કાગળ વાંચવાની જિજ્ઞાસા દબાવી દેવાનો તેણે બહુ પ્રયત્ન કર્યો. પણ કાપલીઓ એવડી મોટી અને સહેલાઈથી ગોઠવી શકાય તેવી હતી કે તેનો દાબ ટક્યો નહિ. થોડાક લાલ કકડા તેમાં જુદા તરી આવતા હતા. પ્રથમ તેણે તે ગોઠવી જોયા. એ તો ચેક નીકળ્યો. લતાના નામ પર સુરેશે ચેક ભર્યો હતો. કુસુમને હસવું આવી ગયું: ખરા દેખાય છે સુરેશભાઈ તો! લતાભાભીને કોરો ચેક લખી આપે છે—ઓહો!

ચેકમાંથી ગંમત નીકળી એટલે બીજી કાપલીઓ પણ ઉત્સાહમાં આવી ગોઠવી કાઢી. તે પત્ર હતો. નીચે ઉપર કંઈ નામઠામ નહોતું. એટલે કોણે કોના ઉપર લખ્યો તે કહી શકાતું નહોતું. પણ ચેકના લખનારે જ તે લખ્યો હશે ને!

કુસુમે તે વાંચવા માંડ્યો:

'બાંધી રાખેલું પાણી પાણી મટી જાય છે, એટલે વિજ્ઞાનના રસિયાને તો તેનું સ્વાભાવિક વહન જોઈ શોક ન થવો જોઈએ. છેલ્લું પગથિયું ઊતરતી તને રોકવા મારું હૃદય આડા હાથ ધરી ન ઊભું, તેમ હવે તને ખેંચવા પણ એ નહિ મથે.

'જાઉં છું' કહેનારને એ જવા દે છે—'આવું છું' કહેનાર ભલે કોઈયે ન હોય.

પણ, ચાર વર્ષથી તારે નામે ને તારી ખાતર બચાવેલા રૂપિયા—તારાં કપડાંલત્તાં ને ઘરેણાં તું મને શા સારુ દાન કરતી જાય? તમને એ કામ લાગશે. પણ ક્યાં મોકલું? તેટલો વખત ગળે વીંટાયેલા ઝેરી સાપ જેમ એ મારે ત્યાં અનામત રહેશે.'

કાગળ વાંચી કુસુમની 'ગંમત' ક્યાં ય ઊડી ગઈ. તેના ચહેરા પર ફિક્કાશ ફરી વળી. લતાને જ આ પત્ર લખાયો છે એટલું એ સ્પષ્ટ સમજી ગઈ. પણ છેલ્લી લીટીઓમાં 'તું' માંથી 'તમને' શા માટે? લતાની સાથે શું બીજું કોઈ–આગળ વિચાર કરવાની એની હિંમત ચાલી નહિ, એને ગમ્યું યે નહિ.

ઝટપટ તમામ કાપલીઓ તેણે પથારી તળે મૂકી દીધી. પછી બહારના ખંડમાં આવી આરામખુરસીમાં પડી ટેબલ પરથી એક ચોપડી લઈ વાંચવાનો મિથ્યા ઢોંગ કરતી બેસી ગઈ.

સુરેશ તરફ કુસુમને ય ખૂબ લાગણી હતી. રેવામાસીએ તો સુરેશને કેવળ એક મૂરતિયા તરીકે જોયો હતો, કુસુમે તેને લતાના સ્નેહાળ પતિ તરીકે જોયો હતો. સુધાકરની વાચાળતા અને જે તે બાબતમાં દિંગ કરવા ખાતર જ ઉદ્દામ વિચારો પ્રકટ કરવાની વૃત્તિથી તેને કોઈ કોઈ વાર છેક કંટાળો આવતો. નિરંજનની રસિકતાથી તે આકર્ષાઈ હતી, તેને વિષે એકબે સુકોમળ કલ્પનાઓ પણ તેને નહોતી આવી એમ નહિ; પણ એ બધામાં સુરેશના ઘરસંસારે તેના પર પાડેલી છાપ ખૂબ ઊંડી ને સચોટ હતી. આજે એ છાપમાં એક વિશેષ તત્ત્વ ઉમેરાયું.

કુસુમ માનતી હતી કે લતા ને સુરેશનો પ્રેમ અરસપરસ એકસરખો જ વહી રહ્યો છે, બંને એકબીજાનાં સુયોગ્ય પૂરક છે, બંને એકબીજાથી સંપૂર્ણ સંતુષ્ટ છે; પણ આજે તેણે જોયું કે લતા સુરેશને છોડી જઈ શકી છે—અને સુરેશે તો એ વિશે એક શબ્દે કોઈની પાસે ઉચ્ચાર્યો નથી, બિલકુલે નિરાધારી બતાવી નથી; નહિ તો કેટલી ય દોડધામ કરી મૂકી હોત—પોતાની નિરાધારી ટાળવા, પોતાનો સ્થાપિત હક્ક સિદ્ધ કરવા.

તેના હાથમાંથી ચોપડી પડી જતાં એકાએક તેની વિચારતંદ્રા તૂટી. જોયું તો સુરેશ આવી પહોંચ્યો હતો અને ટેબલ પરથી પુસ્તકો લઈ આલમારી પર ગોઠવી રહ્યો હતો. તેનો ચહેરો ગઈ કાલ જેવો ખેંચાયેલો નહોતો, પણ તેના પર કશીક અસ્વસ્થતા સ્પષ્ટ તરવરતી હતી.

'ફરવા ગયા હતા, સુરેશભાઈ? હું ક્યારની આવીને બેસી રહી છું,' કુસુમે કહ્યું. થોડી વાર સુરેશ સામે જોઈ રહી વળી તે બોલી: 'જુઓ, આજે મારો જન્મદિન છે. તમારે ને લતાભાભીએ મારે ત્યાં જમવાનું છે.'

'હં' બોલી સુરેશ ચૂપ થઈ ગયો.

'અને લતાભાભીએ પણ,' સુરેશના મુખમાંથી લતા વિશે કશો ઉલ્લેખ ન નીકળવાથી કુસુમે લતા શબ્દ પર ભાર દઈને કહ્યું.

'એ તો ગામ ગઈ છે,' તરત જ સુરેશ બોલી ઊઠ્યો.

'ક્યારે? કયે ગામ? શું કરવા? હું તો કંઈ જાણતી નથી!' કુસુમે આશ્ચર્ય પામી એકસામટા પ્રશ્નો પૂછી નાખ્યા.

'હું પણ નથી જાણતો.'

'કહેવું નથી એમ કહોને.'

'તું શું અત્યારમાં જ ઝગડો કરવાનું લઈને આવી છે, કુસુમ? ગઈ છે, ગામ ગઈ છે, બે દિવસ થયાં ગઈ છે—જવાની વાત બધાંને જ શું કહેતાં જવી પડતી હશે?' સુરેશે જરા ઊંચા સ્વરે કહ્યું, પછી થોડી વાર ચૂપ રહી ને બોલ્યો: 'તો કહું છું કે હું પણ આજે જાઉં છું.'

કુસુમ ચમકી. પણ ક્યાં, શા માટે, એવું કંઈ પૂછવા જાય તે પહેલાં તો સુરેશના નામની બૂમ દેતો તારવાળો ત્યાં આવી પહોંચ્યો.

સુરેશે તાર લીધો; ફોડ્યો ને વાંચ્યો. વાંચતાં વાંચતાં એના કપાળ પર કરચલીઓ પડી. વાંચી કાગળનો બીડો વાળી ગજવામાં મૂકી દીધો. પછી બોલ્યો: 'કુસુમ, માસીબાને કહેજે, હું જમવા નહિ આવી શકું. મારે બપોર પહેલાં જ અહીંથી નીકળી જવું જોઈશે.'

'શું કોઈ માંદું—'

'ના.'

'તો ?'

'પણ લતા તારે ત્યાં જમવા આવી શકશે.'

આવે વખતે પણ કુસુમને હસવું આવી ગયું. તે બોલી: 'શું બોલો છો તમે! લતાભાભી તો ગામ ગયાં કહો છોને!'

'હા, પણ એ આજે અહીં આવે છે.'

'તો હું તમને નહિ જવા દઉં.'

'શું કરીશ ?'

'બાંધી રાખીશ.' કહી તે હસવા લાગી. સુરેશ તેની સામે જોઈ રહ્યો, જાણે તેના ચહેરા પરથી કંઈ અર્થ ખોળવાનો પ્રયત્ન કરતો હોયને તેમ.

'જુઓ, મારી જન્મગાંઠને દિવસે કોઈ મારું નિમંત્રણ નકારે તો હું એનું શું કરું ? જાણો છો ?' કુસુમ ફરી મસ્તીમાં આવતી જતી હતી. લતાના જવાની વાત સાથે જે અરુચિકર કલ્પના તેના મનમાં ઉદ્‌ભવી હતી તે લતાના આવવાની વાત સાંભળી ડોલવા માંડી હતી. લતા પર તે ખરેખર ખૂબ ભાવ રાખતી હતી. એટલે તેના નામ પાછળ આવું અસ્વચ્છ કૂંડાળું રચવું તેને ગમ્યું નહોતું.

સુરેશ સ્વસ્થ બની સાંભળી રહ્યો. પૂછ્યું, 'શું કરે તું, કુસુમ ?'

કુસુમ ખડખડ હસી પડી—મુગ્ધ અને મનોહર.

બીજો કોઈ પ્રસંગ હોત તો સુરેશને પણ આ વિનોદમાં ભાગ લેવાનું ગમ્યું હોત, પણ આજે તેનું મન અનેક પ્રકારના વિચારોથી ઘેરાઈ ગયું હતું. આખી રાત તેણે જાગતાં પસાર કરી હતી ને સવાર થતાં ઘરમાંથી નીકળી પડ્યો હતો. નખી તળાવને કાંઠે લાંબા પગ કરી બેસી પ્રાત:કાળના ધુમ્મસમાં પોતાની અસ્વસ્થતાને ધોઈને તે હમણાં જ આવ્યો હતો. તેણે નિર્ણય કર્યો હતો કે લતાના જવાની વાત કોઈને જેવી છે તેવી કહેવી નહિ અને બને તેટલા જલદી પાછા અમદાવાદ

પહોંચી જઈ ધંધામાં ચિત્તને પરોવી દેવું—લતાનો કે કુસુમનો—કોઈનો જ કશો વિચાર હમણાં કરવો નહિ—મનમાં ઉત્પન્ન થવા દેવો નહિ.

આવો વિચાર કરીને તે આવ્યો, પણ કુસુમની પ્રશ્નાવલિ અને લતાના આગમનના તારે તેને ફરી અસ્થિર કરી મૂક્યો. એક પળમાં તેણે વિચાર કરી લીધો કે પોતે તો અહીંથી જવું જ—લતાને પોતે ગમે તેટલો ચાહતો હોય તો પણ. લતાના આંતરપ્રવાહથી એ બહુ દૂર રહી ગયો હતો, અને એથી જ હવે એ એનાથી આઘો રહેવા ઇચ્છતો હતો—અલબત્ત, પોતે તેને ચાહતો હતો એટલા પૂરતું ફરજનું બંધન સ્વીકારીને.

અને કુસુમ વિષે? કુસુમ પોતાનું સામ્રાજ્ય સ્થાપીને બેસી શકે એટલું સ્થાન હજી પોતાના જીવનમાં એને તૈયાર થયેલું નહોતું લાગ્યું—એના ભાનથી જ તો એ રેવામાસી સાથે વાત કરતાં ચૂપ થઈ ગયો હતો.

કુસુમ કંઈ બદલાઈ નહોતી, પણ સુરેશને મન હવે તે જુદી જ દેખાવા લાગી હતી. અજાણે તેનાથી લતાની સાથે તેની સરખામણી થઈ જતી હતી. એક વખતે લતા ચડિયાતી લાગતી, તો બીજી પળે કુસુમ વધારે અનુકૂળ લાગતી. અત્યારે કુસુમ ખડખડ હસી પડી ત્યારે પણ તે લતાની સાથે તેની સરખામણી કરી બેઠો. તે બોલ્યો: 'કુસુમ! તુંયે સાવ સાધારણ નથી હો!'

૫. ટ્રેનમાં મિલન

'**એટલે** તમે મને સાવ સાધારણ ધારેલી તેથી જ મારી વર્ષગાંઠ નિમિત્તનું નિમંત્રણ નહોતા સ્વીકારતા, ખરું ? ચાલો હવે ત્યારે તમને બાંધી રાખવાની જરૂર નથી.' કુસુમે બાટીલા વદનને સ્મિતની વીજળીથી ઓપાવતાં સુરેશ ભણી જોયું.

સુરેશ પહેલી જ વાર જરા હસ્યો. પણ એ હાસ્ય કુસુમને ઔપચારિક વિનય દર્શાવવા પૂરતું જ હોય એમ લાગ્યું. સુરેશ ઊંડા મનોમંથનમાં પડ્યો હતો. લતાનો અપરાધ ભૂલી જવા ખાતર તે ઉદાર બન્યો હતો—પણ તે ઉદારતાની ઓથે લતા પ્રત્યેનું કંઈક જૂનું આકર્ષણ છુપાયેલું હતું. પણ સુરેશ તેનું સંપૂર્ણ પૃથક્કરણ નહોતો કરી શક્યો.

આથી જ તે કુસુમ સાથે લતાને સરખાવવા પ્રેરાતો. આ સ્થિતિમાં પણ લતા—એના અંતરતમ મનમાં હજી ય કંઈક અંશે રહેલી લતા—સાથે એ બીજી કોઈ સ્ત્રીના રૂપની તુલના કરવા પ્રેરાય એ દુર્બળતા તો સુરેશની જ હતી. લતા પ્રત્યે સંપૂર્ણ અણગમો કેળવવામાં તે નિષ્ફળ ગયો હતો. તેણે થોડી વાર વિચાર કરી કહ્યું: 'કુસુમ, ધાર કે લતા મારા પર અણગમો દર્શાવતી હોય તો મારે એને શું કરવું જોઈએ ?'

સુરેશથી પૂછતાં તો પુછાઈ ગયું પણ બોલાઈ ગયા પછી તે સહજ પસ્તાયો. માણસની જીભ ભારે અવળચંડી છે. સુરેશે તેથી જ બીડેલા મોંમાં પણ જીભને શિક્ષા કરવા થોડીક દાંત વચ્ચે દબાવી છોડી દીધી, કારણ સામે જ બેઠેલી કુસુમ એ શિક્ષાપ્રયોગ જાણી જાય એની બીક હતી.

જવાબમાં કુસુમ ખડખડાટ હસી. ઘડી પહેલાં જ એણે જે ફાડેલા કાગળના ટુકડા ગોઠવીને ચોરીછૂપીથી વાંચ્યા હતા, તેમાંની હકીકતની જાણે કડી સંધાતી હોય એમ તેને લાગ્યું. છતાં તે વાતનું સંપૂર્ણ અજ્ઞાન

બતાવવા ખાતર જ તે જરા લહેકો કરી બોલી: ‘વાહ રે! સુરેશભાઈ, વાહ! એમાં મને શું પૂછ્યું? એ માટે તો તમારે કોઈ ધારાશાસ્ત્રી કે છેવટ રેવામાસીની સલાહ લેવી જોઈએ. પણ તમે લતાભાભીને શિરે આવો આરોપ મૂકો છો તે તો હદ થાય છે! એ આવે ત્યારે તમારી વાત છે.’

‘હા, સ્ત્રીઓ તો સદા સ્ત્રીઓનો જ પક્ષ ખેંચે. મેં તને પૂછ્યું એ જ ભૂલ કરી. પ્રશ્નનો ઉત્તર તો આપ્યો નહિ ને લતાનો વગરપૈસાનો વકીલ બની બેઠી. પણ એટલુંય ન સમજી કે લતાનું ને મારું નામ મૂક્યું તેથી એ કંઈ મારી અને લતાની વચ્ચેનો જ કોયડો ન હોઈ શકે. એ તો એમ ઉકેલ પૂછવાની એક પ્રથા માત્ર છે. એક મિત્રનો...’

સુરેશ પોતાના પ્રશ્નની મૂઠ વાળી લેવા વધુ બોલતો હતો તેની વચ્ચે જ તોફાની કુસુમ બોલી ઊઠી: ‘ખબરદાર, મારાં લતાભાભીને એમ વચ્ચે લાવ્યા છો તો! એમની ગેરહાજરીમાં હું એમનો પ્રતિનિધિ છું, સમજ્યા? ચાલો હવે રજા લઉં છું. માસીબા રાહ જોતાં હશે.’ હાસ્યનો ફુવારો ઉરાડતી કુસુમ ઊભી થઇ.

‘જોજો વખતસર આવજો હાં.’ હાથની મુદ્રા કરતી કુસુમ જતાં જતાં પાછી ફરી બોલી. અને ઝડપથી વાંકમાં અદૃશ્ય થઈ ગઈ. એની સુરેખ અંગુલીઓ અને કરડોલનની છબી ઘડીભર સુરેશનાં ચક્ષુઓ સમીપ તરવરી રહી.

સુરેશને પાછો કુસુમના એ યૌવનસુલભ તનમનાટની સાથે તુલના કરવા જેવો થોડાંક વર્ષો અગાઉનો લતાનો મોહક તનમનાટ યાદ આવ્યો. કલ્પના ભૂતકાળને પલવાર જીવંત કરી રહી. પણ ભૂતકાળનાં એ વર્ષો-જૂનાં છતાં તાજગીભર્યાં સ્મરણોને તેણે પાછાં ધકેલી દીધાં, ભટાક કરી. હૃદયદ્વાર પર બંધ થતું બારણું અફળાયું ને સુરેશ ઊભો થઈ ઓસરીમાં ટહેલવા લાગ્યો. તેનું મોં નિશ્ચયથી સખત બની ગયું.

સુરેશને કુસુમના શબ્દો યાદ આવ્યા: ‘હું લતાભાભીનો એમની ગેરહાજરીમાં પ્રતિનિધિ છું.’ રેવામાસી એને લતાની ચિર ગેરહાજરીમાં

પોતાના ગૃહમાં ગોઠવવા તૈયાર થતાં હતાં તે પણ સુરેશ સમજ્યો હતો. પણ એવી લતાઓની પરંપરા ઊભી કરી જિંદગીને નાહક તપાવવી એ કરતાં લતા નામને જ ભૂલી જવું શું ખોટું? વર્ષો પહેલાંની પ્રણય-છલકાતી સરિતા સમી લતા માટે આજની સ્થિતિ કલ્પનાર તે વખતે મૂર્ખમાં ન ખપત? ત્યારે હવે લતાને સ્થાને તેનો પ્રતિનિધિ આવે તે કરતાં એ સ્થાન સદૈવ જ ખાલી રહે તો શું ખોટું? આવા વિચારોને અંતે સુરેશે આજે જ પહેલી ટ્રેનમાં, આબુ છોડી દેવા ફરી નિશ્ચય કર્યો. કુસુમ કુસુમને સ્થાને રહે ને લતા જે વૃક્ષને વળગી હોય ત્યાં ભલે ફાલેફૂલે; પોતે હવે અહીં શા માટે બેસી રહેવું? અમદાવાદ જઈ વેળાસર કામધંધામાં દટાઈ જઈ આ બધું ભૂલી જવું એ જ શ્રેયસ્કર હતું એમ તેને લાગ્યું.

સુરેશે આમ નિશ્ચય કરી સામાન ગોઠવવામાં મદદ માટે એક માણસને બોલાવી, તેની સહાયથી બિસ્તરા બાંધવાની તૈયારી કરી. સુરેશ પોતે જ માત્ર મહત્ત્વની ચીજો સંભાળીને એકઠી કરવા લાગ્યો. પરચૂરણ ચીજો ત્યાં પડી રહે ને લતાનાં સ્મરણો જગાવે તેવી ચીજો પણ કીમતી ન હોય તે ત્યાં જ ભલે પડી રહે, એવી એની ઇચ્છા હતી.

પુસ્તકો બધાં લઈ જવાં કે કેમ તેનો વિચાર કરતાં તેણે એક કવિતાનું પુસ્તક ઉઘાડી અમસ્તાં પાનાં ફેરવ્યાં. એક પાના પર લતાના જ હસ્તાક્ષરે કરેલી ટૂંકી નોંધ વાંચી : 'આત્મા અને ઉરના રસઐક્યથી જ પરિણમતા આ પ્રણયના ભોક્તા ખરેખર સંસારમાં સ્વર્ગ જ નહિ અનુભવતા હોય?' વળી નીચે જ હાંસિયામાં એક કાવ્યપંક્તિ લખેલી હતી: 'દહી હૈયું ચાલ્યું જગત નવ જાણે મુજ છતાં.' સુરેશે 'એ જ બળાપો!' કહી ચોપડી દૂર ફેંકી. એ એક ખુરસીમાં ફસડાઈ પડ્યો.

સુરેશ લગભગ રડવા જેવો થઈ ગયો. એ પોતાનું દહન વ્યક્ત પણ કરી શકતો નહોતો. લતાની પેઠે કવિતાનું ટાયલું પણ એનાથી ક્યાં થઈ શકે તેમ હતું? ગમે તેમ પણ લતા પોતાના ભોગે પણ સુખી થતી હોય તો તે દહનને ભૂલી જવામાં જ મર્દાનગી છે એમ એણે માન્યું. પોતાને માટે સાત ધૂણી તપનાર તપસ્વી વધે કે પરને માટે એક જ ધૂણી તપનાર

સંસારનો તપસ્વી વધે? દુ:ખમાં–દહનમાં પણ જેમ આદર્શ વધુ મહાન તેમ તે વધુ ગૌરવાન્વિત બને છે.

લમણે હાથ દઈ ખુરશીમાં પડેલા સુરેશે એક પરિચિત બૂમ સાંભળી ને તે ચમકીને સ્વસ્થ થવા લાગ્યો. 'સુરેશરાય છે કે!' એમ પૂછતા પાસેના બંગલામાં રહેનાર સુમનરાય ધીમે ડગલે દીવાનખાનામાં દાખલ થયા. તેમની સાથે તેમની પાંચછ વર્ષની દીકરી સ્નેહલતા પણ હતી.

સુમનરાય એક સફળ વકીલ હતા. તેમ તેમનો ગૃહસ્થાશ્રમ પણ દંપતીના અન્યોન્યના સુમધુર અનુરાગ વડે લોકોમાં સફળ ગણાતો હતો. સુરેશ કોઈ કોઈવાર તેમને ત્યાં જતો અને તે પણ સુરેશ પાસે કોઈવાર આવતા. તેમનાં પત્ની સુરેખા અને લતા વચ્ચે પણ સારો પરિચય બંધાયો હતો. સુમનરાય સુરેશને પણ પોતાના જેવો જ ભાગ્યશાળી ગૃહસ્થ ગણતા. લતા જેવી રૂપગુણમાં શ્રેષ્ઠ સુંદરીના પતિ તરીકે સુરેશ માટે તેમના મનમાં સારું માન હતું. આકર્ષક લતાનાં ફૂલને સૂંઘ્યા વગર તેને દૂરથી જોઈને મોહ પામી તેની તારીફ કરનાર પૈકીના સુમનરાય હતા.

એકવાર સુરેખા અને લતા એકાંતમાં વાતોના ગપાટા હાંકતાં બેઠાં હતાં ત્યાં વાતવાતમાં સુરેખા બોલી: 'લતાબહેન, તમે આમ ગંભીર કેમ લાગો છો? સુરેશભાઈની રસિકતા ય તમે આમ તો હારી દેશો.'

'કોણ કોની હારે એ તો જાણે ત્યારે ખબરે પડે,' લતા—નિરંજનના જ વિમાસેથી ઘેરાયેલી લતા—થી બોલી જવાયું; પણ બોલ્યા પછી તે વિમાસણમાં પડી.

'ઘેલાં છો, લતાબહેન! ઘેલાં! બિચારા સુરેશભાઈ તમારો પડતો બોલ ઝીલે છે. એમના જેવો સરળ હૃદયનો પતિ મળે તેનાં તો બહેન, ધનભાગ્ય.' લતાના અંતરથી તદ્દન અજાણ સુરેખાએ કહ્યું.

લતાને પણ આ સાંભળીને સુરેશની નમ્રતા અને સરળતાનું સ્મરણ થયું. પણ નિરંજનની મોહક મૂર્તિ તેના હૃદયઊંડાણમાં કોતરાઈ

રહી હતી તેનું તરત જ સ્મરણ થયું. તે ફિક્કું હસી. ભૂલ સુધારતી હોય તેમ સ્વાભાવિક બોલી: 'બહેન, મને ઘેલી કહે છે પણ તું જ ઘેલાં નથી કાઢતી ? રસિકતાનું કંઈ વારે ઘડીએ પ્રદર્શન કરીએ તો જ સાર્થક થાય? એ મને જે અંતરના ઊંડાણથી ચાહે છે તે હું જ જાણું છું. પણ એમનો આટલો બધો સ્નેહ જ મને ગંભીર બનાવી દે છે. હું ય જો એમના મારા પ્રત્યેના પ્રેમભર્યા પ્રત્યેક વર્તનનો પડઘો પાડ્યા કરું તો કદાચ બહેન, અમે બંને કૃત્રિમતાની ખાઈમાં ઢળી પડીએ એવી મને બીક લાગે છે. આથી જ હું મારી ગંભીરતાનો દોષ એમને દઉં છું. એ પુરુષો થોડા કઠોર બનતા હોય તો કેવું ? એમ થાય તો...'

લતાને વચ્ચે જ બોલતી અટકાવી સુરેખા હસી પડી, 'ઓ બાપ ! લતાબહેન, તમે તો જબરાં ગહન છો. પ્રેમની આવી ફિલસૂફી તો તમારી જ જાણી. તમે મારે ત્યાં બહુ આવતાં નથી તે ઠીક નહિ. મારે તમને મારાં ગુરુ બનાવવાં પડશે.' સુરેખાને ક્યાં ખબર હતી કે લતાને ગુરુ બનાવી તેના પંથે પળવું તેને માટે અશક્ય હતું ?

'મારી ચેલી થનારને ઘરબાર છોડવાં પડે છે.' મજાકમાં નયન નચાવી લતા બોલી. એને પણ તે વખતે તો ભાગ્યે જ ખબર હશે કે પોતે થોડા જ વખતમાં એ પ્રમાણે ઘરબાર છોડી ચાલી નીકળશે.

'તો રહ્યું તમારી ચેલી થવાનું! પણ ગુરુ થનારે પહેલાં એ બધું કરી બતાવવું જોઈએ.' લતાના વાંસામાં હસતાંહસતાં સુરેખાએ ટપલી મારી.

'ગુરુની ટીકા શિષ્યથી થાય નહિ, નરકમાં પડાય.' ગંભીર થઇ લતા બોલી ને સુરેખાના પ્રફુલ્લ હાસ્યથી ફરી ઓરડો ભરાઈ ગયો.

આવી ચબરાક લતાની પ્રશંસા સુમનરાયે તેમની પત્નીને મુખે સાંભળી હતી, તેમ તેમણે પોતે પણ લતાની કુશળતા એકબેવાર સુરેશના બંગલામાં જ સુરેશ તથા લતા સાથેના વાર્તાલાપમાં નિહાળી હતી.

'આવો, આવો સુમનભાઈ ! કાંઈક સ્નેહલતાને પણ સાથે લાવ્યા છો ને ?' લુખ્ખા મોઢે સુરેશે મીઠો વિવેક કર્યો.

'હા, પણ આ બધું શું? આ સામાન કેમ આમ વેરણછેરણ કરી મૂક્યો છે? લતાબહેન ક્યાં ગયાં? જાઓ છો કે શું?' સરસામાન વિખરાયેલો જોઈ સુમનરાયે ખુરસીમાં ગોઠવાતાં જ પ્રશ્નોની પરંપરા છોડી. સ્નેહલતા પણ ચકિત નજરે ચારે પાસ જોઈ રહી હતી.

'હા, આજે જ પહેલી ટ્રેનમાં જવું છે.' સુરેશે ટૂંકો ઉત્તર આપ્યો.

'કેમ એકાએક?'

'જરા વેપારના અંગનું અગત્યનું કામ છે એટલે એકાએક જવું પડે છે. કોઈકવાર અમદાવાદ આવો તો જરૂર મળજો.' સુરેશે મ્લાન વદને કહ્યું. લતા બાબતનો પુછાયેલો પ્રશ્ન તેણે જાણી જોઈને ઉડાવી દીધો હતો.

'પણ મને તો તમે એકાએક નિરાશ કર્યો. હું તો એક સરસ પ્રોગ્રામ ગોઠવવાની ચર્ચા કરવા આવ્યો હતો. ને તમે તો બિસ્તરા બાંધવા માંડ્યા છો!' સુમનરાય ખોળામાં રમતી સ્નેહલતાને માથે પંપાળતાં બોલ્યો.

'શાનો પ્રોગ્રામ હતો? હું તો અહીંના એકલવાયા જીવનથી પણ કંઈક કંટાળ્યો છું.'

'તે એવો કંટાળો ભુલાવે તેવી વસ્તુ છે. તમે એટલા માટે પણ એકબે અઠવાડિયાં રોકાઈ જાઓ તો ઠીક.'

'પણ એવી તે શી અજબ વસ્તુ લાવ્યા છો તે તો કહો,' સુરેશે અધીરાઈ બતાવી.

'પહેલાં તમે પ્રોગ્રામમાં જોડાવાની હા કહો તો જ કહું. અને આજ જવાનું પણ...'

સુરેશ વચ્ચે જ ઉતાવળો થયો: 'આજ તો જવું જ પડશે પણ શક્ય હશે તો તમારા પ્રોગ્રામમાં જોડાઈશ. વીગત જણાવો.'

'જુઓ. આ પ્રોગ્રામની નેત્રી છે સુરેખા. તેણે જ મને અહીં પાઠવ્યો છે. અઠવાડિયા પછી સિદ્ધપુરમાં એક ભવ્ય અને જંગી મેળો

ભરાવાનો છે. અઢાર વરસે એ મેળો ભરાય છે એમ પણ લોકો કહે છે. ને અઢળક પુણ્ય ત્યાં જવાથી મળે છે એમ પણ કહે છે. પુણ્ય રળવા નહિ તો એ ભવ્ય મેળાનાં દર્શન કરવા તથા એ બહાને બેચાર દહાડાનો ટૂંક પ્રવાસ કરી આવવાનો અમારો વિચાર છે. સિદ્ધપુરથી ગુજરાતનું પ્રાચીન પાટનગર પાટણ પણ નજીક છે તે પણ જોઈશું. મારા બીજા બે મિત્રો અને તમે એટલા માણસો સાથે જઈશું. ભારે ગમ્મત પડશે. બોલો હવે તમે સંપૂર્ણ સંમત હો તો દિવસો નક્કી કરી નાખીએ.' સુમનરાયે સમજ પાડી. સુરેખાને આ પ્રોગ્રામમાં ખાસ રસ હતો, કારણ તેના હૃદયમાં પ્રવાસના આનંદ ઉપરાંત પુણ્ય રળવાની પણ ઊંડીઊંડી ઝાંખી કામના હતી. સુમનરાયના કહેવા પ્રમાણે તેણે જ આ કાર્યક્રમ ગોઠવ્યો હતો.

સુરેશ થોડીવાર વિચારમાં પડ્યો. અમદાવાદ વહેલા જવાની તો ખાસ ઉતાવળ નહોતી. અને ત્યાં લતાનાં સ્મરણો વધુ સતાવે એવો ભય હતો. તેને પાટણ તથા સિદ્ધપુરનાં પ્રાચીન સ્થળો જોવાની ઇચ્છા પણ હતી. એ બહાને થોડા દિવસો પસાર થાય તો ખોટું નહિ એમ તેને લાગ્યું. પણ આજે તો લતા અહીં આવે તે વખતે અહીં ન જ રહેવું, આજે અમદાવાદ જઈ બેચાર દિવસ બાદ પરત આવવું, તે દરમિયાન લતા રાહ જોઈ પોતાનો રસ્તો ખોળી લેશે. લતાએ આવીને શું કર્યું તે જાણવાની સુરેશની ગુપ્ત હૃદયકામનાએ પણ આ વાતને ટેકો આપ્યો.

લતાથી દૂર રહ્યા છતાં ય લતાની પ્રવૃત્તિ જાણવાની કંઈક ઊંડીઊંડી ઇંતેજારી સુરેશના મનમાં હજી કાયમ રહેતી. તે ઘણીવાર આ ઇંતેજારી દૂર કરવા યત્ન કરતો પણ સફળતા ન મળતી. વળી કુસુમને પણ તે હવે ખાસ તરછોડવા ઇચ્છતો નહોતો. આજે તેની વર્ષગાંઠના પ્રસંગે ગેરહાજર રહેવું તેને ખટકતું હતું. પણ ચાર દિવસ બાદ ફરી આવીને તેનું પ્રાયશ્ચિત્ત કરી લેવાશે. એ વિચારે તેને સંતોષ થયો. આ પ્રમાણે મન સાથે પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવતાં સુરેશને વાર ન લાગી.

સુરેશે સુમનરાયને વાતવાતમાં લતા બહારગામ ગયાની વાત કહી. તે ક્યારે પરત આવશે તે અચોક્કસ હોવાનું જણાવ્યું. પોતે આજ અમદાવાદ

જઈ ત્રણચાર દિવસ બાદ પરત આવી સુરેખાબહેનના કાર્યક્રમમાં ચોક્કસ જોડાશે એમ પણ તેણે જણાવ્યું. પછી બંને જણા આબુનાં હવાપાણી, દશ્યો, ઋતુ વગેરેની વાતોમાં પડ્યા ને થોડીવારે તે મસાલો ખૂટી જતાં સુમનરાય ઊભા થયા ને 'લ્યો સાહેબજી, ચાલ સ્નેહલતા' કહી સ્નેહલતાની આંગળી પકડી ચાલતા થયા.

સુરેશ નિરુદ્દેશભાવે સ્નેહલતા તરફ જોઈ રહ્યો ને મનમાં નિરર્થક બબડ્યો: 'સ્નેહલતા? જ્યાં જુઓ ત્યાં લતા જ લતા!'

સુરેશને ફરી વિચારોએ ઘેરી લીધો. એણે સુરેખા, કુસુમ, રેવામાસી વગેરેના ભાતભાતના વિચારો મનમાં કર્યા. પોતે હવે અહીં તો તમાચો મારી મોં લાલ રાખી રહ્યો હતો. એવી સ્થિતિમાં અહીં ફરી આવવાનું શા માટે કબૂલ કર્યું તે તેને ન સમજાયું. આજે તેના ગયા પછી લતા આવીને ફજેતી કરશે તો? તે જરા પસ્તાયો. પણ લતાનો માની સ્વભાવ તેને યાદ આવ્યો. લતા ગમે તે સંજોગોમાં પોતાનું ને સામાનું સ્વમાન સાચવી લે તેટલી ચતુર હતી. એટલે એ બાબત તેણે મન મનાવી લીધું. પોતાનો બંગલો પૂર્વવત્ ચાલુ રાખી તેણે ફરી આવવાના નિશ્ચયથી થોડોક જ સામાન — એક બેગ ને બિસ્તરો લઈ, અમદાવાદ જવા ઝડપભેર તૈયારી કરી.

સુરેશને ચાલુ મોટર મળી ગઇ અને ધારેલે સમયે રેલવે સ્ટેશને તે આવી પહોંચ્યો. શાંત વાતાવરણમાંથી ગીચ માનવતામાં આવતાં તેના નિરાશ મનને કંઈક ભાર લાગવા માંડ્યો.

સુરેશનું મન પ્રમત્ત બની વિચારોની ડાળો પર કૂદાકૂદ કરી રહ્યું હતું. તેને પોતાને પણ એ વિચારો વગર બીજું કંઈ કરવું — છાપું લઈ વાંચવું કે ચાપાણીમાં વખત કાઢવો વગેરે, નીરસ લાગવા માંડ્યું. અત્યારે કોઈ પરિચિત માણસ ન મળે તો સારું એમ તેના મનમાં થઈ ગયું. વેઈટીંગ રૂમમાં બેસી આગગાડીની રાહ જોતાં તે ખૂબ વિચારોને અંતે બબડ્યો: 'અમદાવાદ! અમદાવાદ જઈને ય શું કરીશ?'

અમદાવાદ જવાથી પોતે વધુ અશાંત બનશે એમ તેને લાગ્યું. પણ બીજે ક્યાં જવું? હવે ત્યાં જવાનું ધારી નીકળ્યો જ હતો તો બે

વ્હાડા જઈ આવું, એમ મનને મનાવી, છેવટે ટ્રેન આવતાં તે સ્વસ્થ થયો. ટ્રેનમાં કોઈ ઓળખીતું મળી જવાની બહુ બીક હતી. ચોરની પેઠે તે સૅકન્ડ ક્લાસના નાના ખાનામાં ઘૂસ્યો. તેમાં એક માણસ બેઠેલો હતો, તે તેને અણગમતું લાગ્યું. છતાં બીજા મોટા ખાનામાં જવાની તો તેની ઇચ્છા જ નહોતી. એટલે તે ત્યાં જ બેસી ગયો.

આગગાડી ચાલવા લાગી ને સુરેશના મનની આગગાડી પણ ચાલવા લાગી. પેલા માણસની હાજરીમાં પણ તેના મને તેને અનુકૂળ એકાંત રચી આપ્યું. પેલો બેસારુ પણ તેને અનુકૂળ થવા ખાતર જ જાણે ચૂપ બેસી રહ્યો.

સુરેશે જે ગાડી પકડી હતી તે ગાડીનું આગળના એક સ્ટેશને જે બીજી ગાડી સાથે ક્રૉસિંગ થવાનું હતું તે જ ગાડીમાં લતા આવવાની હતી. લતાને દૂરથી જોઈ લેવાની ઊંડીઊંડી ઇચ્છા હજી ય સુરેશ રાખી રહ્યો હતો. લતા પોતાને ન જુએ—પોતાને ન મળી શકે છતાં ય તે તેને જોઈ શકે એવી આકાંક્ષાને તે નિવારી શક્યો નહોતો. તેથી જ તેણે આમ જાણીબૂજીને આ ટ્રેન પકડી હતી; અને હવે તે ટ્રેનમાં બેઠા પછી તેને સામેની ટ્રેનમાં આવી રહેલી લતાની જ કલ્પનાઓ આવવા લાગી.

'લતા એકલી કે હશે સાથે નિરંજન હશે?' સુરેશ વિચાર કરવા લાગ્યો. તે એકલી હોય કે નિરંજન સાથે હોય; ગમે તે હોય. પણ પોતે તેની નજરે ન પડવું એવો સુરેશે નિશ્ચય કર્યો. આ ગાડીમાં પોતે નીકળશે તેનો લતાને ખ્યાલ ન હોવાથી તે તેને શોધવાનો પ્રયત્ન જ નહિ કરે; અને પોતે સાવધાનીથી તેને જોઈ શકશે. આમ વિચાર કરતાંકરતાં ટ્રેનોનું ક્રૉસિંગ થવાનું હતું તે સ્ટેશનના યાર્ડમાં સુરેશવાળી ગાડી દાખલ થઈ. સુરેશનું હૃદય સહેજ ધબક્યું તેની તેને પોતાને પણ ખબર ન પડી. તેણે સ્વસ્થ થઈ બારીમાંથી માથું ડોકાવ્યું. સામેની ટ્રેન આવી ગઈ હતી ને તેનું એન્જિન ઘેરો ધુમાડો કાઢતું ઊભું હતું—જાણે ઘેરી નિરાશાથી દાઝતા માનવોનું પ્રતીક!

ટ્રેનમાં મિલન

સુરેશે સામેની ગાડીના પ્રત્યેક ડબામાં સાવધાનીથી નજર નાખવા માંડી. એક, બે, ત્રણ, ચાર, એમ ઘણા ડબા પસાર થયા પણ તેની નજર ખાલી જ રહી. ડબાઓમાં સ્ત્રીપુરુષો ઘણાં હતાં પણ સુરેશ જેને જોવા માગતો હતો તે જ જણાઈ. એક ધીમા આચકા સાથે સુરેશની ગાડી થોભી. સામે ગાડીના બેત્રણ ડબા જ હવે બાકી છે એ સુરેશે જોઈ લીધું.

ચાલતી ટ્રેને પોતે બરાબર જોઈ શક્યો નથી એમ સુરેશે માન્યું ને અકળાતી આંખે ડોક વધુ લંબાવી. પણ આ શું ? તે એકદમ ચમક્યો ને તેણે પોતાનું ડોકું ડબામાં અને નજર અંતરમાં ખેંચી લીધાં. તે એકાએક ગભરાટમાં પડ્યો. આકાશી વીજળીને દૂરથી ઝબકતી જોવાની લાલસાવાળા માનવીને વીજળી એકાએક પોતાની ઉપર તૂટી પડતી લાગે ને ગભરાટ થાય; કંઈક તેવો ગભરાટ સુરેશને થયો. તેણે પાસેનું અળખામણું છાપું વાંચવાને બહાને મોં આગળ ધરી દીધું.

પેલી ટ્રેનના બરોબર સુરેશની સામેના ડબામાંથી જ એકાએક લતાનું કંઈક ઝાંખું પણ આકર્ષક વદન બહાર ડોકાયું. તે વદન જાણે સુરેશવાળી ટ્રેનમાં કોઈકને જોવાની અપેક્ષા રાખતું હોય તેમ જોવા લાગ્યું. એ આંખોની વીજળી પોતા પર પડી એમ ગભરાટ અનુભવતાં સુરેશે વર્તમાનપત્રમાં મુખ ઢાંકી દીધું. ગરીબ બિચારો સુરેશ ! જ્યારે વીજળી ખરેખરી તૂટી પડે ત્યારે ગોદડાં ઓઢવાથી તે કાંઈ બચી જવાતું હશે ?

પોતાની ટ્રેન ઝટપટ ઊપડે તો ઠીક એમ સુરેશને થયું, પણ બીજા ઘણા ચાપાણી પીતા મુસાફરોને ટ્રેન હજુ વધુ થોભે એમ ઇચ્છા હતી. એટલે કોનું કહ્યું માનવું એ વિચારે જાણે દ્વિધા બનેલી ટ્રેન એન્જિનરૂપી મુખવડે વિશ્રાંતિની ‘હા...આ...આ—આ...શ’ લેતી ઊભી રહી. લતાએ પોતાને જોયો કે નહિ તેની સુરેશને ખાતરી નહોતી. પણ હવે તે ખાતરી કરવાની હિંમત તેનામાં નહોતી. સુરેશે લતાવાળી ટ્રેન તરફ વર્તમાનપત્ર પહોળું કરી ધરી રાખ્યું અને હાલ્યાચાલ્યા વગર ટ્રેન ઊપડવાની પ્રતીક્ષા કરતો બેસી રહ્યો.

વર્તમાનપત્રની આડે તેનું અડધુંપડધું અંગ જોઈને પણ લતાએ પોતાના વર્ષોના સહચરને તુરત ઓળખી કાઢયો. તે સુરેશને ઓળખતી હતી. વખતે તે આ ટ્રેનમાં જ અમદાવાદ ભાગી જતો હોય, એવી તેને આશંકા હતી; ને તે ખરી પડી.

સુરેશના ડબ્બાનું દ્વાર ખૂલ્યું ને તુરત બંધ થયું. કોણ દાખલ થયું તે જોવા તેણે ધીમેથી આંખ ઊંચકી તે સાથે જ લતા તેની સામે ઊભેલી જણાઈ. સુરેશને શું બોલવું તે સૂઝયું નહિ. તેણે પેલા ઉતારુને શોધવા નજર કરી તો તે તેમજ તેની બેગ પણ ત્યાં નહોતી. લતા ધીમેથી સુરેશની લગોલગ બેસી ગઈ. તુરત જ ટ્રેનની જે સિસોટીની સુરેશ રાહ જોતો હતો તે વાગી. પોતે ટ્રેનમાંથી ઊતરી પડે તો કેમ, એવો સુરેશને વિચાર આવ્યો. પણ નિર્ણયપૂર્વક તેનો અમલ તે કરી શકે તે પહેલાં ટ્રેન ઊપડી ચૂકી હતી!

૬. આગ....ગાડી

ટિ. ટિ. ઈ. એટલે કે ટ્રાવેલીંગ ટિકિટ એકઝામીનર, ટિ. ટિ. સી. ટ્રાવેલીંગ ટિકિટ ચેકર, કે ટિ. આઈ. ટિકિટ ઈન્સ્પેકટર એ ત્રણે મથાળાં હેઠળના અમલદાર રેલવે સંસ્થાની એક અતિ ઉપયોગી વ્યક્તિઓ છે. એઓ ઋતુ પ્રમાણે કપડાં પહેરે છે. ઉનાળામાં ધોળાં, શિયાળામાં કે વરસાદમાં ઘેરા ભૂરા ઊનનાં કોટપાટલૂન, અને માથે એમની ઓળખ આપતી નાની છાપરિયા ટોપી. ગજવામાં રસીદબૂક અને ટુકડિયા પેનસિલ લઈ એઓ સાહેબો શહેરમાં સી. આઇ. ડી. ની માફક રેલવેની સૃષ્ટિમાં ચાંપતી નજરે કોપરબરાસ મુસાફરોની શોધમાં ફરતા જ હોય છે.

પહેલાં તો ઠીક હતું. એ અમલદારોના ઓળખીતાઓ કે સગાંવહાલાં એમના ડિસ્ટ્રિકટમાં તો મફત મુસાફરી કરી શકતાં. કોઈ બીજો જ ટિકિટ તપાસવા આવે, કે દરવાજે રોકે તો 'મગનભાઈના સાળા' 'કેકશરૂના જમાઈ' એટલું કહેતાં જ દરવાજા મોકળા રહેતા. પણ વખત બદલાયો. કંપની સરકારે મોટા પગારના અમલદારો વધાર્યા. એ નિમણુકો એ જ મામામાસીને ધોરણે વિલાયતથી થવા માંડી. એમ ખરચનો ખાડો પૂરવા આવક વધારવાનાં પંચો બેસવા મંડ્યાં. બુદ્ધિ કસી કસીને આવકનાં સાધનો ઉપર નજર દોડાવવામાં આવી. મફતિયા મુસાફરોની વધતી સંખ્યા ઉપર સાહેબલોકોની કરડી નજર બેઠી. પરિણામે પેલા ટિ. ટિ. ઈ.નું લશ્કર વધારવામાં આવ્યું અને એમને મળતા પગાર ઉપરાંત અમુક પ્રમાણમાં દર મહિને રેલવેને કમાણી કરી આપવાનો એમની ઉપર વટહુકમ છૂટ્યો. પરિણામે, એ અમલદારોએ દિવસરાતની સઘળી ગાડીઓ ખંખોળવા માંડી. કંઈકની ઊંઘમાં ડખલ કરવી શરૂ કરી. કંઈકના સામાન ઉપર સાણસીપંચના ટકોરા મારવા માંડ્યા. વગર ટિકિટે રખડતા, ઘરબાર વગરના, ભૂખે મરતા ગરીબ ભિખારુઓને પણ કાયદાના સકંજામાં લેવા માંડ્યા. મહિને પોતાના સોના પગાર ઉપરાંત બસોત્રણસોની સારી આવક બતાવે

તો ગોરા અમલદારોની મીઠી નજરનો લાભ મળવાથી પગારમાં વધારો થાય એ લાલચે મહિનાના પહેલા ભાગમાં તો એ અમલદારો શિકારની શોધમાં ટાંપતા જ રહેતા. મોહનલાલની ટેવાયેલી આંખો, એક દિશાની ગાડીમાંથી દેખીતી રીતે સુઘડ અને દેખાવડી બાઈ ઊતરી બીજી દિશામાં જતી ગાડીમાં, અને તે પણ સેકન્ડ ક્લાસમાં બેસે, તેવું બિલ્લુ સહેલાઈથી ચૂકે એમ નહોતું.

પ્લૅટફૉર્મના એક ખૂણામાં એ ઊભો રહેતો. છાનું શિયાળવું ચાલે એમ એ દૂરથી તીણી નજરે જોતો ધીમેધીમે ચાલતો અને ગાડી ઊપડવાને વખતે જ એણે આ શિકાર જોયો. સુરેશ, શું બોલવું એની મૂંઝવણમાંથી જાતને ઉગારી શકે તે પહેલાં તો એની પાસેની બારીના ઊભા ડાંગા પર એક ધોળો હાથ વીંટળાયો. એ ચમકીને જુએ છે, એટલામાં તો નાના હાથે બારણાનો હાથો ફેરવ્યો, અને પછી તો ટિકિટ ઇન્સ્પેક્ટરની જાણીતી વ્યક્તિ નજર સામે આવી ઊભી રહી!

'ટિકિટ પ્લીઝ!' પ્લીઝ શબ્દ એ અમલદારો સાધારણ રીતે બીજા વર્ગના ઉતારુઓ માટે જ વાપરે છે. ત્રીજા વર્ગમાં તો ઉતારુઓની સંખ્યા વધારે એટલે બોલતાં થાક પણ લાગે એ પણ સ્વાભાવિક છે. સુરેશે ગજવામાંથી પાકિટ કાઢ્યું. એ દરમ્યાન મોહનલાલની ચકોર આંખે ઊભા ઊભા લતાનું સમગ્ર સ્વરૂપ નિહાળી લેવાનો લહાવો જતો ન કર્યો. અને એ દરમ્યાનમાં લતાએ ધીરે રહીને પોતાની આબુ સુધીની થર્ડ ક્લાસની ટિકિટ સુરેશના ખોળાના એક પગ ઉપર મૂકી જવાબદારીમાંથી છૂટવાની સમયસૂચકતા પણ વાપરી લીધી.

અંતે મોહનલાલે સુરેશની ટિકિટ તપાસી. ભડાક દઈને પેનસિલના ભારે ટિકિટ ઉપર અમલદારી હકકે એક છેકો પાડ્યો. અને લતાની ટિકિટ હાથમાં લઈ સુરેશ બોલ્યોઃ 'આ તો આબુ સુધીની છે, પણ અહીંથી અમદાવાદ સુધીની ટિકિટ ચાર્જ લઈ મને આપશો તો મહેરબાની થશે.'

'એ તો ડબલ ચાર્જ થશે.'

'ડબલ કેવી રીતે?'—સુરેશે પૂછ્યું. 'એ તો સામી ગાડીમાંથી બેઠાં—એમને ટિકિટ લેવાનો વખત જ ક્યાં હતો?'

'પણ એ માટે તો પહેલેથી ગાર્ડને કહેવું જોઈએ. અમારે તો સાહેબ! કાયદા પ્રમાણે કામ કરવાનું!'

'હા, હા, તે હું કાયદા પ્રમાણે જ કરવાનું કહું છું. અમને વખત નહિ મળ્યો એટલે હવે અહીં તમે ટિકિટ કરી આપો.'

'એમ નહિ થાય સાહેબ! તમારી પાસે થર્ડની ટિકિટ હોત તો હું બદલી આપત અથવા આગળ જવાનું હોત તો વધારે ચાલે એવી કરી આપત. પણ વગરટિકિટે બેસે તેને તો ડબલ ફેર જ આપવું પડે.'

'હં હં અ! રેલવે તો બસ લૂંટવા જ બેઠી છે.'

'પણ સાહેબ! કાયદો તે કાયદો. અમારાથી એ કંઈ ફેરવાય?'

સાધારણ રીતે તો આગગાડીમાં મુસાફરી કરતાં આવી વાતચીતમાં રેલવેનો નોકર રેલવેનો એક મહાન સંરક્ષક કે ખેરખાહ બની રેલવેના વહીવટનો ચુસ્ત હિમાયતી બની બેસે છે, અને મુસાફર રેલવેમાં મુસાફરી કરે છે ત્યાં સુધી રેલવેના સઘળા કાયદાનો જાણકાર હોવાનો દાવો કરી રેલવેની ગેરઇન્સાફી ઉપર વિવેચન કર્યા કરે છે. પરંતુ કોણ જાણે કેમ મોહનલાલ અને સુરેશ વચ્ચે એવું ન બન્યું. એમની ચર્ચાને પરિણામે એવો તોડ નીકળ્યો કે બીજે સ્ટેશનેથી અમદાવાદની સીધી ટિકિટ ઓફિસમાંથી લઈ લેવી. અને ત્યાં સુધીની મુસાફરીનું ભાડું મજરે લેવું. મોહનલાલની આ ઉદારદિલી માટે સુરેશે રીતસરનો આભાર માન્યો અને એ વાત એટલેથી પૂરી થઈ.

એ ચર્ચા દરમ્યાન લતા બારીના ચોકઠામાંથી પસાર થતાં ઝાડ ગણતી, અને એમાં ભૂલચૂક થતી તો ફરીથી ગણવાં શરૂ કરતી. એમ કરતાં એ ઝાડ એની પાછળ સહેજ ગોળાકારે ઝૂલતા તારની હાર કરતાં ઊંચાં છે કે નીચાં તે પણ અનાયાસે સરખાવતી. ગૂંગળાયેલું ગૂંચવાયેલું મન ઘણીવાર આવી દેખીતી અર્થહીન લાગતી પ્રવૃત્તિઓમાં એકાએક તલ્લીન થઈ જાય છે.

ટિકિટનો ફૂચો પૂરો થતાં સુરેશને લતા તરફ જોવાનું મન થયું, જોવાઈ પણ ગયું. પરંતુ શું બોલવું—શું પૂછવું, એ વિષે કંઈજ નિર્ણય એ કરી શક્યો નહિ. લતા તો બેઠી હતી સ્વસ્થ, ગભરાટના કશા ચિહ્ન વિના, પારધિની બીકે નાસી છૂટેલી હરિણી એકાએક રક્ષણહારની પડખે અને અભય મનથી બેસે એમ. સુરેશ કાઢી મૂકશે, દરવાજામાં દાખલ જ નહિ થવા દે, મેણાં મારશે, ખિજાશે, ઘર સોંપી એ પણ નાસી જશે, આસપાસનું કોઈ એ સમયે હાજર હશે તો મારું શું થશે, એ મને કેવોક સત્કાર આપશે વગેરે ઘોળાતી ચિંતાઓ તો ક્યારની શમી ગઈ હતી.

કોણ જાણે, ગાડીનો થાક હતો તોયે એનું વદન પ્રસન્ન હતું, તેજ મારતું હતું, વધારે આકર્ષક બન્યું હતું. એ સુરેશે જોયું. અને તરત મોહનલાલે પણ જોયું. અને બંનેની નજર એના મોં પર જતાં એણે સહેજ નીચું જોયું. તરુમાળાના મણકા ગણાતા તૂટી પડ્યા.

પણ મોહનલાલ તો દૈવે મોકલેલો ફિરસ્તો હતો.

'આપ આબુથી આવો છો?' આ રેલવેશાઈ વાત નહોતી એટલે આપથી શરૂઆત થઈ એમાં ઓળખાણ કરવાની સ્પષ્ટ જિજ્ઞાસાવૃત્તિ હતી.

'હા, ઉપરથી.'

'તેજ, ટિકિટ ઉપરથી મને લાગ્યું. મારા એક ઓળખીતા પણ ત્યાં ગયેલ છે. તમારો ઉતારો ક્યાં હતો?'

'તળાવની પાસે, બાજુમાં.' સુરેશને થયું કે આ નવી વાત પણ જરા વધારે ચાલે તો સારું. બીજી જ પળે મોહનલાલે પૂછ્યું: 'ત્યાં રેવાબહેન કરીને કોઈ મળ્યું હતું?'

લતાની જીભે બોલ આવ્યો હતો: 'હં હં રેવામાસી! ઓળખ્યાં.' પણ એકદમ અજાણ્યા સાથે બોલતાં જીભ ન ઊપડી. સુરેશ કેવો! એણે એકબીજાની ઓળખાણ પણ ન કરાવી! પણ સુરેશ ક્યાં મોહનલાલને ઓળખતો હતો? અંતે સુરેશ જ બોલ્યો: 'હા, હા; રેવામાસી; અમે

બધાં એમને રેવામાસી જ કહેતાં.' એની જીભે પણ બોલ આવ્યો, લતાની ટાપશી પુરાવવા—'કેમ લતુ !' પણ એ યે ન નીકળ્યો.

'એ અમારી ન્યાતના થાય અને—' મોહનલાલે કહ્યું.

'ઓ, એમ કે? એમની સાથે એમની પુત્રી પણ હતી. કુસુમ! અમે તો લગભગ રોજ મળતાં.'

આ સાથે સુરેશને કુસુમ સાંભરી. સાંભરી એટલે કુસુમનો છેલ્લો તરવરાટ, કુસુમનો આગ્રહ, અને એને અંગે એનો લહેકો, એના શબ્દો બધું નજર સામું તરવરવા લાગ્યું. છેલ્લાંછેલ્લાં તો કુસુમની લતા સાથે એણે સરખામણી કરી નહોતી? અને એ જ લતા અત્યારે એની પડખે આવી બેઠી છે! કોણ સારું, લતા કે કુસુમ? કોણ રૂપાળું, કોણ હોંશિયાર—કોણ એને વધારે આકર્ષે છે? કોણ એનાં મનોમંથન અને હૃદયમંથન સંકોરે છે? પણ એની એ વિચારમાળાના મણકા પણ મોહનલાલે બેરવી નાખ્યા.

'તો સાહેબ! મારું એક કામ નહિ કરો? આપ તો એમને હવે બહુ સારી રીતે ઓળખતા હશો.' મોહનલાલ હવે ટિ. ટિ. ઈ. તરીકે નહોતો—બોલતો. જીવનઘટમાળની વિકટ અટવીમાં ગૂંચવાયેલો એક વટેમાર્ગુ બોલતો હતો.

'બોલો શું કરું?' સુરેશે પૂછ્યું.

'પણ સાહેબ! જરા ખાનગી—અંગત છે, આપને વાંધો—'

'ના, ના, બેલાશક કહો.'

'અરે, કંઈ નથી સાહેબ! એ તો આ અમારી નોકરી. અમારા તો ગ્રેડ નક્કી કરેલા છે. બાકી ઈન્ક્રીમેન્ટ તો મળતું જ જાય. અમારો પગાર—એ કંઈ નોકરીમાં દાખલ થઈએ ત્યારનો નહિ રહે, પણ વધતો જાય. અને પછી તો સ્ટેશન માસ્તરના ગ્રેડમાં ગયા કે ચાલ્યા સડસડાટ.'

'હં હં!' જો કે એ લવારામાં સુરેશને રસે ના પડ્યો અને સમજ પણ ન પડી.

'અને સાહેબ! રેવાબહેન જાણે છે કે મને હજી એ જ પગાર મળે છે, તે ઘરખરચ કેમ ચલાવી શકું, એથી ના ને ના જ પાડ્યા કરે છે. બાકી અમારી ન્યાતમાં બીજો કોઈ આટલું કમાનાર છે પણ નહિ. હવે તો હું ઘર માંડી શકું એમ છું.'

'કુસુમને માટે કહો છો ને?' અંતે સુરેશને મુદ્દો હાથ લાગ્યો.

'એ તો સાહેબ! તમારો જેવો સંબંધ. આમ કહેવું અલબત્ત, ખોટું તો ખરું જ; પણ કોણ જાણે કેમ મારાથી કહેવાઈ ગયું. આપથી નહિ કહી શકાય તો બહેનને મોઢે મારે માટે બે બોલ — એ તો સાહેબ! પ્રસંગ આવે તો, આપ પાછા જવાના હો કે અમદાવાદમાં મળવાના હો તો —'

ત્યારે લતા મારી પત્ની એ એણે પારખી લીધું. એમ!' સુરેશને પહેલો વિચાર તો એ આવ્યો. અને એ ચંક્રમણમાં ખેંચાય તે પહેલાં પાછો મોહનલાલે એના વિચારપ્રવાહને અટકાવ્યો.

'આ તો સાહેબ, અમસ્તું કહું છું, ખોટું ન લગાડશો. ત્રણ વરસથી આશા રાખી બેઠો છું. છોકરી સારી છે. માફ કરજો.'

'ના રે. કંઈ નહિ, સારું થયું કહ્યું તે.' એટલો વિવેક તો સુરેશને કરવો જ પડ્યો. સુરેશને મોહનલાલ માટે સ્વાભાવિક દિલસોજી થઈ. એણે જ એને વગર ઓળખાણે ડબલ ભાડામાંથી બચાવી લીધો નહોતો? અને અલબત્ત કુસુમ માટે પોતે પણ પોતાના મનમાં કંઈક મધલાળ સેવી નહોતી?

ખડખડ ખડખડ આગગાડી ચાલતી હતી. મિટરગેજનો ખડખડાટ પણ જરા જુદો જ હોય છે. એ અવાજમાં એકાએક ફેરફાર થયો. ગાડી ધીમી પડી. સ્ટેશન આવ્યું? સિગ્નલ નથી? લાઈન કલીઅર નથી? મોહનલાલે જરા બારી તરફ ઘસડાઈ બહાર ડોકું કાઢ્યું. સુરેશે એ વખતે લતાને પૂરેપૂરી નિહાળી. એકીટસે નિહાળી. લતા, ગરીબ બિચારી લતા, એકલીઅટૂલી લતા. એણે પણ એના સામું જોયા જ કર્યું. કોઈ કંઈ બોલ્યું નહિ, અને સ્ટેશન આવ્યું જ. મોહનલાલે અંદર ફરી જાહેર કર્યું.

ગાડી ઊભી રહી અને **મોહનલાલ** ઊતર્યો.

'ચાલો સાહેબ,' એટલું ઊતરતાં બોલ્યો.

આ તો એ જ સ્ટેશન, **લતા** જ્યાંથી **આબુ** જવા નીકળી હતી તે.

'એઈ!' કહી **મોહનલાલે** હાક મારી. ટિકિટ કલેક્ટરો સ્ટેશનના ચાવાળા એક રોજિંદી આફત ગણે છે. પોતે ચા પીએ તે તો ઠીક, પણ પૈસા આપ્યા વિના મહેમાની કરે એ તો એમને ઘણી વખત ભારે પડતું.

અંતે ચાવાળો આવ્યો. 'ત્રણ કપ જલદી!'ની ફરમાશ પછી **મોહનલાલ સુરેશને** ટિકિટ ઑફિસમાં દોરવી ગયા. **અમદાવાદ** સુધીની સેકંડની ટિકિટ કઢાવી આપી, અને **સુરેશે** પૈસા ચૂકતે કરતાં વધારા માટે કહ્યું.

'અરે કંઈ નહિ સાહેબ! કોઈ વખત તો અમને ભલમનસાઈ કરવા દો! આ તો અહીંથી જ ગણાશે.'

'પણ રેલવેને ખોટ જશે તેનું શું?' **સુરેશ** હસતાં હસતાં કહ્યું.

'અરે સાહેબ! રેલવે શાં અમને પોટલાં બંધાવી આપવાની હતી! બધું ઠીક છે.' વાતો કરતાં કરતાં બન્ને પાછા ગાડી આગળ આવી ઊભા.

દરમ્યાન હુકમાનુસાર ચા તો આવેલી હતી. તે પિવાઈ, એના પૈસા માટે વિવેક થયો. અંતે એમાં **સુરેશ** જીત્યો. **મોહનલાલે સુરેશનું** શિરનામું લખી લીધું. **સુરેશે** બનશે તેટલું કરશે એમ કહી આશ્વાસન આપ્યું. **મોહનલાલે** મોઢેથી જ એક શબ્દમાં પોતાનું શિરનામું આપ્યું, અને ગાડી ઊપડવાનો સમય થયો. અને **મોહનલાલ** છેક અગાડીનો ડબ્બો તપાસવા જરા વહેલા જવા ઊપડ્યો. ઊપડતાં કહેતો ગયો કે બીજે સ્ટેશને પાછો મળશે.

મોહનલાલ ગયો અને વ્હિસલ વાગી. બારણાં દેવાયાં. **સુરેશ** સાવચેતીથી અંદર ચડ્યો. ગાડી ઊપડી. **લતાને**, કલાકથી મૂંગી બેઠેલી **લતાને સુરેશ** જોઈ રહ્યો છે. પાછલે હાથે બારણું બંધ કરવા ખેંચે છે. અને ડબ્બો પ્લૅટફૉર્મના વચલા ભાગમાં બહાર જવાના દરવાજા આગળ સામેથી

પસાર થતાં, બહારથી ઉતાવળો દોડતો એક મુસાફર ગાડી ચૂકવાની બીકે વગરટિકિટે ઉઘાડા દરવાજામાંથી સીધો ધૂસી સુરેશના જ કમ્પાર્ટમેન્ટમાં ચડે છે. સુરેશે બંધ કરવા ખેંચેલું બારણું ઊઘડે છે. અંદર મુસાફર દાખલ થાય છે. બારણું તરત બંધ થાય છે. સુરેશ પાછું જુએ છે. અને એના મોંમાંથી એકાએક 'કોણ! નિરંજન!' એટલા શબ્દો નીકળી પડે છે.

આગગાડી ચાલી, ત્રણને ઘસડતી, ત્રણેનાં ધબકતાં હૃદયો સાથે ધબકધબક કરતી—

૭. બાળકના પિતાની પાસે જ—

એકબીજાથી ભયંકર રીતે દૂર ફેંકાઈ ગયેલાં ત્રણ અતિપરિચિત હૃદયોને પોતાની છાતી પર જોડાજોડ લઈને આગગાડી જ્યારે સ્ટેશનની બહાર ચાલી નીકળી ત્યારે એના વિજયનો આનંદ કાંઈ ઓર જ હતો! આનંદની કિકિયારીઓ અને વિજયની સિસોટીઓ મારતી એ અર્ધચેતન આગગાડી ત્રણેના દિલમાં એક નવો જ પેગામ પહોંચાડી રહી હતી: 'ત્રણે પાછાં સાથે થયાં છો; સાથે જ કાં ના રહો?'

લતા 'બાળકના પિતાને ત્યાં' જવા નીકળી ત્યારે ફરી **નિરંજન** સાથે હોવાની કલ્પના સુધ્ધાં એને નહોતી. એવી કોઈ ઇચ્છા એ વેળા હતી કે નહિ એનો સાચો જવાબ કદાચ એ પોતે જ એ વેળા ન આપી શકી હોત. નીકળતી વખતે દડદડ ખરતાં એનાં આંસુ એવી કોઈ ઇચ્છાની સાક્ષી પૂરત તોપણ **લ**તા એ વખતે એ સ્વીકારવા કદાચ તૈયાર ન થઈ હોત! અને છતાં, અત્યારે—**નિરંજન**ને પડખે ઊભેલો જોતાં, જાણે પોતાની જ પાછળ ગાંડો બની તીરની જેમ વછૂટી આવેલો જોતાં, **લ**તાથી વિચારાયા વિના ન જ રહેવાયું: 'ત્રણે સાથે હોઈએ તો?'

જો કે, **લ**તા બરાબર જાણતી હતી, બરાબર સમજતી હતી અને સાવ સીધી ગણતરી પણ કરી ચૂકી હતી કે હવે ત્રણે યે સાથે રહેવાનું શક્ય નથી. અને તેમ છતાં, 'બાળકના પિતા'ને ત્યાં જવા પોતે ચાલી નીકળી હોવા છતાં, **નિરંજન**નો સહવાસ જો સહેજે શક્ય બની જાય—અરે 'બાળકના પિતા'ને ત્યાં ગયા પછી પણ **નિરંજન**ની સાથે રહેવાનું જો કોઈ પણ રીતે અનુકૂળ બની જાય—તો જરૂર પોતાને પરમ સુખ થાય એમ એ ક્ષણે ક્ષણે અનુભવી રહી. એ સુખની આછી કલ્પના આગગાડીના પેગામે પ્રથમવાર એનામાં જન્માવી. અને એ અશક્ય જેવી કલ્પનાએ પણ એને થોડુંક સુખ આપ્યું.

'ગમે તે રીતે, કોઈ જાદુઈ રીતે પણ જો સુરેશને ત્યાં ગયા પછી પણ નિરંજન સાથે હોય એવું બને તો?' અને એ ઘેલછામાં એનાથી એકવાર સુરેશ તરફ અને પછી નિરંજન તરફ જોવાઈ ગયું.

નિરંજન આ ડબામાં એકાએક ચડી ગયો અને તરત એણે જે આંચકો અનુભવ્યો એની અસરમાંથી હજી તે બિલકુલ મુક્ત થયો નહોતો. એની ઊંચી, થાકેલી કાયા હજી એમ ને એમ ઊભેલી જ હતી. લતાને વળાવી દીધા પછી, 'જગતમાં ઊભા રહેવાની જગા મળે ત્યાં' ચાલી નીકળવાનો નિશ્ચય કરી ભાગી છૂટેલા નિરંજનને ઊભા રહેવાની આ સિવાય બીજી કોઈ જગા ન મળી એ જેટલી વિચિત્ર ઘટના હતી તેટલી જ તેને માટે અસહ્ય પણ હતી. એના દિલમાં લતા વિનાના થોડા કલાકોએ ઓછી ભાંગફોડ નહોતી કરી. 'લતા વિના પોતે શી રીતે જીવી શકશે?' એ એકના એક ઉપરાછાપરી હલ્લો લઈ આવતા પ્રશ્નનો કશો જ સરખો જવાબ તે આપી શક્યો નહોતો. એ કામ એના ગજાઉપરવટનું હતું! લતાની પાછળ આણુ જઈ લતાને ફરી બોલાવી લાવવાનું ફરમાન એના મને એને કર્યું હોત તો એને એ ગજાઉપરવટનું કદાચ ન લાગત! પણ જાણી જોઈને જ એ કલ્પનાને હવે તે પોતાના મનમાં ઘૂસવા દેતો નહોતો; કેમકે તે જાણતો હતો કે હવે તે માત્ર કલ્પના નહોતી રહી. એક પ્રબળ સંકલ્પનું સ્વરૂપ તે ધારણ કરતી જતી હતી! અને એથી જ જે ક્ષણે તેનું દુર્બળ મન એ કલ્પનાને પોતાની કરી સ્વીકારી બેસશે તે જ ક્ષણે એમ કર્યા વિના જીવવું તેને માટે અસહ્ય, અશક્ય થઈ જશે...અને એથી જ તે એવો કટોકટીનો પ્રસંગ આવવા દેવા નહોતો ઇચ્છતો. પોતાને બરાબર ખબર હતી કે પોતામાં ગમે તેટલો જુસ્સો હોવા છતાં, ગમે તેટલું બળ હોવા છતાં, પહેલાં ભાગી છૂટયો હતો તેવું ભાગી છૂટવાનું કે લતાને ભગાડી જવાનું હવે પોતા માટે એટલું સહજ કે સરળ નહોતું. જીવન ઉપર એક છેલ્લો ફટકો લગાવવા જેટલું ક્રૂર અને ભીષણ કાર્ય એ હતું. અને એથી જ એણે પહેલાંથી પોતાના મનમાં એક ગાંઠ બાંધી દીધી હતી—'લતા! એના બાળકના પિતાને ત્યાં જ રહેશે.' 'શા માટે?' એનો જવાબ એની પાસે નહોતો. એની બુદ્ધિ, એનું મન,

એનું હૃદય કદાચ ઊલટો જ જવાબ આપશે એવો એને ભય પણ હતો. અને એથી, એવો પ્રશ્ન ઊઠવા દેવા જ એ તૈયાર નહોતો. બાંધેલી ગાંઠને અડકવા સુદ્ધાં એ ઇચ્છતો નહોતો. સહેજ પ્રયત્ન કરવા જતાં એ છૂટી જશે એવો એને પૂરો ખ્યાલ હતો. અને એ છૂટેલો દોર ફરી એને એવો તો ભયંકર જકડી લેશે કે કદી એમાંથી છૂટવું શક્ય નહિ રહે એમ એ જાણતો હતો. એ જ રીતે ફરી બંધાવું અયોગ્ય છે, અણગમતું છે એવું કશું જ એ માનતો હતો એમ પણ નહિ, અને છતાં ફરી એમાં બંધાવા એ તૈયાર નહોતો.

અને, આ સ્થિતિમાં—ભાગી છૂટવાનો મનસૂબો કાયમ થતાં સ્ટેશન આવતાં ઊપડતી ગાડી દેખતાં, હાથ આવ્યો તે ડબ્બામાં તે ચડી બેઠો હતો! ફરી ઊતરી જવા જેટલી સ્વસ્થતા તે ગુમાવી બેઠો હતો. સુરેશની પડખે બેસી વાતો માંડવા જેટલી હિંમત તે ગુમાવી બેઠો હતો લતાને લઈ ચાલી નીકળવા જેટલી દિલજોરી તે ભેગી કરી શક્યો નહોતો! મૂઢની જેમ તે ઊભો રહી ગયો હતો. એની મૂંઝવણ ઊલટી વધી પડી હતી. પોતે પહેલાં માન્યું હતું તેવું કાંઈ ભયંકર પાપ, કે ભીષણ દ્રોહ, કે દુષ્ટ દગો કર્યા જેવું અત્યારે એને બિલકુલ લાગતું નહોતું. અને છતાં સુરેશને જોતાં એ ઢીલો થઈ ગયો હતો. પોતે બિલકુલ સહજ રીતે પ્રેમના આવેશોને વશ થઈ વર્ત્યો હતો; એમાં એને ક્યાં ય લતા ઉપર અત્યાચાર કર્યા જેવું લાગતું નહોતું અને છતાં લતાને જોતાં એ તદ્દન ઢીલો થઈ ગયો હતો!

એ કોક એવો માર્ગ શોધી રહ્યો હતો જે એને ગુનેગારના પિંજરામાં ઊભો રાખ્યા વિના સજા કરવી હોય તો કરી દે. સજાથી—દુઃખથી એ ડરતો નહોતો. પણ પ્રાયશ્ચિત્ત, ગુનાનો એકરાર, ગુનેગારની ટોપીથી એ ત્રાસતો હતો, કેમકે, એણે પોતાને ગુનેગાર માન્યો જ નહોતો! એ એવી કોઈ તક શોધતો હતો જે બધું ધુમ્મસ વેરી નાખે; ખુલ્લે દિલે બધું બોલી નાખે.

આગગાડીના આ અકસ્માતે એક એવી તક એને મેળવી આપી હતી. પણ એવી તક હાંસલ કરવી હંમેશાં જેટલી મુશ્કેલ હોય છે એનાથી

વધારે તો તે ગેરસમજ વધારનારી અને પરિણામની દૃષ્ટિએ ભયંકર નીવડે છે એની એને જાણ હતી. અને એથી એક એવી તક પ્રાપ્ત થવા છતાં એનો શી રીતનો ઉપયોગ કરવો એની મૂંઝવણમાં એ પડ્યો હતો. એના હોઠ ઉપર તો શબ્દો કૂદાકૂદ કરી રહ્યા હતા. પહેલેથી તે છેલ્લી ક્ષણ સુધીની બધી વાત વીજળીને વેગે બોલી જવા એના હોઠ અધીરા થયેલા જણાતા હતા. હોઠોની સહેજ ઉઘાડબીડ, આછું હલન દેખાઈ આવે એવું હતું. લતાએ એ જોયું; પોતાને જોઈ લેતી લતાને નિરંજને જોઈ. નિરંજનના હોઠ પરના શબ્દો પાછા અંદર ઊતરી પડ્યા. પોતે ડબામાં ચડ્યો એ પહેલાં સુરેશ અને લતા વચ્ચે કાંઈ ન ઇચ્છવા જેવું બની ગયું તો નહિ હોય? પોતાની વાતથી બળતામાં ઘી હોમવા જેવું તો નહિ થાય? એવી આશંકા જન્મી. લતા કે સુરેશ એકેને એકાંતે અલગ મળી વાત કરવાની તો શક્યતા જ નહોતી. એ વધારે મૂંઝાયો.

એકવાર આખી વાત અત્યંત સીધા, સરળ અને નિખાલસ દિલે તે મનમાં ને મનમાં સુરેશને સંભળાવી ગયો. કોઈ ભવ્ય નાટકમાંના રિહર્સલની જેમ ફરીફરી જુદીજુદી ભાવભંગી સહિત મનમાં એ બધું ભજવી ગયો. પણ એને કેમે જંપ ન વળ્યો ગમે તે ભોગે બધું બોલી નાખવાના દૃઢ નિશ્ચય સહિત એણે સુરેશની ભણી જોયું.

સુરેશ આ થોડી મિનિટ ડાબા હાથની બારીમાંથી ડોકાઈ બહાર ફૂદરડી ફરતાં ઝાડોની રમત જોતો બેસી રહ્યો હતો. નિરંજનને ડબામાં ધસી આવતો જોતાં એકાએક કેમ પોતાનું મોં પડી ગયું હતું એનું એ સચોટ સૂક્ષ્મ પૃથક્કરણ કરી રહ્યા હતો. નાનામાં નાની વાતનું પૃથક્કરણ કરી, તેને નગ્ન સ્વરૂપે ઓળખી, હકીકતરૂપે સમજી, સ્વીકારી લઈ તે રીતનું વર્તન કરવાની આદત પાડવાનો પ્રયોગ તેણે થોડા દિવસથી આરંભી દીધો હતો. જે એક વાત તે પહેલાં નહોતો પરખી શક્યો તે એને અત્યારે બરાબર સમજાઈ રહી હતી: ' લતા વિષે પોતે હજી નિઃસ્પૃહ નથી થઈ શક્યો. જાણીબૂજીને આ જ ટ્રેન પકડવા પાછળ ઊંડે ઊંડે લતાને મળી લેવાની જ આકાંક્ષા છે. × × × અને એકવાર લતાનું મોઢું સામી ટ્રેનની બારીમાં જોઈ લીધા પછી, ઝબૂકતી વીજળીને દૂરથી

નિરખી લીધા પછી તેને અંતરમાં ઉતારી દેવાની પ્રબળ કામના તે દૂર કરી શક્યો નથી. છાપું આડું ધરી લતાથી અણશોધાયા રહેવાની બાહ્ય પેરવી કરવા છતાં પણ લતા પોતાને પકડી પાડે તો કેવું?—એ કામના જરા ય મોળી પાડવા દઈ શક્યો નથી! જો કે, એ વીજળી આંખોની સામે, હાથની પાસે આવીને ઊભી રહેશે ત્યારે ખુલ્લી આંખે એને જોવાની, હાથ લંબાવી ખેંચી લેવાની હોંશ પોતાનામાં હશે કે નહિ એની એને ચોક્કસ ખબર નથી. એવું થઈ શકે તો કેવું સારું?—એટલું જ એ અનુભવી રહ્યો છે.'

પરંતુ, એ તક, એ ક્ષણ, એ એકાંત એને પ્રાપ્ત થાય એ પહેલાં જ એ બધું ઝુંટવાઈ ગયું હતું!

એનું મન વારંવાર પ્રશ્ન કરી રહ્યું હતું: 'શાથી?'

'અકસ્માતથી.' આ જવાબ એને અનુકૂળ નહોતો લાગતો. અને એથી એ ફરીફરી પૂછતો હતો: 'શાથી? અકસ્માતથી?'

અને—પોતાની પાછળ ઊભેલો નિરંજન યાદ આવતો! લતા સામી ગાડીમાંથી આવતી દેખાતી...પાછળ નિરંજન દોડતો આવતો દેખાતો!

લતા આવી ચૂકી હતી. પોતે એને સ્વીકારી રહ્યો હતો...ત્યારે... નિરંજન વચમાં આવી પડ્યો હતો!—એટલું જ એની આંખે જોયું હતું. એટલું જ એના મને સ્વીકાર્યું હતું! એટલું જ અત્યારે એને પૂરતું લાગતું હતું!

થોડા જ દિવસ પહેલાં, લતા નિરંજન સાથે કાયમ રહે એમ એણે ઇચ્છ્યું હતું, ઉત્તેજ્યું હતું અને યોજ્યું પણ હતું. એ પોતાને ગમતું હતું કે નહિ એનો વિચાર કર્યા વિના એ જ યોગ્ય છે એમ સમજી એણે એ અપનાવી લીધું હતું. આજે લતાના આવવાનો તાર વાંચી પોતે ચાલી નીકળ્યો હતો! પરંતુ એ બધું તે અત્યારે યાદ કરવા માગતો નહોતો.

લતા આવી રહી હતી...પેલી ટ્રેન છોડી, આખી દુનિયા છોડી, નિરંજનને છોડી એકલી આવી રહી હતી...પોતે બોલાવી નહોતી છતાં

પોતાની જ પાસે એ પાછી આવી રહી હતી... અને એ જ ક્ષણે નિરંજન વચ્ચે નડ્યો!!—એટલું ઓછું નહોતું!!

સુરેશના કાબૂ ગુમાવેલા મનથી એ ન સહેવાયું. નિરંજન પ્રત્યે એને જીવનમાં પહેલી જ વાર ઘૃણા જન્મી. આજ પહેલાંના નિરંજનના એકે એક કૃત્યનો એણે માનસશાસ્ત્ર અને પ્રેમશાસ્ત્રના ક્રૂર નિયમોનો આધાર સ્વીકારી સંતોષજનક તોડ આણ્યો હતો. પોતાની બૈરી લઈ જવાનો અધિકાર, બૈરીએ જાતે ભાગી જવાનો હક્ક, તેણે માનવતાની દૃષ્ટિએ માન્ય રાખ્યો હતો. પરંતુ, નિરંજનના આ છેલ્લા 'અકસ્માત'નો બચાવ, એનું કારણ ખોળી કાઢવા પૂરતી ધીરજ, અક્કલ કે જ્ઞાન અત્યારે તે હારી બેઠો હતો!

અને છતાં—બની ગયેલા અને બની રહેલા બનાવો તરફ ઉપેક્ષા કર્યે પાલવે એમ પણ નહોતું. લતા આવી પહોંચી હતી; એની સાથે વાત કરવાની હજી તક મળી નહોતી. નિરંજન આવ્યો હતો, પણ એની સાથે કાંઈ વાત કરવા જેવું એ ગોઠવી શક્યો નહોતો. આ સ્થિતિમાં બારીની બહાર ને બહાર જ જોયા કરવાનો એકમાત્ર રસ્તો ભલે સલામત ગણાય, પણ એમ તે ક્યાં સુધી બેસી રહેવાય? એક સ્ટેશન, બે સ્ટેશન...? કેટલાં સ્ટેશન? કોઈ અજાણ્યો, અણગમતો ઉતારુ ચડી બેઠો હોય તો બેચાર સ્ટેશન જતાં ઊતરી જશે એવી ધીરજ રહે પણ આ તો જે બેઠાં હતાં એ અજાણ્યાં નહોતાં અને અણગમતાં હતાં એમ પણ શી રીતે કહેવાય? અને એને છોડીને ક્યાં ય અરધે રસ્તે ઊતરી તો નહોતાં જ જવાનાં—એટલી વાત નક્કી હતી. આ સ્થિતિમાં ભારે, ગમગીન વાતાવરણમાં ત્રણેએ મૂંગાં, એકબીજાની દૃષ્ટિ છટકાવતાં, એકબીજાની હાજરી ઉવેખતાં બેસી રહેવું સુરેશને અણગમતું લાગ્યું; અજુગતું પણ લાગ્યું. વાતો કરવાની, અંગત હૃદયગત વાતો ઉવેખવાની જરા ય ઇચ્છા વિના, પણ આવી પડેલી પરિસ્થિતિને વધારે સરળ રીતે વટાવી જવાના હેતુએ સુરેશે દૃષ્ટિ અંદર લીધી. નિરંજનની દૃષ્ટિ એની દૃષ્ટિ સાથે અથડાઈ. નિરંજનની ઊંચી થાકેલી કાયા પોતા ભણી ખેંચાઈ રહેલી એણે જોઈ. નિરંજનના કપાળ પર પાણીના રેલા દોડાદોડ કરી રહેલા

એણે નિહાળ્યા. મોઢા પરની ગમગીની, આંખમાં છાઈ રહેલી આર્દ્રતા એણે પારખી. સુરેશને ઉન્માદ, આવેશ, નશો સહેજ ઊતર્યો. આખા ડબ્બામાં વ્યાપી રહેલી ભીષણતા એને ગૂંગળાવનારી લાગી અને એ અજબ માનવીએ એક જ ક્ષણમાં પૂરી સ્વસ્થતા પ્રાપ્ત કરી લઈ વાતાવરણને હળવું બનાવ્યું : 'નિરંજન ! આમ જડસડ થઈ શું ઊભો રહ્યો છે ત્યારને—?' અને લતાની ભણી જોઈ ઉમેર્યું : 'લતા ! પાણી તો પા નિરંજનને.'

લતાના જીવમાં જીવ આવ્યો. એણે નિરંજન માટે જગા કરી આપી; બેસાર્યો; પાણી આપ્યું.

'નિરંજન' આ વખતે તો 'ટાઈમ્સ'ની ક્રૉસવર્ડઝ પઝલ્સમાં મારો લાગ્યો છે. બોલ, કેટલા જીત્યો હોઈશ ?'

નિરંજન હજી મૂઢ હતો. 'જો મશ્કરી કરતો હોઉં તો—' કહી સુરેશે 'ટાઈમ્સ' બતાવ્યું. લતાએ સુરેશના હાથમાંથી એ પાનું લીધું, પણ સુરેશ શું જીત્યો છે એ ન સમજાતાં પાછું મૂકી દેવા જતી હતી ત્યાં સુરેશે કહ્યું : 'જોયું નહિ આ નામ, લતા ? છે તો કુસુમનું, પણ અમારી સહિયારી ભાગીદારી છે.'

લતાને શું બોલવું તે ન સમજાયું. 'કુસુમ' 'સહિયારી ભાગીદારી' વગેરે શબ્દો કાન સાથે જોરથી અથડાઈ ક્યાંક ધકેલાઈ ગયા.

નિરંજને દરમ્યાન થોડીક સ્વસ્થતા મેળવી લીધી હતી. એણે જરા ગળું સાફ કરી પૂછ્યું: 'સુરેશ ! બસ આ જ વાતો કરવાની છે ?'

સુરેશે છેક જ સ્વાભાવિક અવાજે કહ્યું: 'કમાવાની અને પરણવાની— એ સિવાય બીજી કઈ વાતો કરવા જેવી હોય છે ? એક પૂરી કરીએ પછી બીજી ! હં !' 'હં' બોલતાં એણે ડોકનો જે ડમકો માર્યો, વાત કરવાની એણે જે અદ્‌ભુત નવી શક્તિ બતાવી એ જોઈ નિરંજન અને લતા આભાં જ બની ગયાં. એમણે પોતે જ સુરેશને આવો અદ્‌ભુત બનાવ્યો હતો એમ જો સુરેશ પોતે કહેત તો પણ તેઓ માનવા તૈયાર ન થાત ! અને છતાં એ એટલું જ સત્ય હતું. આ આખરી અનુભવોએ, બનાવોએ, અથડામણોએ, વ્યથાઓએ, વિયોગોએ, સુરેશના જીવનને આટલું

૧૦

હળવું કહો, છીછરું કહો, સંયમી કહો, કે વાસ્તવદર્શી કહો—ગમે તે કહો પણ આટલું 'અદ્‌ભુત્' બનાવ્યું હતું !

'સુરેશ, વધારે ગંભીર વાતો ઉપર આવીએ.' નિરંજને શાંત અવાજે કહ્યું.

'નિરંજન, આનાથી વળી ગંભીર બીજી કઈ વાત છે?'

'બીજી કોઈ નથી ?' લતાએ અધીરાઈપૂર્વક પૂછ્યું.

'હોય તો ખબર નથી. મારી પાસે તો ગંભીર જેવી કોઈ વાત જ નથી, લતા !' સુરેશે ગંભીર થતાં થતાં કહ્યું.

'સુરેશ, તું ક્યાં જાય છે ?' નિરંજને ટૂંકો પ્રશ્ન પૂછ્યો.

'ઘેર,' એટલો જ ટૂંકો જવાબ આપતાં સુરેશે સામો પ્રશ્ન કર્યો :

'અને તું ?'

'હું ? જગતમાં ઊભા રહેવાની જગા મળે ત્યાં !'

'પણ, બેસવાની અને સૂવાની નિરાંત મળે ત્યાં શું કામ નહિ ?' સુરેશે કટાક્ષ કર્યો.

'એવી નિરાંત શક્ય નથી.' નિરંજને સંપૂર્ણ ગંભીરતાપૂર્વક જવાબ વાળ્યો.

'શાથી ?'

'શક્ય નથી.' નિરંજને વધારામાં ડોકું ધુણાવ્યું. જે આખી વાત કહેવા અત્યાર લગી તે અજબ અધીરો થયો હતો એ જ વાત નીકળતાં, ખરો મોકો આવતાં તેને દાબી દેવા અત્યારે પોતે જ જાતે મથી રહ્યો હતો !

'નિરંજન, શા માટે શક્ય નથી ?' લતાથી પૂછ્યા વિના ન રહેવાયું.

'નિરંજન, લતા સાચું પૂછે છે. આજ લગી શક્ય હતું, હજી કશું બદલાયું નથી...પછી શા માટે...' સુરેશે વાક્ય પૂરું કરતાં પહેલાં લતા ભણી તાકીને જોયું. અને એ જોવાનું પૂરું થાય તે પહેલાં જ નિરંજનનો કંપતો કકળતો સ્વર વાતાવરણને ભેદી ગાજી ઊઠ્યો : 'સુરેશ,

મારે એ બધું નથી સાંભળવું. હું ગમે ત્યાં જઈશ, ગમે ત્યાં રહીશ; પણ જ્યાં લતા અને સુરેશ હોય ત્યાં નહિ જ. મારાથી એ નહિ બને—નહિ સહેવાય.'

'નિરંજન, તું ય સાવ સાચું કહે છે. લતા અને સુરેશ હોય ત્યાં નહિ જ. સુરેશ પણ એ જ કહી રહ્યો છે. નાહક શરીર અને જીવન ઘસી ન નાખો. જાવ, જ્યાં સુરેશ નથી ત્યાં જાવ. વધારે ખુલ્લા, વધારે બેધડક થઈ જાવ ને જીવો. જગતમાં ઊભા રહેવાને જ નહિ પણ ડંખરહિત ગુલાબી આનંદને અર્થે તમારે કાજે અનંત સૃષ્ટિ છે. જાવ ને ભોગવો.' સુરેશની વાણીમાં દર્દ હતું પણ એના મુખ પર સંતોષની રેખાઓ હતી. એણે જમણા હાથની બારીમાંથી બહાર જોયું. ગાડી ધીમી પડી હતી. સ્ટેશન આવી પહોંચ્યું હતું.

સુરેશે ફરી લતા ભણી જોયું. એની આંખોમાં સંમતિ વાંચી.

નિરંજને લતા ભણી જોયું. એની આંખોમાં ઠપકો વાંચ્યો.

કોણ જાણે કોણ સાચું હતું? કદાચ બંને ખોટા હશે! બંનેએ પોતાના મનની પ્રતિમા જ સામી આંખોમાં જોઈ હશે!

ટ્રેન અટકી. નિરંજન પોતાની બેઠક પર પડ્યો પડ્યો બોલ્યો: 'સુરેશ, લતા એના બાળકના પિતાને ત્યાં જ જશે.'

'હં...' પૂરતું સમજ્યા વિના ઊભો થઈ, વાંકો વળી પોતાનો બિસ્તરો વાળી તૈયાર કરતાં સુરેશે હકારો ભણ્યો.

'સુરેશ, આ શું?' લતાએ બાવરી બની પ્રશ્ન કર્યો, અને સફાળી ઊભી થઈ ગઈ.

'લતા, નિરંજન ઠીક કહે છે. તારા બાળકના પિતાને ત્યાં જ તું જશે.' બિસ્તરો વાળતાં વાળતાં જ સુરેશ બોલ્યો.

'એટલે?'

'એટલે—નિરંજનની સાથે...બાળકના પિતાની સાથે—ખરું ને?' શાંત અને સ્વસ્થ રીતે ખુલાસો કરતો હોય એમ સુરેશ ટટાર ઊભો થઈ લતાની સામે બરાબર તાકી રહી બોલ્યો.

'સુરેશ! તું ગાંડો થયો છે?' નિરંજને ચીસ પાડી સહેજ બેઠા થતાં પૂછ્યું.

સુરેશ જવાબમાં પહેલાં ખડખડાટ હસ્યો અને પછી બોલ્યો: 'હું ગાંડો થયો હતો તે હવે મટી ગયો છું. લતા પરનો માલિકીહક્ક ભોગવવાના મોહમાંથી હું છૂટો થયો છું. નિરંજન, લતા ક્યાં રહે, તું ક્યાં રહે એ હવે નક્કી કરવાપણું રહ્યું જ નથી. એ નક્કી થઈ જ ચૂક્યું છે. તમે જ બંને સાથે રહેવાને લાયક છો—સર્જાયેલાં છો.'

ગાડી ઊપડવાની વ્હીસલ વાગી. સુરેશે ઝટપટ બિસ્તરો બાંધી તૈયાર કર્યો.

નિરંજન ઢીલો પડી ગયો. શરીરને સુવાડી દેતો ભયંકર ચીસ પાડી બોલ્યો: 'સુરેશ, મારાથી લતાને નહિ લઈ જઈ શકાય. લતા, તું જા—જા—'

'ક્યાં?' લતાએ બંને હથેળી વડે પોતાની આંખો ઢાંકી દઈ એક ધ્રૂસકું ભર્યું.

'બાળકના પિતાની પાસે, બાળકના પિતાની પાસે.' એમ ને એમ પડ્યા પડ્યા નિરંજને બોલ્યા કર્યું.

'ત્યાં જ છે, નિરંજન! લતા ત્યાં જ છે—બાળકના પિતાની પાસે જ.' લથડતી લતાને નિરંજનની પાસે બેસાડી દઈ, અઢેલાવી દઈ સુરેશ બારણા પાસે ગયો.

ગાડી વેગ વધારી રહી હતી. સુરેશના મનનો વેગ પણ વધી રહ્યો હતો.

૮. લતા શું બોલી?

હૃદયનો વેગ યંત્રના વેગ કરતાં પણ વધારે હોય છે. ચાલતી—દોડતી ગાડીએ સુરેશે બારણું ઉઘાડ્યું, બિસ્તરો નીચે ગબડાવ્યો અને સળિયો ઝાલી તે એક પગથિયું ઊતરવા ગયો. બીજા ડબાઓની બારીઓ પાસે બેઠેલા મુસાફરો ચાલતી ગાડીએ ઊતરવા મથતા ઉપલા વર્ગના ઉતારુને જોઈ રહ્યા. પાટાની પાર આવેલી તારની વાડ પાસે બેત્રણ ગામડિયા ઉતારુઓ ચાલતા હતા તેઓ પણ ચમક્યા. સુરેશે નીચેના પગથિયા ઉપર ઊતરવા પગ લંબાવ્યો અને તેનો હાથ ઉપર ખેંચાયો.

'મારા સમ જે નીચે ઊતરે તેને. હું મરી જાઉં!'

નિશ્ચયપૂર્વક નીચે ઊતરતો સુરેશ ધ્યાનભંગ થયો. તેણે પાછળ જોયું. ભયત્રસ્ત લતાના મુખ ઉપરનો આવો આર્જવ તેણે કદી જોયો નહતો. ક્ષણભર તે લતાના મુખ સામે જોઈ રહ્યો. એ મુખ તેને ખેંચી રહ્યું હતું શું?

'પાછો આવ. તારા વગર નહિ જીવાય.' લતા ચીસ પાડી ઊઠી. તેણે સુરેશના હાથને વધારે બળથી ખેંચ્યો.

એકાએક સુરેશ ઉપર ચઢી ગયો અને બારણું બંધ કરી બેઠો. ક્ષણ રહી તે હસ્યો અને બોલ્યો:

'બિસ્તરો ગયો!'

'રાતે તો ઘેર પહોંચી જઈશું.' લતાએ કહ્યું.

'કોને ઘેર?' સુરેશે પૂછ્યું.

'મારે ઘેર. સુરેશ, તું અને તારું ઘર મારાં છો.' સુરેશનો હાથ ઝાલી લતા બોલી.

નિરંજન સૂતો હતો. માનસિક ઉત્પાત દેહને બહુ જ થકવી નાખે છે. સુરેશ અને લતા બન્ને ગાડીમાંથી નીચે કૂદી પડ્યાં હોત તોય

તેનાથી ઉઠાત નહિ એવી શિથિલતા તેના દેહમાં આવી ગઈ હતી. છતાં લતાએ સુરેશને પકડી રાખ્યો તે એણે જોઈ લીધું, અને લતાનો છેલ્લો ઉદ્‌ગાર સાંભળતાં તેની આંખ ઊઘડી જ ગઈ. તેના મુખ ઉપર કશી વિકૃતિ પણ થઈ આવી હોય એમ તેને લાગ્યું. એ શબ્દો તેને ગમ્યા? ના. એક ક્ષણ તેને એમ પણ થયું કે તે ઊભો થઈ સુરેશને ગાડીમાંથી નીચે ગબડાવી પાડે! પરંતુ એ ક્ષણિક આવેશ ઓસરી ગયો અને નિરંજન સૂતો જ રહ્યો.

'નિરંજન તો આરામથી સૂતો છે!' સુરેશે કહ્યું.

નિરંજનને આરામ હતો કે કેમ તે સહુ જાણતાં હતાં. નિરંજનને મન થયું કે તે બેઠો થાય અને પોતાના હૃદયને ચીરી તેમાં સળગતી જ્વાળા બતાવે! પરંતુ એ પ્રયોગ હનુમાન સિવાય કોઈએ કર્યો ન હોવાથી તે જવાબ આપ્યા વગર સૂતો જ રહ્યો. માત્ર તેણે પાસું બદલ્યું.

ગાડી આગળ વધી, અટકી, વળી પાછી ચાલી. એ ક્રમ કલાક, બે કલાક ચાલ્યો. નિરંજને આંખ ન ઉઘાડી. સુરેશે અને લતાએ આંખ ક્ષણભર પણ ન મીંચી. લતા અને સુરેશ અક્ષર પણ બોલતાં નહતાં. સુરેશે વાંચવાનો ડોળ કર્યો, પરંતુ પુસ્તકનાં પાન ઝડપથી ઊકલતાં નહતાં. તેના મનમાં એક વિચાર આવ્યા કરતો હતો: 'લતાએ નિરંજનનું પત્નીત્વ ભોગવ્યું: સુરેશને પકડી રાખવાનો—સુરેશને વળગી રહેવાનો લતાનો હવે અધિકાર ખરો કે નહિ? અધિકાર ન હોય તો શા માટે લતા તેને જકડી રાખતી હતી? લતાને પશ્ચાત્તાપ થતો હતો? જૂના સંસ્કારો લગ્નને પરમ આદર્શ માની અલગ્ન સંબંધને પાપરૂપે જોવા મથે છે. સુરેશના વૈજ્ઞાનિક હૃદયને પાપપુણ્ય બહુ પાસે રહેતાં જણાયાં. અણગમતા પતિ સાથે લગ્ન થઈ ગયાં હોય અને પત્ની એ પતિને બદલે ગમતા પુરુષ સાથે આનંદ મેળવે એમાં પાપ શાનું? પાપ તો એવા લગ્નમાં રહેલું હતું! પોતે નહિ પણ નિરંજન લતાનો પતિ હોવો જોઈતો હતો!'

'ત્યારે લતા શા માટે નિરંજન સાથે જતી ન હતી? શા માટે તેના ભાવિ બાળકના પિતાને છોડી તે માત્ર લગ્નના—વ્યવહારના પતિને

શોધતી આવી તેને વળગી પડતી હતી? કારણ શોધનારને—સમભાવથી કારણ શોધનારને તે જડી રહે છે. લતા અને નિરંજન ક્યાં જાય? જ્યાં જાય ત્યાં તેમનું સ્થાન વ્યભિચારી સમાજદ્રોહી તરીકેનું જ રહી શકે. અને લતાનું બાળક? એ પાપનું પરિણામ કે પુણ્યનું? પાપનું પરિણામ હોય તો? જીવન જન્મે તે કદી પાપ હોઈ શકે? જે કૃત્યની પાછળ માનવજીવનનું સાતત્ય સચવાયું છે એ કૃત્યને પાપ કહી સમાજ દૂષિત બનતો નથી શું? કુદરત કહેતી નથી કે એક જ પુરુષ અને એક જ સ્ત્રીથી જીવન ચાલુ રહેવું જોઈએ. લગ્ન, એક જ સ્ત્રીપુરુષના સહચારની મર્યાદા, કુદરતની બાંધેલી નહિ પરંતુ માનવીની બાંધેલી છે—અકુદરતી છે, કૃત્રિમ છે. લગ્ન એ શું જીવન—સ્ત્રીજીવન ઉપરની માલિકીનો અંશ છે? સ્ત્રી અને પુરુષ એમાંથી કોઈ તે ભૂલી શકતાં નથી. લતા વસ્તુ તરીકે પાછી આવતી હતી—સ્ત્રી તરીકે નહિ. પાળેલું જાનવર માલિકની પાસે ટેવને લીધે આવે છે, પોષણને માટે આવે છે, રક્ષણને માટે આવે છે. લતા એ જ ભાવથી સુરેશની પાછળ દોડી રહી હતી, નહિ?'

સુરેશે લતા સામે જોયું. તે ક્યારની સુરેશના મુખ સામે જોઈ રહી હતી. સુરેશના મુખભાવને તે વાંચતી હતી.

'શું વિચાર્યા કરે છે? કાંઈ બોલ તો ખરો.' લતાએ કહ્યું.

'બોલવું હોય તો નિરંજનને કહીએ. ક્યારનો સૂઈ રહ્યો છે. જગાડ એને. આવતાં સ્ટેશને ચા આવશે.' સુરેશે કહ્યું.

પરંતુ લતા ઊઠી નહિ અને તેણે નિરંજનને જગાડ્યો નહિ. નિરંજન અત્યારે આંખથી પણ અસ્પૃશ્ય બની ગયો હતો. લતા કોઈ વિચિત્ર ભાવથી સુરેશ સામે જોઈ રહી હતી.

'નિરંજન, ક્યાં સુધી સૂવું છે? બારી બહાર તો જો. બધી કવિતા નિરર્થક વહી જાય છે!' સુરેશે હસતાં હસતાં કહ્યું.

'મને સૂઈ રહેવા દો. નહિ તો હું ગાંડો બની જઈશ.' નિરંજને પાસું બદલી કહ્યું.

'હમણાં તો મને ગાંડો કહેતો હતો.'

'આપણે ત્રણે કાંઈક ગાંડાં ભેગાં થયાં છીએ.'

'મને બાતલ કરજે! મારી ઘેલછા મટી ગઈ છે.'

નિરંજન એકાએક બેઠો થયો. તેની આંખમાં ખરેખર ઘેલછા હતી. તે ફાટી આંખે બીક લાગે એવો અભિનય કરી બોલ્યો :

'ઓ સુરેશ ! ઓ લતા! તમે કોઈ મારું ખૂન કેમ કરતાં નથી ?

'મારે ફાંસીએ ચઢવું નથી. હજી જીવવાની ઇચ્છા છે.' સુરેશે કહ્યું.

'અને મારે મન નિરંજન મરી જ ગયો છે!' લતા બોલી.

'લતા, તું કેટલી ક્રૂર છે?' સુરેશે કહ્યું.

નિરંજને સુરેશ અને લતા બન્ને તરફ તાકીને જોયું. ગાડી થોભી અને નિરંજને ઊઠી બારણું ઉઘાડી નીચે ઊતરવા માંડ્યું.

'ક્યાં જાય છે?' સુરેશે પૂછ્યું.

'મરજી પડે ત્યાં.' નિરંજન બોલ્યો.

'નથી જવું. બેસ અહીં.'

'મને રોકવાનું કારણ?'

'તને એકલો નથી મૂકવો.'

'તારા વિજયનું પ્રદર્શન કરવા માટે?'

'મારો વિજય? પતિ તરીકે તો હું ક્યારનો પરાજીત બન્યો છું.'

લતાએ વ્યાકુળતાથી પોતાની બેસવાની જગા બદલી.

'તો તારી ઉદારતાનું પ્રદર્શન કરવા?'

'આ ઉદારતાને હજી સુધી જગત હીચકારાપણું કહે છે એ ખબર છે ને?'

'મને ન રોકીશ. કદાચ હું જ તારું ખૂન કરી બેસીશ.'

'તારા અને મારા સંસ્કાર એ મોજ પણ આપણને નહિ લેવા દે. છાનોમાનો બેસી રહે.' સુરેશ પોતાનું વાક્ય પૂરું કરી રહ્યો ત્યાં તો લતા પાટિયા ઉપર લથડિયું ખાઈ પડી. તેની આંખો સ્થિર બની, તેનો હાથ ખેંચાવા લાગ્યો અને તેનો શ્વાસ રૂંધાવા લાગ્યો. સુરેશ અને નિરંજન બન્ને તેની તરફ દોડ્યા. લતાને બન્નેએ પકડી રાખી ન હોત તો બેઠક ઉપરથી તે નીચે પડી ગઈ હોત.

ચાવાળો સુંદર સરંજામ સાથે ચા લઈ ડબામાં દાખલ થયો. બન્ને પુરુષો બેભાન યુવતીની સારવારમાં પડ્યા હતા. લતા બેભાન બની ખેંચાતી હતી.

'સાહેબ, શું થયું ?' ચાવાળાએ પૂછ્યું.

'સહેજ ફિટ આવી છે.' સુરેશે કહ્યું.

'પાસેના જ ડબામાં ડૉક્ટર છે. બોલાવી લાવું ?'

'હા, હા.' નિરંજન બોલ્યો. ચાવાળો ટ્રે મૂકી નીચે ઊતર્યો.

'નિરંજન, ડૉક્ટરને બોલાવી શું કરીશું ? બે પુરુષો વચ્ચે એક સ્ત્રી મરી રહી છે ! ત્રીજો પુરુષ આવી શું તેને જિવાડશે ?' સુરેશ બોલ્યો.

પાસેના જ ડબામાંથી એક ડૉક્ટર પોતાની બૅગ લેઈ ચઢી આવ્યા. ડૉક્ટર આવે એટલે સહુએ દર્દીની સારવાર ડૉક્ટરને જ સોંપી દેવી જોઈએ. ડૉક્ટરે લતાને તપાસી. ગાડી ચાલવા માંડી. તે સાથે જ લતા જાગૃત થઈ ગઈ. તેને પ્રથમ તો સમજ ન પડી કે તેને શું થયું હતું. સુરેશ અને નિરંજન સાથે અજાણ્યા પુરુષને ઊભેલો જોઈ તેને પ્રથમ આશ્ચર્ય થયું. ડૉક્ટરે કહ્યું:

'ગભરાશો નહિ. હવે સારું છે.'

લતા સહેજ હસી—તેને સમજાયું કે તે થોડી ક્ષણ જગત અને જગતનાં દુ:ખ વિસારે નાખી ભાનરહિત બની હતી. એવી અને એવી અભાન સ્થિતિ ચાલુ રહે તો ? તે બેઠી અને ચાનો સામાન જોઈ બોલી:

'ચા ટાઢી પડશે. હવે પીવા માંડો.'

'તમારે જરાપણ કાળજી ન કરવી. મન અને શરીર શાન્ત રાખવાં.' ડૉક્ટરે કહ્યું.

'એને ચા અપાય કે નહિ?' સુરેશે પૂછ્યું.

'નર્વ્ઝને ઉશ્કેરનારી ચીજ ન અપાય તો સારું. પરંતુ થોડા પ્રમાણમાં ચા આપશો તો હરકત નથી.'

સુરેશે ચા તૈયાર કરી. ચાલતી ગાડીએ ઉપલા વર્ગમાં પણ ચા પીવી એ દેહસ્થિરતાનો ભારે પ્રયોગ છે. પ્યાલા ત્રણ જ હતા. એટલે લતાએ કહ્યું:

'તું રહી ગયો. હું આવતે સ્ટેશને પીશ.'

'આપણે વહેંચી લેઈએ.' નિરંજને કહ્યું.

'અરે, તમે તમારે પીઓ. આમાં જોઈએ એટલું પાણી અને દૂધ છે.' સુરેશે કહ્યું.

ડૉક્ટરે ધીમે ધીમે વાતો કરવા માંડી. સુરેશ અને લતાનો તેમણે પરિચય કરી લીધો. નિરંજન દેખાવ પૂરતી વાત કરતો હતો. ડૉક્ટર પણ આબુથી જ આવતા હતા અને અમદાવાદ ઊતરવાના હતા. તેમના ડબ્બામાં તેઓ એકલા જ હતા એટલે તેમને એકાંત લાગ્યા કરતું હતું. સુરેશ, લતા અને નિરંજન જેવા સહમુસાફરો મળે તો ગાડીનું એકાંત ટળી જાય એમ હતું.

ડૉક્ટર પોતાના ખાનામાં ગયા જ નહિ. છેલ્લું સ્ટેશન આવતાં સુધી તેઓ બેઠા, અનેક પ્રકારની તેમણે વાતો કરી, અને એકાંત માગતાં ત્રણે મુસાફરોના એકાંતમાં ભંગ પાડ્યો. છેલ્લા સ્ટેશને તેઓ નીચે ઊતર્યાં અને સુરેશને નીચે બોલાવ્યો.

'સુરેશભાઈ, તમે કોણ છો તે હું જાણું છું.' ડૉક્ટરે કહ્યું.

'હા જી. આટલા પરિચય પછી આપ જેવા જરૂર એ સમજી જાય.'

'એમ નહિ. તમને મળતાં પહેલાંનો હું તમને ઓળખું છું. તમારા સંબંધમાં આબુના સહેલાણીઓમાં અનેક જાતની વાતો થતી હતી.'

'હવા ઉપરાંત બીજાંઓની વાતો કરવી એ આવાં સ્થળોનો એક આનંદ છે.'

'હશે. પણ જો તમારે તમારી પત્નીને જીવતી રાખવી હોય તો તમે normal બની જજો.'

'એટલે?'

'જોતા નથી એ કયા દિવસો પસાર કરે છે તે? કાં તો જીવ કે કાં તો મગજ ગુમાવી ન બેસે એટલું જોજો.'

*　　　*　　　*

સુરેશ જરા ગંભીર બની ગયો. લતા નિરંજનને ચાહતી છતાંય સુરેશ લતાને ચાહતો હતો. તેના સુખને માટે તે સર્વસ્વ આપી દેવા તૈયાર હતો. ડોક્ટરે કહ્યું તે પ્રમાણે તે normal ન બની શકે? નિરંજનને તે ચાહતી હતી એ વાત તે ભૂલી ન શકે? પુરુષના દોષ સ્ત્રીએ ભૂલવા એવી નીતિ લાંબા સમયથી શીખવાય છે. સ્ત્રીના દોષ પુરુષે પણ ભૂલવા એ નીતિ પુરુષવર્ગે ગ્રાહ્ય કરવાની શું જરૂર નથી? વ્યભિચારની ક્ષમા એકલા સ્ત્રીવર્ગ પાસેથી જ ખેંચી લેવાની? કે પુરુષે પણ એ ક્ષમા કેળવવાની જરૂર છે? અને વ્યભિચાર એ શું મોટામાં મોટો જ દોષ છે કે જેનું પ્રાયશ્ચિત્ત લીલા ઝાડના થડની સાથે જીવતાં સળગી જવાથી જ મળી શકે? લોભ, કંજુસાઈ, હલકટપણું, અનુદાર સ્વભાવ એ બધાં દોષની સાથે સરખાવતાં નૈતિક સ્ખલન શું એટલો ઉગ્ર દોષ છે કે જેને લીધે સહુનાં જીવન ઝેર બનાવવાં? કે આ બધા વિચારો degenerate-તવાઈ ગયેલા માનસના પ્રત્યાઘાતરૂપ છે?'

'જે હોય તે, લતા સાથે normal બનવું એ જ નિશ્ચય!' મનમાં સુરેશ બોલ્યો અને ચાલવા માંડેલી ગાડી ઉપર ચઢી ગયો. જાણે તે રહી જતો હોય એમ લતાએ આતુરતાપૂર્વક તેને અંદર ખેંચી લીધો.

'શું કરે છે તું? આ ખેંચાખેંચી શી?' સુરેશ જરા હસીને બોલ્યો.

'મારા મનમાં કે તું પાછો રહી જશે.' લતાએ કહ્યું.

'હું જરા પણ રહી નહિ જાઉં. તારી સાથે અને સાથે જ રહીશ. પછી કાંઈ?'

લતા સુરેશ સામે જોઈ રહી અને કાંઈ જ બોલી નહિ. નિરંજન સ્ટેશનના દીવા જોવા લાગ્યો.

અમદાવાદ આવ્યું અને બધો સરસામાન ઉતાર્યો. સુરેશ, લતા અને નિરંજન પણ ઊતર્યાં. બહાર નીકળતાં ઘોડાગાડીઓ ભાડે કરવી પડી, કારણ મોટરકાર મોકલવાનું અગર પોતે આવશે એવું કોઇને લખ્યું ન હતું. ગાડીમાં બેસતાં જ નિરંજન અદૃશ્ય થયેલો દેખાયો.

'નિરંજન ક્યાં?' સુરેશે પૂછ્યું.

'આટલામાં જ હશે.' લતા બોલી.

'કાંઈ દેખાતો નથી.' સુરેશે ચારે પાસ જોયું. સ્ટેશન ઉપર તે પાછો જઈ આવ્યો. પરંતુ નિરંજનનો પત્તો લાગ્યો નહિ. ગાડીવાળો ઉતાવળ કરતો હતો છતાં પા કલાક નિરંજનની શોધમાં તેણે વીતાવ્યો. અંતે લતા પાસે આવી તેણે કહ્યું:

'નિરંજન ચાલ્યો ગયો લાગે છે.'

'એની મરજી!' લતા બોલી.

સુરેશ જરા સ્તબ્ધ થયો. લતા આટલી ઝડપથી નિરંજનને ભૂલવા મથતી હતી એ જોઈ તેને નિરંજનની દયા આવી.

'પણ એ જશે ક્યાં?'

'એની ઓરડીએ.'

નિરંજન વિના જ સુરેશ અને લતા બંને ઘેર ગયાં. ખોવાયેલી લતા જાણે પાછી પોતાના સ્થાને આવી હોય એમ તેને લાગ્યું. પરંતુ એ જીવતી લતા આવી હતી? કે મસાણની રાખ અગર કબરનો પથ્થર બની આવી હતી? ઘરમાં આવતાં બરોબર તો બંને જણે એક પ્રકારની શૂન્યતા અનુભવી. સુરેશે કહ્યું:

'હું નિરંજનની ખબર કાઢી આવું.'

'નવ તો વાગી ગયા છે. હવે સવારે જજે.' લતા બોલી.

'ના, ના; મારો જીવ રહેતો નથી.'

'કલાકમાં પાછો આવજે. મારાથી એકલાં નહિ રહેવાય.'

'વારુ.'

સુરેશ ગયો, અને લતાએ ખાલી બારણું અડકાવ્યું. એ જ બારણું વાસતાં તેણે અને નિરંજને પરસ્પરની દેહભૂખ શમાવી હતી. એ માત્ર દેહભૂખ હતી? ત્યારપછી તે દિવસો સુધી—લગભગ ગઈકાલ સુધી, નિરંજનમય બની ગઈ હતી. સુરેશમાં કશી સાંસ્કારિક ઊણપ હતી જે નિરંજન પૂરી પાડી શક્યો? કે પછી એવા વિકાર એ સર્વે સ્ત્રીપુરુષના સામાન્ય એકાંત ભાવો હશે? પુરુષોની માફક સ્ત્રીઓ પણ વૈવિધ્ય ચાહતી હશે? લતાને બીક લાગી. તે સહેજ કંપી ઊઠી. ફરીથી બેભાન બની જવાશે એવો તેને ભય લાગ્યો. તે ઊઠીને બારીએ જોવા લાગી. રસ્તા પરના આછા પ્રકાશમાં શું તેણે નિરંજનને આવતો દીઠો? તે એકાએક દોડી બારણા પાસે ગઈ અને બારણાને તેણે મજબૂતીથી બંધ કર્યું. સાંકળ, આગળો અને સ્ટૉપર ત્રણે વાસી દીધાં. અને બારણા ઉપર એકબે ટકોરા વાગ્યાનો ભણકાર તેને લાગ્યો છતાં તેણે બારણું ઉઘાડ્યું નહિ. નિરંજન સાથેના એકાંતની તક તે ફરી ઇચ્છતી નહતી. લતાને એ પ્રસંગ ઉપર કમકમી કેમ આવી? લતાના દેહમાં શું એ પ્રસંગ છુપાયો હતો?

કુદરતે સ્ત્રીને ચાડિયણ કેમ બનાવી હશે? પુરુષ પોતાના કાર્યનો કોઈ કુદરતી જવાબ કેમ ન આપે? પણ એમ નથી ત્યાં સુધી તો સ્ત્રીએ જ નૈસર્ગિક જવાબદારી જોડવાની. સંતતિનિયમન એ જવાબદારી ઓછી કરે એ ખરું. પરંતુ એ નિયમનને ન ગણકારતી પ્રસંગ પ્રસંગની ઉગ્ર વાસનાથી કેમ બચાય? ધર્મ, પતિવ્રતાપણું, સત, શિયળ...એ ભાવનાનો પુનરુદ્ધાર...

બારણે જોરથી ટકોરા વાગ્યા. લતા વિચારમાંથી જાગ્રત થઈ. કોણ હશે એની કલ્પનાએ તેને સહેજ મૂંઝવી.

'અરે લતા!' સુરેશનો અવાજ સંભળાયો.

લતાએ દોડીને સાંકળ ભોગળ ઉઘાડી.

'સૂઈ ગઈ હતી?' સુરેશે પૂછ્યું.

'ના.'

'મેં બારણા ઉપર કેટલીવાર ટકોરા માર્યા?'

'મારાથી સંભળાયા નહિ.'

'અને આવી મજબૂતીથી બારણાં વાસવાનું કારણ?'

'તારા સિવાય બીજા કોઈ પુરુષને મારે ઘરમાં આવવા દેવો નથી!'

'બીજી સ્ત્રીને તો આવવા દઈશ ને?' સુરેશે હસીને પૂછ્યું.

લતા સુરેશ સામું જોઈ રહી. સુરેશ બીજી સ્ત્રી લાવે તો લતા તેને આવકારી શકે કે નહિ? લતાના હૃદયમાં સહજ ઝેર વસ્યું, પણ તે સાથે જ સુરેશની ઉદારતાનો ખ્યાલ આવ્યો.

'તને સુખી જોવા તું કહીશ તે કરીશ.' લતા એકદમ બોલી ઊઠી.

'નિરંજન તો એની ઓરડીએ આવ્યો જ નથી.' સુરેશ બોલ્યો.

'હવે નિરંજનને ભૂલી જાઓ.' લતા બોલી.

'એમ?' લતા સામે તાકીને જોઈ સુરેશ બોલ્યો.

'એવું તાકીને ન જોઈશ. મને બીક લાગે છે.'

'સારું. તું કહે તેવી રીતે જોઈશ.'

'મારા સામું જોઈશ જ નહિ.'

'કેમ?'

'મને મરવાનું મન થાય છે.'

'ચાલ, ચાલ હવે. કાંઈ ખાઈશું પીશું કે નહિ?' સુરેશે norma બનવાનો પ્રયત્ન કર્યો.

બેત્રણ દિવસ પછી ગાડીમાં મળેલા ડૉક્ટર રમેશ મળવાને આવ્યા. તેમણે લતાની ખબર પૂછી, અને તેને દવા પણ લખી આપી. સુમનરાય અને સુરેખા પણ તેમને મળી ગયાં, અને મૈત્રી વધારતાં ગયાં. સિદ્ધપુરના

મેળાનું તેમણે વર્ણન કર્યું, અને ત્યાં સુરેશના મિત્ર નિરંજનને નિહાળ્યાની પણ હકીકત કહી.

'એ ભાઈ તો સાધુઓભેગા ફરતા હતા.' સુમનરાયે કહ્યું.

'એ છે જ એવો. ધૂની છે. કવિતાનો શોખીન છે. થોડા દિવસ એ અનુભવ લેશે.' સુરેશે જવાબ આપ્યો.

'તમે પણ ઓછા ધૂની નથી. એકાએક આબુથી નાસી ગયા. લતાબહેનને પણ મેં પાછાં ત્યાં જોયાં નહિ.' સુમનરાય બોલ્યા. લતાબહેનોને નિહાળવા કંઈક સુમનરાયોનાં મન આતુર રહે છે. પીળું એટલું સોનું નહિ, અને સોનું હોય તે બધું આપણું નહિ એવી ઉમ્મર સાથે વધતી ઉદારતા ધરાવનાર સુમનરાય પીળાશને અને પારકા સોનાને નિહાળવા માત્રમાં આનંદ મેળવતા હતા. તેમણે અને તેમનાં પત્નીએ આ ઘરમાં વારંવાર આવવા માંડ્યું.

રેવામાસીને લઈને કુસુમ પણ સુરેશ તથા લતાને મળવા આવી ગઈ. રેવામાસી પાસેના મંદિરમાં દર્શન કરવા ગયાં, અને સુરેશે તાજું આવેલું સમાચાર પત્ર વાંચવા માંડ્યું.

'કુસુમબહેન આવ્યાં છે અને તમે શું વાંચ્યા કરો છો?' લતાએ કહ્યું.

'બહુ જાણવા જેવા સમાચાર છે.' સુરેશે જવાબ આપ્યો.

'શા સમાચાર?' કુસુમે પૂછ્યું.

'ત્રણત્રણ વર્ષથી રાહ જોતા ટી. ટી. ઈ.ના જીવનમાં આશાનો ઉદ્ભવ!' સુરેશ જાણે વાંચતો હોય એમ બોલ્યો.

'શું? શું? ટી. ટી. ઈ. કયો વળી? શાની આશા?' કુસુમે જરા ભવાં ચઢાવી પૂછ્યું.

'ટી. ટી. ઈ. મોહનલાલને પોતાની વર્ષગાંઠને દિવસે કુસુમે આપવા ધારેલી ભેટ!'

'જાઓ, જાઓ. નાહક ચીઢવો છો તે.' કહી કુસુમે ઝપટ મારી છાપું ફાડી નાખ્યું.

'મારે મોહનલાલની સિફારસ કરવાની છે. મેં તેને વચન આપ્યું છે.' સુરેશે હસતાં હસતાં કહ્યું.

'કરી સિફારસ ! હું તે વળી એવાને પરણું ?'

'ત્યારે તમે કેવાને પરણો ?' લતાએ પૂછ્યું.

'લતાબ્હેન, તમે એક સરસ પુરુષને લઈ બેઠાં છો તે તમે નહિ સમજી શકો ?' કુસુમે કહ્યું.

'Thank you for the compliment' સુરેશે હસી કહ્યું.

લતાની પાસે જવાબ ન હતો. સુરેશ એક સરસ પુરુષ હતો. છતાં...છતાં...નિરંજન એક સમયે તેને વધારે ગમી ગયો હતો એ શું ? અને સુરેશ આવી કોઈ કુસુમને કોક ક્ષણે ચાહી બેસે તો તેમાં શી નવાઈ ? કુસુમના ગયા પછી સુરેશે કહ્યું પણ ખરું :

'લતા, આ કુસુમ મને પરણવા ધારતી હતી.'

'હું જીવું છું છતાં ?'

'હા. રેવામાસીની જ નહિ પણ કુસુમની યે ઇચ્છા તારા ઉપર આવવાની હતી...અને હજી છે.'

'અને તારી ઇચ્છા...?'

'આજ નથી. પણ એક વખત હતી ખરી. તું ચાલી ગઈ તે દિવસે હું જ રેવામાસીને કહી આવ્યો હતો.'

'હં...'

'એટલે, તારા મનમાં એમ હોય કે તું એકલી જ દૂષિત છે તો તે ભૂલી જજે. દૂષિત હોઈએ તો આપણે બન્ને છીએ. મેં પણ પરસ્ત્રી ઇચ્છી હતી.'

'ઘણો ફેર !' મુખ ફેરવી લતા બોલી.

'જરાય નહિ. વિચાર અને કાર્ય બહુ પાસેપાસે વસે છે. તક મળતાં વિચાર આચાર બની જાય છે. એટલે આપણે બંને પાપી મનુષ્યો બહુ સારી રીતે ભેગાં રહી શકીશું.'

લતાએ બહુ દિવસે સુરેશની છાતી ઉપર પોતાનું મસ્તક નાખી દીધું. સુરેશે તેને ભાવપૂર્વક ઝીલી રાખી. થોડી ક્ષણો વીતતાં લતા ખસી ગઈ, અને સુરેશે હસીને કહ્યું :

'જો, આમ બહુ વળગીશ નહિ. એમાં ભય છે.'

'કેમ?'

'આ એક પ્રાણલાલ નામના કાર્યકર્તાનો એકરાર આ છાપામાં આવ્યો છે.'

'પ્રાણલાલ? બ્રહ્મચર્યાશ્રમવાળા?'

'હા, એ જ. તું ઓળખે છે? એમનું સ્ખલન થયું અને તેથી બ્રહ્મચર્યાશ્રમ છોડી એ જ સ્થાને ગૃહસ્થાશ્રમ માંડી તેઓ જાહેર જીવનમાંથી નિવૃત્ત બન્યા છે!'

'નફ્ફટ!'

'શા માટે? બિચારો પ્રામાણિક છે.'

*　　　*　　　*

ભગ્ન જીવનને આમ સમારી શકેલા સુરેશે એક દિવસ આખી રાતના ઉજાગરાને અંતે સાંભળ્યું કે લતાને બાળકી અવતરી છે.

એક નવો કોયડો! બાળકી એટલે ભાવિ સ્ત્રી! અને સ્ત્રી એટલે પુરુષો વચ્ચેની ખેંચતાણમાં જીવન વીતાવતું કુદરતનું અણમાનીતું સત્ત્વ! ક્ષણવાર તો સુરેશને જૂની ઢબનાં માત-પિતાની માફક બાળકી ગમી નહિ.

લતાએ તેને થોડી વારમાં પાસે બોલાવ્યો. લતાની પાસે એક નાનકડું રૂપાળું બાળક રમતું હતું. થરથરતે પગે સુરેશ લતા પાસે આવ્યો. ભયંકર શાન્તિ વચ્ચે નવીન જીવન હસી રહ્યું હતું.

'જો, જો તો ખરો ! કોના જેવું મોં છે ?' લતાએ પૂછ્યું.

'કોના જેવું ? મને ન સમજાયું.' સુરેશનું હૃદય ધડકી રહ્યું હતું. તે બાળકીમાં નિરંજનની પ્રતિમા કલ્પી રહ્યો હતો.

'કોના જેવું તે તારા જેવું ! એટલુંયે પરખાતું નથી ?'

'નિરંજન જેવું નહિ હોય ?' અટકી અટકીને સુરેશે પૂછ્યું.

લતા એ પ્રશ્નની કલ્પના કરી ચૂકેલી હતી. તેણે તત્કાળ જવાબ દીધો :

'ના, તારા જ જેવું.'

'એમ કેમ ?'

'મારા હૃદયમાં તું જ જડાયેલો છે !'

'શાથી ?'

'હવે મને સમજાયું. નિરંજન માત્ર કવિતા ગાતો; તું કવિતાને જીવન સાથે જડી શક્યો છું માટે.'

હસતા બાળકને સુરેશ જોઈ રહ્યો. જે બાળકની માતા લતા હોય એ બાળક તેને મન સર્વદા આવકાર અને આશીર્વાદને પાત્ર લાગ્યું. લતાના બોલ તેના કાનમાં ગૂંજી રહ્યા.

લતામંડપ

ઉમાશંકર જોષી

[મુંબઈની મલબારહિલ પડખેનો દક્ષિણપશ્ચિમ તરફનો એક એકાંત લતામંડપ. સાંજના સૂરજને વળગવા ચોપાટીના સમુદ્રની મંદ તરંગમાલા ઊછળે છે ને નિષ્ફળતા પામી બેવડી શરમથી લાલલાલ થઈ જાય છે. કિનારાના રેતીપટ ઉપર કીડિયારું ઊભરાયું છે. દૂર મરીનડ્રાઈવનાં તોતિંગ મકાનો દીવાસળીનાં ખોખાં ગોઠવ્યાં હોય એમ ઊભાં છે. ક્યાંક કોઈ બારીના કાચ સૂરજનાં છેલ્લાં કિરણે સળગી ઊઠ્યા છે.

એક જુવાન હળવી ચાલે ટેકરી ચડતો આ મંડપ તરફ ધસી રહ્યો છે. એના એક હાથમાં સારોયાનનો વાર્તાસંગ્રહ 'ધી ડેરિંગ યંગ મેન...' અને ખાદીની ટોપી છે. ખાદીનું ઝીણું ધોતિયું ને રેશમી પહેરણ. તીક્ષ્ણ કૌતુકવતી દૃષ્ટિ. પણ હસે ત્યારે તમારી ટીકા કરે છે કે શું એવું તમને થાય કદાચ. એનું નામ ગુલાબદાસ બ્રોકર. પોત બ્રોકર કરતાં ગુલાબનું વિશેષ]

ગુલાબદાસ: (આમતેમ જોઈ) કોઈજ આવ્યું લાગતું નથી! જૂનો ટાઈમ ન સમજ્યા હોય તો સારું. (શહેર તરફ પીઠ કરી, મંડપ તરફ જોઈ.) લતા, તું તો ન બોલી. તું શું બોલે? પણ હું તો બોલીશ જ.

સુન્દરમ્: (પ્રવેશીને) પણ કોઈ સાંભળનાર હશે તો બોલશોને?

[ડાબે હાથે લેંઘો ઊંચો ચડાવતા પાસે આવે છે. પહેરણ ઉપર જાકિટ, ને કાખમાં છત્રી. વાત કરતાં પણ જાણે ધ્યાનમાં હોય એમ ઢળતાં પોપચાં. મોંગોલ જેવાં મજબૂત જડબાં. બોલે જાણે ગાતા હોય એવું.—હસે ત્યારે સાવ નિર્દોષ]

ગુલાબદાસ: સાંભળનાર તો કોઈ હોવાનું જ. જુઓ, આ તમે જ નીકળ્યા ને? અને આખુ ઉપર લતા સુરેશ પાસેથી સરકીને રાતે નિરંજન જોડે સંતલસ કરતી હતી ત્યારે સુરેશ પાછળ છૂપો છૂપો આવીને બધું સાંભળી જ ગયો હતો ને?—તમારા જ કહેવા પ્રમાણે.

સુન્દરમ્: તમે તો બસ લતા લતા જ ઝંખો છો. બાકી મને વચ્ચે લાવતા હો તો કહું કે મેં તો તમે ગૂંચવેલું કોકડું ઉકેલવા પ્રયત્ન કર્યો.

ગુલાબદાસ: કે વધુ ગૂંચવવા?

સુન્દરમ્: ગૂંચવવામાં મને શો રસ?

ગુલાબદાસ: સુન્દરમ્! જરી સત્યમની પેઠે બોલો. તમને લતામાં રસ ન હોત તો તમે...

સુન્દરમ્: (વચ્ચેથી) લતામાં?

ગુલાબદાસ: ત્યારે કુસુમમાં? તો તેમ કહો.

સુન્દરમ્: લતા કે કુસુમ મારે તો કોઈથી લાગે વળગે નહિ. મારૂં કહેવું એટલું કે સુરેશ જેવા matter-of-fact માણસને લતા જેવી અસાધારણ સ્ત્રી ન હોય એટલે તો હું કુસુમ શોધી આવ્યો. એના જેવી કોઈ એને તો જોઈએ.

ગુલાબદાસ: તમે તો વાત જ બીજે પાટે ચડાવતા નથી? લતા અસાધારણ છે એની ના જ કોને છે? તેથી તો મેં સુરેશલતાના લગ્નજીવનમાં અસાધારણ જુવાન નિરંજનને ધકેલી દીધો.

સુન્દરમ્: કે હોમી દીધો?

ગુલાબદાસ: એ તો એ જાણે ને એનું તકદીર જાણે. પુરોહિત તો પરણાવી આપે. કાંઈ સંસાર ચલાવી આપે?

સુન્દરમ્: ત્રણેને તમે સાથે ને સાથે ફેરવો, સિનેમાની ટિકિટો ત્રણેની સાથે કઢાવી દો, કવિતાના ફુવારા ઉડાવરાવો, પછી એમાં તકદીરે બિચારૂં શું કરે? અને નિરંજનને તમે પરણાવ્યો એમ કહો છો?—જોકે લતા સાથે સંસાર તમે જરૂર ચલાવી આપ્યો છે.

ગુલાબદાસ: ત્યારે તમે છતી લતાએ આબુ ઉપર સુરેશ પાસે રેવામાશી આગળ બીજી કન્યા માટે માગણી કરાવી એનું નામ પરણાવવું? ઠીક થયું કે વાત પાટે આવી જ નહિ. નહિ તો દેખત કેમ તમે સંસાર ચલાવી આપો છો?

સુન્દરમ્: એ તો સમજ્યા! લતા એ લાગની જ હતી; નિરંજન એનો ઉપયોગ કરી એનો હાથ ઝાલે નહિ, અને પતિ–સુરેશ બીજીનો–કુસુમનો હાથ ઝાલે.

ગુલાબદાસ: જુઓ, એમાં લતાનો યે કાંઈ વાંક નથી. વાંક છે લતાના લાવણ્યનો. નિરંજન પણ શું કરે? માથું ઓળે ને એક લટ ખાસ છૂટી મૂકે. ચાલે જાણે નાચતી હોય એમ. લાંબી સેરનું ફૂમતું ઊછળ્યા જ કરે.

[અવાજ: 'ઓ રે!']

પાતળી કાયા. આંખો ઊંડેઊંડેથી કાંક ગોત્યા જ કરે. લતા તો લતા જ.

(આમતેમ નજર કરે છે)

સુન્દરમ્: શું જુઓ છો? લતા?

ગુલાબદાસ: કોઈક લાગે છે. હું જોઉં. (ડાબી બાજુ જાય છે)

એક સ્ત્રી: (જમણી બાજુથી પ્રવેશતાં) મારૂં વર્ણન પૂરૂં થયું હોય તો હવે હું આવી શકું?

સુન્દરમ્: (ચમકે છે. છતાં દફતરમાંથી વાંચતા હોય એમ) કેમ તમે જ શ્રીમતી લતા?

લતા : હા. કેમ ?

સુન્દરમ્ : ગુલાબદાસ, આ લતા તો જીવતું પાત્ર છે. કલ્પનાનું નથી ત્યારે ? તમે મને છેતર્યો.

ગુલાબદાસ : (આવીને) જીવનમાં છે માટે જ કલ્પેલું ને ? લતાબેન, તમે 'ઓ રે !' એવો અવાજ કરેલો ?

લતા : હા, મારો છેડો ફૂલછોડ સાથે ભરાયેલો ને પડતાં પડતાં હું બચી. થોડા મહિના ઉપર જ સુવાવડમાંથી ઊઠી છું.—

સુન્દરમ્ : એવું સાંભળ્યું છે.

લતા : અને ડૉકટરે સાંજે ફરવાનું ફરજિયાત કર્યું છે. ફરવાનું જ નહિ, (મંડપ તરફ આંગળી કરીને) આટલેક સુધી ચઢવાનું.

ગુલાબદાસ : ત્યારે તમારી જ જગા અમે પચાવી પાડી લાગે છે. બેસો, બેસો. મળવાથી બહુ આનંદ થયો (લતા બેસે છે, આરામથી હાશ કરે છે)

સુન્દરમ્ : અમદાવાદ નથી રહેતાં હવે ?

લતા : (સ્વપ્નમય મુખમુદ્રાથી) હમણાં નોકરી અહીં બદલાઈ છે. પણ તમને તો અમારી બધી ખબર હોય ! મને પણ બહુ આનંદ થયો.

સુન્દરમ્ : કલ્પનાનાં પાત્રો જીવનમાં મળે એથી કોને આનંદ ન થાય ? અને આ શકુન્તલા જેમ પરિધાન ભરાયાનું જાણીને પણ ?

ગુલાબદાસ : અમે લોકો અહીં બેસીએ તો વાંધો નથી ને તમને ?

લતા : લોકોમાં તો તમે બે ને ? હું યે કેવી છું ? મારું નામ તમે જાણો છો ને તમારાં તો પૂછવાં યે ભૂલી ગઈ !

સુન્દરમ્ : આ ભાઈ ગુલાબદાસ બ્રોકર અને —

ગુલાબદાસ: આ કવિશ્રી સુન્દરમ્. અન્ય સાહિત્યકારો પણ આવવામાં છે. અમે અમારી વાર્તા 'લતા' પૂરી કર્યા બદલ એકમેકને અભિનંદન આપવા મળવાના હતા...તમારો જ ભેટો થઈ જશે એની તો કલ્પના યે નહિ.

લતા: હવે હું પૂછું? હું બેસું એનો તમને તો વાંધો નથી ને? હોય તોયે પાએક કલાક તો મારે આરામ જોઇશે જ. (વારા ફરતી ટીકીને બંનેને જુએ છે) એ...મ ત્યારે! તમે તો આપણા આશાસ્પદ લેખકો! તમારી સાથે મારે નિરંજનનું શીખવ્યું યાદ કરી સાહિત્યિક ઢબે વાત કરવી જોઈશે.

સુન્દરમ્: ગ્રૈણ ઢબે કરશો તો ચાલશે.

લતા: એમ રાખીએ. આ તમે શકુંતલાની વાત કરી તે પરથી મને સૂઝે છે. માફ કરજો, હં! પણ કાલિદાસે લતામંડપનો ઈશારો અમથો કર્યો છે. અને ત્યાં ભાવિ ભરતનાં માતપિતા મળ્યાં હશે એમ આપણી કલ્પના ઉપર છોડી દીધું છે.

સુન્દરમ્: તમારી કલ્પના સાચે રસ્તે જ છે.

ગુલાબદાસ: નિરંજનના પ્રતાપ!

લતા: પણ આ તમને ગુજરાતના લેખકોને તે થયું છે શું કે કાલિદાસે જે સૂચનથી કર્યું તે ચોકખું ન કરી આપો ત્યાં સુધી તમને ચેન જ ન પડે!

ગુલાબદાસ }
સુન્દરમ્ } : એટલે?

લતા: મારે પણ તમારા લેખકોની જેમ ચોકખું કરી આપવાનું, એમ કે? મારો જ દાખલો લો. આ તમે બંને યે હાથમાં ચોથિયું કાગળ ને પેન લીધી કે સીધા જ મારા શયનગૃહમાં!

એટલી સરળતા તો નિરંજનને, એનો અઢળક સાહિત્યપ્રેમ હોવા છતાં, ન હતી ! —અરે મારા પતિને પણ ભાગ્યે જ હશે.

સુન્દરમ્ : અમારે તો પાત્રનું જીવન જ્યાં ઉત્કટતાથી જીવાતું હોય ત્યાં જવું.

ગુલાબદાસ : તમારી બાબતમાં શયનગૃહ એ સ્થળ હતું.

લતા : બહુ સારી વાત! મોંમાં આંગળાં નાખીને બોલાવો છો તો કહું છું. નિરંજન આવ્યો ને મેં આગળો વાસ્યો એ તમે જોતા હતા તો તમે જ આવીને કેમ ઉઘાડ્યો નહિ એમ હું તમને નહિ પૂછું. પણ તમારી જોવામાં કાંક ભૂલ થઈ નથી? મેં બંધ કર્યો એ ખરૂં. હું તો જોતી હતી કે નિરંજન કેટલામાં છે. પણ પછી ખોલી નાખવા ગઈ ત્યારે એણે જ હાથ આડો ધર્યો ન હતો?

ગુલાબદાસ : હું તો માનતો હતો કે નિરંજન ખોલી દેવા જતો હતો.

લતા : એ તો તમારી પુરુષ તરીકેની ખુમારી છે. નિરંજન પણ આબુ ઉપર તમારા કોઈ કવિનું ગણગણતો :

ઊભી હતી તું ઢળતી લતા સમી
ત્યાં બારસાખે રજકાય ટેકવી.

... ...

ક્યાં સ્પર્શવો? ક્યાં ગ્રહવો? તને તે
નડી શકી ગૂંચ ન લેશ ત્યારે.

સુન્દરમ્ : તમે ટીકા કરવા માંગો છો?

લતા : કવિ, આમ તે ચાલે? આબુ ઉપર સુરેશ મને લઈ ગયો ત્યાં તમે ફરી નિરંજનને ને અમને ભટકાડી દીધાં. પણ રાતે નિરંજનની પાસે મને ન મોકલી હોત તો ન ચાલત?

સુન્દરમ્: તમે જ કહો ? સુરેશ અને તમે બે હો ત્યાં રાતે નિરંજન આવી યે શકે ખરો?

લતા: પણ, કવિશ્રી! એટલું અમથું કરવા માટે મારે રાત માથે લેવાની જરૂર શી હતી? દિવસે પણ...સુરેશ ધારો કે નહાવા જાય એટલા સમયમાં પણ...એટલો એકરાર તો થઈ શકત. જુઓને (ગુલાબદાસ સામું જોઈ) આ ભાઈએ દિવસનો ક્યાં વાંધો રાખ્યો છે? (હસે છે. પેલા બે કાંઈક છોભીલા પડે છે. ત્યાં યશવંત પંડ્યાને આવતા જોઈ રાહત અનુભવે છે.)

[યશવંત પંડ્યા—કાળી વાંકી ટોપી. એ જ રંગની શેરવાણી અને શેરવાણીમાં માંડમાંડ માય એવી શરીર-સમૃદ્ધિ. એ ગંભીર રહીને બોલે ત્યારે જાણવું કે હવે તમારો પેટ પકડીને હસવાનો વારો આવ્યો છે. એ ચશ્માં સાફ કરતાં હસે ત્યારે સમજવું કે તમારું આવી બન્યું છે. એ તમને હસાવ્યા જ કરે તો તમારા જેવું કોઈ સદ્‌ભાગી નહિ]

યશવંત: શેનો વાંધો ને શેનો વચકો છે?

લતા: (તીણી નજરે ટીકી રહી) જુઓને એક જણ કહે છે લતા ન બોલી. બીજો કહે છે, ન બોલી ન ચાલી

યશવંત: ખોટી વાત! લતા ચાલી એમ મારે બેધડક કહેવું પડ્યું તેથી તો.

લતા: સારું થયું કે લતા બોલી એમ પણ તમે ન કહ્યું.

યશવંત: શા માટે કહું?

લતા: કેમ?

યશવંત: લતાની જીભને બોલવાની શી જરૂર? ઘણું યે લતાનું શરીર ધીરે રહીને બોલશે. જોવું હોય તે ધીરજ રાખે ને જુએ.

લતા : (હસી પડીને) કેવું કેવું બોલો છો તમે ? પણ ભલા, મને માતૃત્વ મળવાનું છે એની ખબર મારા કરતાં તમને ક્યાંથી વહેલી પડી ?

યશવંત : (ગંભીરપણે) એટલે ? તમે મારી જવાબદારી તો નથી લેખતાં ને ?

લતા : (ફરી હસી પડી) બસ, એ જવાબદારીની જ રામાયણ છે તો !

યશવંત : ના એમાં રામાયણ શી છે ? તમારે માટે ! મેં તો, પ્રાણલાલભાઈનો આશ્રમ છોડતાં નિરંજને ક્યાં જવું છે એમ તમને પૂછ્યું ત્યારે, તમારે મોંએ કહેવડાવ્યું છે કે 'બીજે ક્યાં–બાળકના પિતાને ત્યાં !'

લતા : પણ એ બાધો શું સમજ્યો ? એ તો સુરેશ પાસે મારે જવું છે એમ માની લઈ હાથ ખંખેરીને છેટો રહ્યો.

યશવંત : તમે એને બાધાઈ કહો છો ?

લતા : ત્યારે શું પુરુષની ખુટલાઈ ?

યશવંત : મારાથી એમાં હા કેમ ભણાય ? પણ નિરંજન ભલેને અવળું સમજ્યો. મારી જો કાંઈ ગેરસમજ થતી હોય તો કહો.

લતા : (હસીને) તમે આમાં આવો છો જ ક્યાં ?

બે જણ : (પ્રવેશીને) આ આવ્યા અમે.

[ત્યાં હાથમાં હાથ ઝાલીને રમણ સોની અને ભોગીલાલ ગાંધી આવે છે. રમણ સોની એટલે અરબી લિપિનો પ્રથમાક્ષર (અલેફ)–સીધો, સોટા જેવો, પાતળો, સરળ અને ગમે તેવા વક્રાક્ષર સાથે સહેલાઈથી ભળી જાય એવો. ટોપી, પહેરણ અને લેંઘો. એક બાંયમાં જ બંને પગ ભેરવ્યા હોય એવું લાગે એટલી કૃશતા. ભોગીલાલ: અર્ધી બાંયનું–કદાચ આખું હોય તો પણ અર્ધી ચડાવેલી બાંયનું–પહેરણ. પણ એ ઉપરથી તમારી સાથે ઝઘડવા આવે છે એમ રખે માની

બેસતા–અથવા તો ઘોઘરા અવાજે બોલે એથી પણ. મણુયના પણ એમના એ જ ઈલાજ છે. ટૂંકી, સુકલ, ખડતલ, બરછટ આકૃતિ. એ જોઈ એમણે કવિતા માટે પસંદ કરેલા ઉપનામ 'ઉપવાસી'ની સાર્થકતા એકદમ સમજાઈ જાય છે]

લતા : આવો, આવો. તમે પણ આવો !

ભોગીલાલ : (ચોંકીને) કોણ? બિરાદર લતા ?

રમણ : ભોગી, તું 'બિરાદર' કહે છે પણ લાગે તો છે શરદબાબુના સાહિત્યિક ઝનાનાનું કોઈ પંખી.

અવાજ : અલ્યા ગલ્બા, અહીં જ છે કે ?

ગુલાબદાસ : હા. મદદ કરૂં કે ? હાથ ઝાલો મારો !

અવાજ : તારો ?

[ચંદ્રવદન પ્રવેશે છે. ચંદ્રનો ખ્યાલ કરી એમના વદન સામું જોશો નહિ. એના પહેરણને બે ટાઈ જેવું કાંક લટકે છે પણ તે એની અટક બેટાઈ છે એટલા ખાતર નહિ. આંખે ગૉગલ્સના ડાબલા. છૂટી પાટલીની ધોતિયું. ચાલે ત્યારે ખભા હાલે]

ચંદ્રવદન : રસ્તો બરાબર સૂઝતો નહોતો ને તું ક્યાંઈ દેખાય નહિ ! આ આંખની પંચાત !! (ચારે તરફ જોઈ) આ લીલી સાડીમાં કોણ છે ?

લતા : કેમ આંખે બરોબર સૂઝતું નથી ને મને ક્યાંથી જોઈ લીધી ?

ચંદ્રવદન : ચંદ્રવદન આવું બિલ્લું તે ચૂકે કે ?

લતા : બીજું તો કાંઈ ચૂકતા નથી ને ? (હસે છે)

ચંદ્રવદન : (ચારે બાજુ વારંવાર નજર કરી) અરે આ તો બ્રોકર, ગાંધી, લવાર, સોની, અઢારે વરણનો શંભુમેળો ભેગો કરીને બાઈ સાહેબ બિરાજ્યાં છે ને ?

યશવંત : એકાદ ખૂટે છે.

ચંદ્રવદન : અલ્યા, પંજો પણ છે કે ? ત્યારે તો ભાગું અહીંથી.

લતા : બરાબર નિરંજન જેવું બોલે છે !

યશવંત : નિરંજન! પોતાની જવાબદારી નથી એમ બેધડકપણે એ જ કહી શકે !

લતા : આ બિરાદર ભોગીને જ પૂછો ને. કેમ બિરાદર, બાળકનો પિતા સુરેશ છે એમાં તમને રજ માત્ર શંકા છે? મને એ થાય છે કે તમને લોકોને આવી બાબતોની પણ ક્યાંથી ખાતરી થતી હશે !

ચંદ્રવદન : પણ તમને તો થવી જોઈએ ને ?

લતા : મને ? (નિસાસો નાખે છે.)

યશવંત : સ્ત્રીને.

લતા : (આંખો વિસ્તારી) હા. સ્ત્રીને પણ ખાતરી...

સુન્દરમ્ : બોલો, બોલો, શું ?

લતા : (કઠોર મુખાકૃતિ કરી) સંજોગો ઉપર આધાર છે.

[એનું શરીર તણાય છે ને ઢળી પડે છે. ચંદ્રવદન મદદ કરવા જાય છે ત્યાં એને લતાનો પગ વાગે છે]

યશવંત : લો ! આ એક જણ લતાનો હાથ ઝાલવા ગયો ને એને લત્તા મળી !

ચંદ્રવદન : હવે છોડ તારૂં ડહાપણ. અલ્યા સુન્દરમ્! શું જોઈ રહ્યો છે ?

[લતાનું માથું પોતાના ખોળામાં મૂકવા કરે છે ત્યાં...]

સુન્દરમ્ : કેમ ? લો, આ છત્રી ચાલશે ? માથા નીચે ?

[છત્રી ઓશીકા તરીકે ગોઠવી દે છે]

ચંદ્રવદન : (આઘો ખસી) જાણ્યો હવે, ઠોયો ધરીને ઊભો રહ્યો તે ! પાણી લાવ, પાણી !

યશવંત : આંખમાં ?

સુન્દરમ : આવા માટે ?

[ત્યાં જેઠાલાલ ત્રિવેદી પ્રવેશે છે. મેલખાઉ રંગનો અર્ધો કોટ, કચ્છ વાળેલું ધોતિયું, માથે કાળી ટોપી, પગે દોરીવાળા મોટી ટોના બૂટ. પાસે આવે ત્યારે કોઈ ઉધરાણી કરવા આવ્યું કે શું એવું તમને થશે, પણ રજવાડાની નોકરીના ઢસડબોળા વચ્ચે પણ ઉત્સાહ અને કાવ્યતરંગ કેમ ટકી શકે છે એનો ખ્યાલ આપવા જ એમનું આવવું થયું છે એમ માનશો.]

ચંદ્રવદન : અલ્યા, ઠીક આવ્યો તું, જેઠા. કયાંક નળ જોઈ પાણી લઈ આવ તો.

જેઠાલાલ : અહીં હશે નળ ?

ચંદ્રવદન : તે જો એટલે જડશે. અહીં દોડયો દોડયો આવ્યો છે તે! ગાડીમાં એક જરી ઓળખાણ થઈ એટલા ઉપરથી રમણિયો, ભોગીઓ ને બધા આવતાકને ચોંટ્યા છે! જીવ લેવા! (લતાને માથે પંપાળે છે) તું ગભરાઈશ નહિ, લતુ. કુસુમડીનું તો પેલો વેવલો મોહનલાલ ટી. ટી. છે ને તેની જોડે લાકડેમાંકડું વળગાડી દઈશું.

ગુલાબદાસ : લો, આ રુમાલ પલાળી લાવ્યો છું. લાવો, લગાડું.

ચંદ્રવદન : (રુમાલ લઈ લેતાં) ને હું શું કરીશ ? (આંખે મોંએ ભીનો રુમાલ ફેરવે છે.)

લતા : (અર્ધ બેભાનમાં તૂટક અવાજે) પ્ર...પ્ર...પ્ર...પ્રાણ...

[અટકી જાય છે]

યશવંત : (ચંદ્રવદનને) તને બોલાવે.

ચંદ્રવદન : શું પ્રાણ... ?

લતા : પ્રા...ણુલાલ...ભાઈ...

[બધા ખડખડાટ હસી પડે છે]

ચંદ્રવદન : (હસતો હસતો) અલ્યા, પંડ્યા, આ પ્રાણુલાલભાઈ તેં આખું ગુજરાત ગોતીને ગજબનું ઘુવડ શોધી કાઢ્યું છે! મને તું એમાં મારી ગયો!

લતા : ભાઈ...ના આશ્રમમાં ખોટેખોટાં પણ પતિપત્ની...

[બધા શાન્ત થઈ જાય છે. લતા જરીક અટકીને એકીશ્વાસે બોલ્યે જાય છે]

...રૂપે રહ્યાં એ દિવસ પાછા ક્યાં દેખવા મળશે?

સુન્દરમ્ : જોયું? સુરેશથી મેં અમથી છૂટી નહોતી પાડી! સુરેશ એના જીવનમાંથી ભૂંસાઈ જ ગયો છે.

લતા : (બેભાનમાં જ) સમાજના ને લગ્નસંસ્થાના ડરથી સુરેશની મારા શરીરને રોમેરોમ જાણે મને ચોકી દેખાતી અને ઘડાતી શેર માટીએ એની આકૃતિ ધારણ કરી. કહે છે ને કે વર મરી ગયા પછી પણ ચિંતવન કરો તો એની આકૃતિ અન્યથી મળેલા બાળકમાં પણ ક્યાં નથી ઊતરતી?

[સૌ અવાક્ થઈ જાય છે]

ગુલાબદાસ : (ન રહેવાતાં) લતા, લતા, શું બોલી? લતા, આ તું બોલી?

અવાજ : કોણ શું બોલી?

[રમણલાલ દેસાઈ પ્રવેશે છે. કોટપાટલૂનમાં. સુઘડ અને સૌમ્ય. હાથમાં ટોપી. માથા વચ્ચોવચ સેંથો—જેને નાજુક તાલ પણ કહી શકો. હમણાં જ બ્લડબૅન્કમાં લોહી આપી આવ્યા હોય એવા ફીકાફચ. છતાં મૂંગા તેજ અને તાપની આંખો કમી વરતાવા દેતી નથી. શાંતપ્રતાપનો નમૂનો. એ જમીન તરફ માથું હલાવે તેમાંથી એમની ખાસિયત પકડવા

ગયા તો આ ભવમાં તો એને પામી શકશો નહિ. તેને માટે એમની આંખોને છેડેની કરચલિઓ ઉપર નજર રાખવી]

રમણલાલ : (ચાપીચીપીને, ભવાં ઊંચાં કરી) અરે! આ તો લતામંડપનો સીન પડી ગયો છે ને! ચંદ્રવદન, તમારે તો દુનિયા એક નટઘર જ. શું છે આ બધું?

જેઠાલાલ : જુઓને સાહેબ...

રમણલાલ : (ડોકું નીચું હલાવી, મધુરતાથી) અહીં પણ સાહેબ?

જેઠાલાલ : (હિંમતભેર મલકાઈ) આ એક રમણી...

રમણલાલ : (ચારે બાજુ નજર કરી, હસવા કરતા) ઓહ! સાત સાહિત્યકારો વચ્ચે એક સ્ત્રી મરી રહી છે.

ચંદ્રવદન : અરે રમણલાલ, તમે પણ ઘયડે ઘડપણ ક્યાં પેલા સુમનરાયની પેઠે આવીને ખોડાયા!!

રમણલાલ : (હસતા હસતા) ઘરડા વગર ગાડાં ન વળે એમ કહે છે તે ખરું પાડીને તમે ખરે જ મને ઘરડો ઠેરવી દીધો છે. નવલકથાની દેવી પણ કેવી છે? તમને આટલા બધાને આટલો બધો શ્રમ આપવાનો હોય? બાકી ટૂંકી વાર્તા તમારા પર બરોબર પ્રસન્ન લાગે છે!

ગુલાબદાસ : ટૂંકી વાર્તા તો અમે...

સુન્દરમ્ : (વચ્ચેથી) ધૂમકેતુને નવલકથા લખતા કરવા માટે જ ઉપાડી હતી.

રમણલાલ : ને આ સળંગ કથા?

રમણ સોની : ધૂમકેતુને ને તમને નાટક લખતા કરવા કદાચ! નવલકથા તો અમારા શરદબાબુ...

ચંદ્રવદન : એઈ, કયો છે એ નાટકવાળો? તે હું શું ઝખ મારીશ?

યશવંત : છોને લખતા.

ચંદ્રવદન : રમણલાલને તો આ ધોળાં ઉપર 'અપસરા—ભાગ પહેલો' ને એવું ચીતરવા દો ! અલ્યા તેં—માફ કરજો હો, તુંકાર એ મારી માન આપવાની રીત છે—કેટલા ભાગ, બારપંદરવીસ, કરવા ધાર્યા છે શું ?

ગુલાબદાસ : લેખકને ઘડપણ કેવુંક ?

ચંદ્રવદન : ચાલીસ પછી, માણસ લેખક હોય એટલા ખાતર ઓછો ભયંકર હોય એવું કંઈ નથી.

યશવંત : ને તે કહેનાર તું કીકા ?

ગુલાબદાસ : ચંદ્રવદન, જે વસ્તુ આપણામાં આપણે ચલાવી લઈએ તે બીજામાં કેમ માફ નથી કરી શકતા ?

સુન્દરમ્ : આ બધી vital ભૂમિકાની લીલા છે ! Supramentalથી કેટલે દૂર ?

લતા : (હોશમાં આવીને) આ ભાઈ શું બોલ્યા ? મને કાંઈક સુપ્રામેન્ટલ અનુભવ જેવું જ થયું લાગે છે.

સુન્દરમ્ : મને કહેવા દો કે જેને વાઈ કહે છે—ફીટ કહે છે—તે જ તમને આવી હતી.

ચંદ્રવદન : હવે છોડીશ લપ !

યશવંત : ફીટમાં કોઈ આખાંનાં આખાં અર્થયુક્ત વાક્યો બોલે છે ખરું કે ?

ચંદ્રવદન : અરે ફીટબીટે નથી, સુપ્રામેન્ટલએન્ટલે નથી. (લતાને) જરી થાક ખાવો હતો ખરું ને, લતુ ? તે આણે (સુન્દરમ્ તરફ જોઈ) ન ખાવા દીધો !

ભોગીલાલ : કોઈ થાક ખાય, કોઈ...

લતા : (વચ્ચે) કોઈ શું ?

રમણ સોની: કોઈ હવા ખાય. (ભોગીલાલ, જેઠાલાલ ને પોતા તરફ આંગળી કરે છે)

કોઈ...

લતા : કોઈ—?

યશવંત : કોઈ માર ખાય. (ચંદ્રવદનની સામે જુએ છે)

ચંદ્રવદન : બેસ હવે ડાહ્યા! (લતાને) એ તો શીટ આવતી વખતે સહેજ તારો—અરે તમારો—પગ મને અડકી ગયો હતો.

લતા : હા...શ ! ત્યારે તો તમને મેં અગાઉથી જ શિક્ષા કરી રાખી છે, નહિ તો આ થાકવાળા આરોપનો જવાબ મારે થાકેલીએ પણ...

રમણલાલ : આરામ પૂરતો ન મળ્યો, કેમ ?

લતા : (હસે છે, બત્રીસે ગણી લો એવું. એના તેજમાં સૌ અર્ધીક ક્ષણ અવાક બને છે) પૂરતો ? (ફરી હસે છે)

[ઉમાશંકર જોષી પ્રવેશે છે. દૂર દૂર, કહો કે દસ માઈલ પછી, મુકામ કરવાનો હોય એટલી ઝડપે. ખોપરી પર બારીક વાળની આછી છત. નાની હડપચી પાછળ ઉપસતી ડોક. પારદર્શક મુખભાવ. પણ એ જ તો મુશ્કેલી. એને ધોતિયું પહેરતાં આ જનમમાં આવડવાનું નથી. એ બોલે તે પહેલાં જ—]

લતા : તમે પણ લેખક છો ?

ઉમાશંકર : વાચક તો છું જ. પણ લેખકો સામે તમને એવડું શું છે ?

ચંદ્રવદન : અલ્યા ઉમા, તું વળી લેખકોનો તારણહાર ક્યાંથી ફૂટી નીકળ્યો ? લોફર ક્યાંનો !

ઉમાશંકર : તારી મરજી એમ હોય તો આ ચાલ્યો હું મારે !

રમણલાલ : એટલા બધા આળા થવાની શી જરૂર છે? વડોદરામાં મેં સ્વાગતવાક્ય નહોતું ઉચ્ચાર્યું કે લોફર હોવું એ પણ એક લહાવો છે?

લતા : જાઉં ત્યારે. તમારા સૌનો આટલોક પરિચય થયો. આભાર! (હાથ ટેકવી ઊઠવા કરે છે) ઘર આગળ કીકી કાંતો જાગી હશે હવે. (ઊભી થાય છે)

રમણલાલ : કીકી? ભાવિ સ્ત્રી. બિચારી!

ચંદ્રવદન : ઉમા, તું આવ્યો છે તો આ બધાને મળ તો ખરો. હું જ જાઉં છું. (લતા તરફ) ચાલો તમારે યે જવું છે ને?

લતા : ચાલો. મારે વાલકેશ્વર...

એક : મારે પણ મોડું થાય છે.

બીજો : કેટલા વાગ્યા હશે? નવા હો!

ત્રીજો : જઈ શકાય હવે?

ચોથો : ચાલો, ચોપાટીનો ભેળ રાહ જુએ છે.

પાંચમો : ચાલો.

[બધા ખસવા કરે છે]

ગુલાબદાસ : જશો ક્યાં? જેને માટે મળ્યા છીએ તે કામ તો હજી આપણું બાકી જ છે–પરસ્પરાભિનંદનનું. (ચંદ્રવદનને હાથ ઝાલી બેસાડે છે) આ લોકોએ વચ્ચે ખલેલ...

ચંદ્રવદન : અલ્યા, ઉમા, બેસ, બેસ.

ઉમાશંકર : હું તો બહારનો છું! (જવા કરે છે) કહો તો તમને સૌને મળવા માટે તો ધસી આવ્યો હતો અહીં. પણ જુઓને, ભેળવાળાને મોકલું અહીં.

ચંદ્રવદન : એ તો ઠીક, પણ પેલું શું છે અલ્યા? લાવ જો!

જેઠાલાલ : ફૂલ!

[ઉમાશંકર પહેરણના ગજવામાંથી ડોકાતું કાગળિયું કાઢીને ચંદ્રવદનને આપે છે]

યશવંત : (કાગળિયાની પોતાની તરફની બાજુએ નજર કરી) એપ્રિલ ફૂલ ? આજનું પહેલી એપ્રિલનું પાનું જ તારીખિયામાંથી ફાડી આણ્યું છે ને?

ઉમાશંકર : એ તો એ જાણે. યુદ્ધ – કરકસર ! કોટમાં હતો ને 'પદ્મ પ્રકાશન'માં ડોકિયું કર્યું તો એણે સ્તો તમારું આ ઠેકાણું આપ્યું ને આ ચિઠ્ઠી વળગાડી કે તમે બધા રાજી હો તો તમારી વાર્તા એને છાપવી છે.

ચંદ્રવદન : જો છપાવીએ તો પ્રસ્તાવના મારી.

ઉમાશંકર : કબૂલ !

યશવંત : કેમ રમણલાલે ક્ષેત્રસંન્યાસ લીધો છે ?

ચંદ્રવદન : નહિ લીધો હોય તો લેવડાવીશું. પણ–(એકદમ કૂદીને ઉમાશંકરના એક હાથમાં અર્ધું છુપાવેલું છે તે ખુલ્લું કરી) હું આ કહેતો હતો. (ઉમાશંકર દૂર ખસે છે)

જ્યોતીન્દ્ર : હું પણ એ જ કહેતો હતો. કમળનું ફૂલ છે તે ને?

ભોગીલાલ : બૂઝર્વા શોખ !

રમણ સોની: ભોગી, તારા શરચ્ચંદ્રી આત્માને જરા પૂછ કે આ તે બૂઝર્વા શોખ છે કે શતદલ પદ્મ !

સુન્દરમ્: જાણે...

રમણલાલ : (વચ્ચેથી) સ્ત્રીનું હૃદય.

લતા : હું આવતી'તી ને મારું જ પડી ગયેલું.

ઉમાશંકર : લેશો ?

લતા : (સાંભળ્યું ન સાંભળ્યું કરી) આ લેખક લોકો શું સમજીને સ્ત્રીની વાત કરતા હશે ?

ઉમાશંકર : જુઓ, હું કાંઈ બોલવા જઈશ તો વળી લેખક જેવો લાગીશ. મારો વાચક તરીકેનો અધિકાર જતો કરવા મારી ઇચ્છા નથી.

લતા : (આગળ ચાલતાં) હવે વાચકો! (શહેર તરફ અને ચોપાટી પર તગતગતા દીવાઓ તરફ ક્ષણેક તાકી રહે છે, ઊંડુંઊંડું ને સ્વપ્નભર્યું) તમારો પણ ફાંકો... !

ઉમાશંકર : કદાચ તેઓ તમને ન્યાય કરે. અને તમને મોટું આશ્વાસન એ નથી લાગતું કે એમનામાં કેટલીક તો સ્ત્રીઓ પણ હશે?...જરી આ બાજુ. આ તમારો રસ્તો !

[અદૃશ્ય થાય છે. લેખકગણ આંખો વિકાસી વિમાસી રહે છે.]

પડદો ઊપડે છે.

૧લી એપ્રિલ, ૧૯૪૪.
અમદાવાદ

: ચન્દ્રવદન મહેતા :

ચન્દ્રનો ખ્યાલ કરી એમના વદન સામું જોશો નહિ. એના પહેરણને બે ટાઈ જેવું કાંક લટકે છે, પણ તે એની અટક બેટાઈ છે એટલા ખાતર નહિ. આંખે ગૉગલ્સના ડાબલા. છૂટી પાટલીનું ધોતિયું. ચાલે ત્યારે ખભા હાલે.

: જેઠાલાલ ત્રિવેદી :

મેલખાઉ રંગનો અર્ધો કોટ, કચ્છ વાળેલું ધોતિયું, માથે કાળી ટોપી, પગે દોરીવાળા મોટી ટોના બૂટ. પાસે આવે ત્યારે કોઈ ઉઘરાણી કરવા આવ્યું કે શું એવું તમને થશે, પણ રજવાડાની નોકરીના ઢસરડાઓ વચ્ચે પણ ઉત્સાહ અને કાવ્યતરંગ કેમ ટકી શકે છે એનો ખ્યાલ આપવા જ એમનું આવવું થયું છે એમ માનશો.

: રમણલાલ દેસાઈ :

કોટપાટલૂનમાં. સુઘડ અને સૌમ્ય. માથા વચ્ચોવચ સેંથો – જેને નાજુક તાલ પણ કહી શકો. હમણાં જ બ્લડ બેન્કમાં લોહી આપી આવ્યા હોય એવા ફીકાફચ. છતાં મૂંગા તેજ અને તાપની આંખો કમી વરતાવા દેતી નથી. શાંત પ્રતાપનો નમૂનો. એ જમીન તરફ માથું હલાવે તેમાંથી એમની ખાસિયત પકડવા ગયા તો આ ભવમાં તો એને પામી શકશો નહિ. તેને માટે એમની આંખોને છેડેની કરચલિઓ ઉપર નજર રાખવી.

: ઉમાશંકર જોષી :

દૂરદૂર, કહો કે દસ માઈલ પછી, મુકામ કરવાનો હોય એટલી ઝડપ. ખોપરી પર બારીક વાળની આછી છત. નાની હડપચી પાછળ ઊપસતી ડોક. પારદર્શક મુખભાવ. પણ એ જ તો મુશ્કેલી. એને ધોતિયું પહેરતાં આ જનમમાં આવડવાનું નથી.